પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

## ॥ ૩૯ ॥

શ્રી નમસ્કાર મહામંત્ર




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી


સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત


**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ, આકાશ - એ
પાંચ તત્ત્વોના આધારે ૪૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ |
| ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |
| ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ |
| ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |

હવે એક નવકાર ગણવો.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

|| ૩૯ ||



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

☐ **HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

☐ **VOLUME - 39**

January 2021
300 Copies / 224 Pages
For Private Circulation only.

☐ **PUBLISHER**



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust



Mumbai / Rajkot

team@mindfiesta.com

☐ **SPONSOR**

Shri C. K. Mehta
Mumbai

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

☐ **SHRI AARADHNA DHAM JAIN TIRTH**


C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


☐ **ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



## ધર્મવૃક્ષના મૂળમાં દયા હોવાથી ધર્મવૃક્ષના ફળમાં પણ દયા...



'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં આ અપૂર્વ ગ્રંથોમાંથી આપણે સૌ સાધકો સર્વ નયોથી ભરપૂર અગણ્ય ચિંતનો છેલ્લા સાડા ત્રણ વર્ષ જેટલા સમયથી એટલે કે અંતિમ ૩૮ ભાગમાંથી પામી રહ્યા છીએ, તે આપણું સુસૌભાગ્ય છે. પૂજ્ય સાહેબજી આત્મા સંબંધી જ વિચારણા સદા કરતાં રહ્યા છે, તેમાં આજે દયા વિશે નવું ચિંતન વાંચ્યુંઃ

"દયા ભાવ જ સર્વનો આત્મા છે. દયાનો ભાવ ક્ષણવારમાં, સર્વ જીવોના અંતરાત્મામાં ભળી જાય છે. દયાનો ભાવ એ તાત્ત્વિક અને તાત્કાલિક મોક્ષ છે, મોક્ષસુખનો આસ્વાદ કરાવનાર છે. આ વિચાર સૂક્ષ્મ છે અને તે સમજાઈ જાય તો ધર્મનું હૃદય હસ્તગત થયું કહેવાય. દયાથી જ મનુષ્યપણું, ધર્મશ્રવણ, ધર્મશ્રદ્ધા અને ધર્મવીર્ય પ્રકટે છે. 'પાક્ષિક સુત્ર'માં દયાધર્મને 'अहिंसा लक्खणो' અર્થાત્ અહિંસારૂપી લક્ષણવાળો કહ્યો છે. એ રીતે બધા જ ગુણો દયાસ્વરૂપ છે અર્થાત્ સર્વ ગુણો દયાનાં જ ભેદ તથા પ્રભેદો છે. દયાભાવને ટકાવવા જ તેને 'ગુણો' તરીકે ઓળખાવ્યા છે.

દયાધર્મ વડે બધા જ જીવોને દુર્ગતિમાં પડતાં બચાવીને સદ્ગતિમાં લઈ જવાનું કાર્ય શક્ય બને છે. મોક્ષપર્યંત જીવને પહોંચાડવાનું સામર્થ્ય પણ દયાધર્મમાં છે. દ્રવ્યઅનુષ્ઠાન તે બિન્દુ છે અને તેમાં રહેલો દયાભાવ એ સિંધુ છે, દયા એ આનુગામિક છે. દયાભાવ દ્રવ્યઅનુષ્ઠાનને ભાવઅનુષ્ઠાન બનાવે છે. દયારૂપી અનુષ્ઠાનની પરિપૂર્ણતા દયા કરવા, કરાવવા અને અનુમોદવા વડે થાય છે. કરવું તે બિન્દુ છે, કરાવવું તે સિંધુ છે અને અનુમોદવું તે સાક્ષાત બ્રહ્મરૂપ છે.

અરિહંત અને સિદ્ધનું વીતરાગસ્વરૂપ છે, સાધુનું નિર્ગ્રન્થસ્વરૂપ છે અને કેવલિકથિત ધર્મનું દયામયસ્વરૂપ છે. ધર્મ એ ધ્રુવ છે, નિત્ય છે, અનંત અને સનાતન છે. તેનું પ્રધાનલક્ષણ દયા છે. નિર્ગ્રન્થતા (સાધુધર્મ) એ પ્રયત્નસાધ્ય દયાનું સ્વરૂપ છે અને વીતરાગતા એ સહજસાધ્ય દયામયતા છે. દયા સર્વમાં મુખ્ય છે, પછી તે ધર્મ કે ધર્મને સાધનારા સાધુ હો કે સાધુપણાના ફળસ્વરૂપ અરિહંત કે સિદ્ધ પરમાત્મા હો.

ધર્મવૃક્ષના મૂળમાં દયા છે, તેથી ધર્મવૃક્ષના ફળમાં પણ દયા જ પ્રકટે છે. સાધુ દયાના ભંડાર છે, તો અરિહંત અને સિદ્ધ એ દયાના નિધાન છે. દયાવૃત્તિ અને દયાની પ્રવૃત્તિમાં તારતમ્યતા ભલે હો પણ બધાનો આધાર એક દયા જ છે, તે સિવાય બીજું કશું જ નથી. દયાલક્ષણ ધર્મ એ રીતે અપ્રશસ્ત રાગ-દ્વેષનું શલ્ય દૂર કરવામાં સાધનરૂપ બનીને, જીવને સદા રાગ-દ્વેષરહિત વીતરાગ અવસ્થા પમાડનાર થાય છે. દયાપ્રધાન ધર્મનું પ્રથમ ફળ નિર્ગ્રન્થતા અને અંતિમ ફળ વીતરાગતા છે.''

આવા અનેક વિષયો ઉપરના અદ્ભૂત ચિંતનો દ્વારા એક - એક પદાર્થને આપણે આત્મસાત્ કરવાના છે. હવે તો એવું બન્યું છે કે કેટલાક તત્ત્વજિજ્ઞાસુ પુણ્યાત્માઓ મહિને મહિને રાહ જોતાં જ હોય છે કે ક્યારે 'હસ્તાક્ષર...' આવે અને તેનું આચમન કરીએ! આ ખજાનો આપણા સુધી પહોંચતો કરવાનું સદ્ભાગ્ય મુંબઈ-વડોદરાના પરમ ગુરૂભકત અર્થસારથિ **સી.કે.મહેતા**ને ફાળે જાય છે અને તેમાં સહિયારો અપૂર્વ સાથ છે અમારા રાજકોટનાં સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ એવા સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા** તથા તેમનાં શ્રદ્ધાસંપન્ન - ભાવસંપન્ન જૂથનો.

આ ૩૧ જેટલા ભાગ્યશાળી આત્માઓ દ્વારા લગાતાર રફતારથી ચાલતી તથા આ હસ્તાક્ષરો દ્વારા દોડતી અધ્યાત્મની આ અદ્ભૂત આગગાડીએ તો કેટલાય અગણિત ભવિજનોના જીવનને અધ્યાત્મના માર્ગે દોડતાં કરી દીધા છે! આપણે પણ એ ભાવોની સ્પર્શના કરવા સદ્ભાગી બનીએ. ॥ શુભમ્ ભવતુ ॥

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

જાન્યુઆરી, ૨૦૨૧

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





અસિત ગિરિ સમં સ્યાત્ કજ્જલં સિન્ધુપાત્રે
સુર તરુવર શાખા લેખિની પત્રમુર્વી ।
લિખતિ યદિ ગૃહીત્વા શારદા સર્વકાલં
તદપિ તવ ગુણાનામીશ પારં ન યાતિ ॥

## મંગલાચરણનું માહાત્મ્ય

મંગળ = પાપને દૂર કરનાર, પવિત્ર નામ.

વિઘ્નનાશનું અસાધારણ કારણ, તે અહીં પ્રકરણું છે.

(૧) આશીર્વાદાત્મક મન - વચન - કાયાનું કર્મ

(૨) પોતાની ન્યૂનતાનું બોધક (૩) વસ્તુ નિર્દેશાત્મક.

પરમાત્માની પરાકાષ્ઠાનું સર્જન તે 'વીર' છે.

મંગલાચરણમાં ઈશ્વરની અબાધિત સત્તાનો સ્વીકાર છે.

મંગલાચરણથી ઇષ્ટદેવ પ્રત્યેની ભક્તિનો ઉદય થાય છે.

તેમને શાંતિ અર્પવાનો સુયોગ પ્રાપ્ત થાય છે.

જેનું જીવન મંગળમય, તેને નમવાથી મંગલાચરણ થાય.

મંગળનું અનંતર ફળ વિઘ્નધ્વંસ, પરંપર ફળ કાર્યની સમાપ્તિ છે. મંગલ - કલ્યાણ સ્વરૂપ એવા પ્રભુનું સ્મરણ કાર્યમાત્રના પ્રારંભમાં શિષ્ટપુરુષોનું આચરિત છે.

પરાત્પર પરમેશ્વરના અસીમ મહિમાનું ભાન કરાવનાર ગુરુને કૃતજ્ઞ મનુષ્ય કદી ભૂલતો નથી.

भगवत्वन्दनं स्याद्, गुरुवन्दनपूर्वकम् । અર્થાત્:

ગુરુવંદનપૂર્વક પ્રભુને વંદન થાય, તો તે સફળ બને.

'गुकारोऽन्धकारश्च रुकारस्तन्निवर्त्तकः ।' અર્થાત્:

ગુ = અંધકાર, રુ = દૂર કરનાર. ગુરુ એ પરમ મંગળરૂપ છે.

<u>મંગળરૂપ ભાવના</u>

सर्वस्तरतु दुर्गाणि सर्वो भद्राणि पश्यतु ।
सर्वः सर्वमवाप्नोतु सर्वः सर्वत्र नन्दतु ॥

સર્વના વિઘ્નોનો નાશ કરવાની ભાવના મંગળરૂપ છે.
સર્વના કલ્યાણની કામના એ મંગળરૂપ છે.
'સર્વની સર્વ ઇચ્છાઓ પૂર્ણ થાઓ અને
સર્વત્ર સર્વ ભલો આનંદ પામો'
એ ભાવના, એ ભાવનાને ભાવનારા,
એ ભાવના મુજબ જીવન જીવનારા અને એ ભાવના
મુજબની આજ્ઞાનું આરાધન કરનારા તીર્થંકરો, ગણધરો,
મુનિવરો અને એમનું અનુષ્ઠાન એ મંગળ છે.
ૐ એ એકાક્ષર બ્રહ્મ અથવા નાદબ્રહ્મ છે.
વેદ અને વર્ણોનો આવિર્ભાવ એમાંથી થયો છે.

सर्वे वेदा यत्पदमामनन्ति, तपांसि सर्वाणि च यद्वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति,
तत्ते पदं संग्रहेण ब्रवीमि ॥ ॐ इत्येतत् । <u>અર્થાત્</u>:

વેદમાત્ર જે પદ ગાય છે, તપસ્વીમાત્ર જેનું રટણ કરે છે
તથા જેની પ્રાપ્તિ માટે બ્રહ્મચારીઓ બ્રહ્મચર્ય સેવે છે,
એ પદ સંક્ષિપ્તમાં કહું તો ૐ છે.

આત્મા રથિ છે, બુદ્ધિ સારથિ છે.

आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु,
बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ।
इन्द्रियाणि हयानाहुः विषयांस्तेषु गोचरान्
आत्मेन्द्रियमनोयुक्तो भोक्तेत्याहुर्मनीषिणः ॥

- <u>कठोपनिषद्</u>

'મંત્ર' એટલે ભગવદ્ભાવ ઉદ્દીપક ભાષા.

સદ્ગ્રહ - સત્સંગ્રહ એ મહાતત્ત્વાર્થ છે.

જેમ ફૂલોનો સાર મધ, દૂધનું સત્ત્વ ઘી અને રસનો સાર દૂધ છે, તેમ સર્વ શાસ્ત્રોનો સાર નમસ્કાર છે.

નમસ્કાર મંત્રથી મસ્તકમાં સદ્વિચાર અને હૃદયમાં સદ્ભાવ પેદા થાય છે તથા સદ્ભાવનાની વૃદ્ધિ થવાથી અનાયાસે સુખ - સૌભાગ્યની વૃદ્ધિ થાય છે.

લક્ષ્મી, વિજય, વૈભવ અને ન્યાય ક્યાં રહે ?

જ્યાં આત્મહિત કરવાવાળા ભગવાન છે તથા
જાગેલો કે પુરુષાર્થ કરનારો જીવ છે,
પોતાના મનની લગામ સોંપી દેનારો અને
ભગવદ્ ઈચ્છાને આદરનારો જીવ છે,
ત્યાં જ લક્ષ્મી, વિજય, વૈભવ અને ન્યાય છે.

## જયસિદ્ધિનાં ૫ ચિહ્નો

(૧) જ્ઞાનની ઉજ્જ્વળતા (૨) કષાયની મંદતા
(૩) પરિણતિની નિર્મળતા (૪) તત્ત્વની રમણતા
(૫) પ્રકૃતિની પ્રભુતા.

## કોનું ધ્યાન - શેનું નાશક ?

(1) સિદ્ધનું ધ્યાન = જીવતત્ત્વ (અભવનાશક).
(2) અરિહંતનું ધ્યાન = પુણ્યતત્ત્વ (પાપનાશક).
(3) આચાર્યનું ધ્યાન = સંવરતત્ત્વ (આશ્રવનાશક).
(4) ઉપાધ્યાયનું ધ્યાન = નિર્જરાતત્ત્વ (બંધનાશક).
(5) સાધુનું ધ્યાન = મોક્ષતત્ત્વ (સંસારનાશક).

## પંચપરમેષ્ઠિ એ જ આપણો પરિવાર

અરિહંતોનો ઉપકાર = માતા, સિદ્ધોનો આધાર = પિતા, આચાર્યોનો આચાર = કાકા, ઉપાધ્યાયનો વિચાર = મામા, સાધુઓનો સહકાર = બંધુ. શિવમસ્તુ સર્વ જગતઃ।

અનુભૂતિ એ ચક્ષુ છે, આગમ એ અંજન છે અને તર્ક એ દીપક છે. ભગવાનનું સમકીત એટલે શિવમસ્તુ સર્વ જગતઃનો શુભ આત્મપરિણામ. સર્વ જીવોને આત્મતુલ્ય જોવા, જાણવા, ભાવવાનો પરિણામ અથવા આત્માના પ્રત્યેક ગુણ અને પર્યાયમાં રહેલ

આત્મદ્રવ્યને જ જોવા, જાણવા અને ભાળવાનો પરિણામ.
અનેકમાં એકત્વનો પરિણામ એ સત્ શ્રદ્ધા સ્વરૂપ છે.

'અનેક જીવોમાં એક જીવત્વ રહ્યું,
અનેક ગુણપર્યાયોમાં અનુસ્યૂત એક દ્રવ્યત્વ રહેલું છે'
એવું ભાન રહે, શ્રદ્ધાન એ પ્રભુનું આપેલું સમકીત છે,
જે ગુણરત્નોનું નિધાન તથા સકલ ધર્મવૃક્ષોનું મૂળ છે.

સર્વ જીવોની સાથે આત્મતુલ્ય પરિણામ અને
સર્વ આત્મગુણોની સાથે તાદાત્મ્ય પરિણામ અનુભવવો,
એ સમ્યક્ત્વનું ધ્યેય છે.

'પ્રકૃતિનો અંતિમ હેતુ સદા પરમ કલ્યાણકારી છે' એ શ્રદ્ધા કદી ચલિત ન થવા જોઈએ, એ શ્રદ્ધા ચલિત થવા એ પ્રકૃતિનો અક્ષમ્ય રાજદ્રોહ - highest trison છે.

## જડતા એટલે શું ?

મનુષ્યની નજરમાં વસેલા દેવને પ્રાર્થના કે પૂજા વિના કોઈ શંખ કે શાલિગ્રામ, દેવ - દેવીની પૂજા, આપણને એવી શક્તિ આપી દે કે જે વડે આપણે જગત મનુષ્યો ઉપર આધિપત્ય ભોગવશું, તેમને આપણા તાબેદાર બનાવશું, ધન - વૈભવ - પ્રતિષ્ઠાની પ્રાપ્તિમાં વિઘ્નો કરતાં આપણો બચાવ થઈ જશે, એમ માનવું એ એક પ્રકારની જડતા જ નહિ તો બીજું શું છે?

માણસ પોતાને ઈશ્વરનું સર્જન માને, સચ્ચિદાનંદનો આશિર્વાદ માને અને સાથોસાથ બાળકોને, બાળ માનવીઓને પોતાના 'અહં'ને રીઝવવાનાં રમકડાં માને, એનું જ નામ સ્મૃતિભ્રંશ - બુદ્ધિનાશ - મહામોહવિમૂઢતા છે અને એનું જ નામ મહાપ્રમાદ અને પ્રજ્ઞાપરાધ છે.

એ દૃષ્ટિ વિના નિષ્કામ કર્મ કે અનાસક્તિ યોગની વાતો એ કેવળ વાતો જ છે. માનવી એક તરફ પોતે અને પોતાની સુખસગવડ અને બીજી તરફ એ સુખસગવડોની બાંહેધરી આપનાર કોઈક મોટી દૈવીશક્તિ, એ બે ઘંટીના પડ વચ્ચે એવો પીસાઈ ગયો હોય છે કે આસપાસના બાળ માણસો તરફ 'માણસો' તરીકે જોવાની પણ તેને ફુરસદ જ મળતી નથી. બાળ માણસોનું તેને મન એક જ પ્રયોજન હોય છે, એક જ અને અત્યંત અગત્યનું એ પ્રયોજન તે તેના પોતાની સુખસગવડતાઓનું સાધન બનાવવાનું! સાધારણ માણસનું સ્વત્વ પ્રત્યે આ વલણ હોય છે. આ વલણનું એક જ પરિણામ આવી શકે અને તે પરસ્પર સંઘર્ષ, વિદ્વેષ, લડાઈ, ઝઘડાના જે ભાગ અને તેનું તાત્પર્ય છે શોષણ તથા માનવતાનો હ્રાસ.

'ઈશ્વર બધે જ છે અને માનવાત્માઓમાં તે છે' એ ભાવભાન તેને મળે, ત્યારે જ પરસ્પર પ્રેમ, સદ્ભાવ, સ્નેહ, સહાનુભૂતિ, કરુણાદિ દૈવસંપત્તિઓ દોડી આવે.

એ રીતે ઈશ્વરભક્તિ અને વિશ્વપ્રેમ પરસ્પર પૂરક બનીને સર્વ સાત્ત્વિક સદ્ગુણોનો વિકાસ સાધે છે.

ઈશ્વરનો અને અન્ય સર્વ જીવોનો ઉપયોગ પોતાનાં જ સુખ - પોતાની સગવડ માટે જ ઈચ્છવો અને કરવો અને બીજાનો વિચાર સુદ્ધાં ન કરવો, એના જેવી મૂઢતા, અંધતા કે જડતા બીજી એકે પણ નથી.

જેને બહુ પોતાનું સુખ ઈષ્ટ હોય,
તેને તે માર્ગે સુખ શોધવાના બદલે

જેવું સુખ અને જેવી સગવડ પોતાને જોઈએ, તેવું જ સુખ - તેવી જ સગવડ અન્ય સર્વને જોઈએ છે, તેથી તે સર્વ પ્રત્યે આત્મસમભાવ કેળવવો અને સર્વ પ્રત્યે સમાન ભાવવાળા ઈશ્વરને 'સર્વના સુખ આપનાર છે' એ રીતે પૂજવા, એજ સાચો માર્ગ છે અને એ માર્ગે ચાલનાર જ સુખ અને શાંતિ ભોગવનાર બની શકે છે.

જે મનુષ્ય સદા યે પોતાનું જ ચિંતે છે,
પોતાના અહંકારનો જ બસ ધ્યેય તે માટે મથે છે,

તે સ્વાર્થી માણસના મનમાં પ્રેમનો ઉદય થતો નથી,
ત્યાં પ્રેમનો સૂર્ય સદાયે વાદળાંઓથી ઘેરાયેલો રહે છે.

## પ્રેમનું બીજું નામ

નિષ્કારણ કરુણા કે પ્રેમસ્વરૂપ પરમાત્મા છે, કારણ કે
તેઓ વિશ્વ પ્રત્યે અહૈતુકી કૃપા વરસાવ્યા કરનારા છે.
તેમની સાથે લીન થવા આપણે સ્વાધીન થવું પડશે.
સ્વાધીન થયા વિના સ્વાધીન સાથે સંબંધ જોડી ન શકાય.
તેથી જ ત્યાગ સાથે પ્રેમનો અત્યંત નિકટનો સંબંધ છે.
ત્યાગસ્વરૂપ પરમાત્મા સાથે સંબંધ બાંધવા માટે પોતે
ત્યાગસ્વરૂપ થવું પડે. જેટલા અંશે ત્યાગસ્વરૂપ થઈ
શકાય, તેટલા અંશે પ્રભુ સાથે નિકટતા સાધી શકાય.

The ultimate aim of the mother
Nature is to lead the human
being towards purification & perfection.

પ્રકૃતિના તાત્કાલિક હેતુઓ આપણે સમજી શકીએ નહિ,
તો પણ જો તેના અંતિમ હેતુમાં શ્રદ્ધા હશે,
તો તાત્કાલિક હેતુઓ પણ ભવ્ય અને સમૃદ્ધ લાગશે.

આ સૃષ્ટિમાં સાધુ - સંતોનો નિવાસ છે,
એ એક જ વાત જીવનને જીવવા જેવું કરી મૂકે છે.

'ચારેબાજુ પ્રકાશ, પ્રકાશ અને પ્રકાશ જ છે'
એટલું ભાન જાગે છે. ચિંતન દ્વારા ઊંડાણ આવે છે.
તે દ્વારા વિશ્વવ્યવસ્થાની સૂક્ષ્મતમ સીમાઓથી સુદૂર
અવકાશકાળને ઓળંગીને જવાય છે.

ચિંતન દ્વારા વસ્તુના અમાપ ઊંડાણમાં જઈ શકાય છે.
પ્રકૃતિની પ્રત્યેક નાની - મોટી કૃતિમાં અગાધ ઊંડાણ છે.
વિધિના આ મહાશાસ્ત્રની સર્વોપરી મહત્તાનો
વિચાર કરતાં કરતાં જ્યારે એ આત્મભાન ભૂલાય છે
અને આશ્ચર્યની ધ્રુજારી ઉઠે છે,
ત્યારે જ જિંદગીનો સાચો રસ અનુભવાય છે.

જિંદગીમાં ૨૫ અબજ વાર હૃદય સંકોચ અને વિકાસને
અનુભવે છે. મગજ લોહી લઈ જતી રક્તવાહિનીઓને
લાંબી કરવામાં આવે તો ૩।। લાખ માઈલ લાંબી થાય
નહીં, ૫૦ વાર પૃથ્વીને વીંટળાઈ શકે. આખા ન્યુયોર્કના
ટેલીફોન વાયરીંગને એક સ્વીચબોર્ડમાં રાખીએ, એવા
૨૦૦૦ સ્વીચબોર્ડ જેટલા મશીનરી એક જ મગજમાં છે.
આગીયાનો ઠંડો પ્રકાશ 1% heat & 99% light.
'આપવાથી મળશે' એ પ્રકૃતિનું સત્ય છે.
પરાર્થ દ્વારા સ્વાર્થની સિદ્ધિ છે.

'આપીને મેળવો' તે પ્રાકૃતિક સત્યને અનુરૂપ થવાનો
પ્રયત્ન કરીશું, તો પ્રકૃતિ પ્રસન્ન રહેશે.

પ્રકૃતિનું આ મહાસત્ય છે કે માતૃહૃદય કેળવો.
આધ્યાત્મિક અર્થ: માતા બનો, જીવન સાર્થક લાગશે.
માનવતા અને માતૃહૃદય - બે એક જ વાત છે.
અહિંસા = સહૃદયતા = સંવેદનતા = માતૃહૃદય.

હૃદયમાં જે ઇચ્છાઓ હોય, તેનું મહત્ત્વ કાર્યો જે
કરીએ છીએ, તેના કરતાં જરા પણ ઓછું નથી.
માનસશાસ્ત્રી કહે છે કે: ભાવનામાં પ્રચંડ શક્તિ છે.
હૃદયની ભાવનાથી મોટી કોઈ તાકાત આ દુનિયામાં નથી.

એવું ઘણું છે, જેની આપણે માત્ર
ભાવના જ રાખી શકીએ છીએ પણ એ ભાવના દ્વારા
આપણા વ્યક્તિત્વનું મૂલ્ય ઘણું જ વધે છે.
બધું જ કંઈ આપણે કરી શકવાના નથી પણ
ભાવનાથી ન ચૂકવું એ વ્યવહારુ માર્ગ છે.

માતૃહૃદય મનુષ્યથી અધિક ભગવાન છે.
Reverence for life એ મનુષ્યનો ઉપાય છે.

ફક્ત ભૂખથી ખાય, ફક્ત તરસથી પીએ અને
ફક્ત થાકથી ઊંઘે, તે ખરું જીવન જીવે છે.

નિરીક્ષણમાં સંગ્રહત્વ નહીં, વર્ગત્વ આવે અને
પરીક્ષણમાં પૃથક્ત્વ નહીં, સમત્વ આવે.
આ સર્વ જ્ઞાનની પ્રક્રિયા છે.
તે માત્ર એક જ પ્રશ્ન નથી ઉકેલી જવા જોઈએ.
આપણા પ્રત્યેક વિચારમાં
પ્રકૃતિનું સત્ત્વ પરોવાઈ જવું જોઈએ,
જેનું નામ Subtle receptivity છે.
'ધ્યાન' એટલે આનંદમય વૃત્તિ.
અધ્યાત્મમાર્ગમાં હર પળે આનંદ જ છે. જીવનની
મશીનરીનો પ્રત્યેક સ્ક્રૂ એવી રીતે ફીટીંગ કરાયો છે કે
જેમાંથી માત્ર આનંદનું જ mass production થાય.
પ્રકૃતિનો પ્રત્યેક પદાર્થ, પ્રત્યેક પ્રસંગો - પાત્ર
અનોખા રસઘટાથી છલકાયેલ છે, સૌ એક એકીકૃત છે.
પ્રકૃતિ ભલે જડ સિદ્ધાંતોનું બંધારણ રહ્યું પણ
રસાનાં રસતમ: । એ રસેશ્વરની છાપ ઝીલવાનો એ
અધિકાર cradle to cremation માત્ર પ્રકૃતિને છે.
માનવ જીવનનું પરમ ગૌરવ, વિશ્વનો અંતિમ હેતુ,
પ્રકૃતિના અસ્તિત્વનો પરમ અર્થ છે: ચિત્તની પ્રસન્નતા.
તેનો ઉપાય એક જ છે અને તે આત્મસમદર્શિત્વ.

Lives of great man all remind us
we can make our lives sublime
and departing leave behind us
footprints on the sands of time.

જે પોતાનો જ વિચાર કરે તે સ્વાર્થ છે.
પરિવારનો વિચાર કરે તે સ્વાર્થ તથા પરાર્થ બંને છે.
જે સમસ્ત સંસારનો વિચાર કરે તે પરમાર્થ છે.
સ્વાર્થ જ વ્યાપક થઈને પરમાર્થ બની જાય છે.
પરમાર્થીને મહાન કુટુંબ હોય છે અને તે 'વિશ્વકુટુંબ.'
આપણે પ્રભુ સાથે આપણું દિલ ખાલી કરવું જોઈએ,
ત્યારે જ પ્રત્યેકના હૃદયમાં આપણો પ્રવેશ થઈ શકશે
અને આપણા હૃદયમાં અન્યનો પ્રવેશ થઈ શકશે.

આવા મનુષ્યનું હૃદય
નિર્મળ, નિષ્કલંક, નિષ્પંક, નિષ્કંપ અને નિષ્કામ હોય.

વેદવાક્યનો સાર - તત્ત્વમસિ।
ચૌદ પૂર્વનો સાર - નમો અરિહંતાણં।

તેથી પરિણામની વિશુદ્ધિ થાય છે,
સંવેગરસની વૃદ્ધિ થાય છે, મોહભાવ ઢીલાઈ જાય છે,
રત્નત્રયીનો લાભ થાય, બોધિબીજની પ્રાપ્તિ થાય છે.
'બોધિબીજ' એટલે સદ્બુદ્ધિનું કારણ.

'સદ્બુદ્ધિ'નો અર્થ 'સર્વ જીવો સુખી થાઓ અને
દુઃખમુક્ત - પાપમુક્ત - કર્મમુક્ત બનો' એવી ભાવના.
જે દ્વાદશાંગીના સ્થાને બિરાજમાન છે,
જે પરિણામની વિશુદ્ધિનું કારણ છે તથા
જૈનાદિ રત્નત્રયી અને તત્ત્વત્રયીનું આરાધન થાય છે,
તે નવકાર મહામંત્રની સાધના છે.
'સંસાર દુઃખરૂપ નથી લાગતો' તેનો અર્થ એ નથી કે
આપણે સંસારમાં દુઃખો જોયાં જ નથી.
ક્ષણે - ક્ષણે નિરંતર અગ્નિના ચાબખા અને
સર્પ - વીંછીના જેવી ડંખો લાગ્યા જ કરે છે,
છતાં સંસાર દુઃખરૂપ કેમ નથી લાગતો ?
એવું થઈ ગયું છે કે આપણી સદ્
બુદ્ધિમાંથી જે માર્ગે હૃદયમાં જાય છે,
તે આખો રસ્તો જ block up કે બંધ થઈ ગયો છે.
માત્ર જાપ કરવા તે ભૂલે અને જાપ કરવો જ રહ્યો,
તો મંત્રાધિરાજનો જ શા માટે ન કરવો ?
'દુઃખ એ દુઃખરૂપ નથી પણ સુખરૂપ છે અને
સુખ એ સુખરૂપ નથી, કિન્તુ દુઃખરૂપ છે'
આવી બુદ્ધિ મંત્રાધિરાજના જાપથી પેદા થાય છે.

દુઃખનો અનુભવ મોક્ષાભિલાષ પેદા કરે છે.
સુખનો અનુભવ ભવનિર્વેદ ઊભો કરે છે, કેમકે
ભવનાં પ્રત્યેક સુખ - દુઃખ અંતવાળા છે તથા ભવનાં
પ્રત્યેક દુઃખ મોક્ષસુખ તરફ અભિરૂચિ પેદા કરે છે.

<u>નવકારનો જાપ શું શું કરે છે?</u>

તે સુખ - દુઃખના અનુભવનું ભાન
જે માત્ર બુદ્ધિ સુધી હતું, તેને હૃદયપર્યંત પહોંચાડે છે,
'દુઃખ દુઃખરૂપ છે' એ સંસ્કાર જ બાળી નાંખે છે,
'દુઃખ પણ સુખરૂપ છે' એવી બુદ્ધિ પેદા કરે છે.
દુઃખનું સુખમાં રૂપાંતર કરનાર
ચિનળીનું કારખાનું શ્રી નમસ્કાર મહામંત્ર છે.
તેના જાપ દ્વારા સુખ - દુઃખની મૂળભૂત કલ્પના,
જે આપણા વર્તમાન પરિસ્થિતિનું કારણ છે,
ત્યાં શુદ્ધિકરણનો પ્રયોગ શરૂ થાય છે,
તે સુખદુઃખની કલ્પનામાં જ મૂળભૂત પરિવર્તન થાય છે.
દુઃખ જે પદાર્થનું જાણેલું છે, તે જ
પદાર્થનું સુખ જાણ્યું છે, તે પદાર્થ છે કાર્મિક આખું.
એના જ બે - અગ્ર અને પૃષ્ઠભાગ છે: સુખ - દુઃખ.
જ્યાં અગ્રભાગ જાય, ત્યાં પૃષ્ઠભાગ હાજર હોય જ.

આધિ દુઃખમુક્તિ માટે સુખમુક્તિનો માર્ગ શોધે છે.

સંસારસુખમાંથી મુક્તિ એ જ સંસારદુઃખમાંથી
મુક્તિનો ઉપાય છે અથવા દુઃખમાંથી મુક્ત થવું હોય,
તો જગતનાં દુઃખોને પોતાના દુઃખ માનો તથા
સુખની પ્રાપ્તિ કરવી હોય,
તો પોતાના સુખોને જગતનાં સુખો બનાવો.

'સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્યભાવ કેળવો, એ જ એક
દુઃખમુક્તિ અને સુખપ્રાપ્તિનો અચૂક ઉપાય છે'
એવી બુદ્ધિ નમસ્કારના ભાવથી ઉદય પામે છે.

અંતરંગ પ્રેમ અને કરુણાને પરસ્પર સંબંધ છે.
જેમ જેમ કરુણાનો વિસ્તાર થાય છે,
તેમ તેમ અંતરંગ પ્રેમ પણ વિકસે છે. કરુણાથી
પોતાના સુખ-દુઃખને પચાવવાની શક્તિ આવે અને
અંતરંગ પ્રેમ વડે સત્ત્વને ખીલવવાની શક્તિ વધે છે.

આધિભૌતિક એટલે શારીરિક દુઃખ, આધિદૈવિક એટલે
માનસિક દુઃખ તથા આધ્યાત્મિક એટલે આત્મિક દુઃખ
કે પોતામાં રહેલ વાસનાઓની મલિનતા દૂર કરવી તે.

અભ્યુદયના સાધન દાન - પૂજાદિ છે,
નિઃશ્રેયસનાં સાધન ધ્યાન - ધારણાદિ છે.

કામ - ક્રોધાદિ વૃત્તિઓ જ મલિનતાનું મૂળ છે.
તે વૃત્તિઓનું ઉન્મૂલન કરવું એટલે
પોતામાં રહેલા દોષો દૂર કરવા.
આવા દોષો હોવા તે ભાવહિંસા તથા
તેવા દોષોને રોકવા તે ભાવઅહિંસા.
એવા દોષોને ઉદ્ભવનારી પ્રવૃત્તિને પણ હિંસા અને
એવી પ્રવૃત્તિઓનો ત્યાગ તે અહિંસા કહેવાય છે.
ચિત્તમાંથી રાગ-દ્વેષ દૂર થયા પછી પણ જો તેમાં
પ્રેમ જેવા ભાવાત્મક તત્ત્વને સ્થાન ન મળે, તો તે ખાલી
પડેલું ચિત્ત પાછું રાગ-દ્વેષના વાદળોથી ઘેરાઈ જવાનું.

<u>વાત્સલ્યનો પૂર્ણ અર્થ</u> ૐ <u>શિવાંગ</u>

વત્સલમાં એટલે કે સર્વ ભૂતોમાં પોતાને અને
પોતામાં સર્વ ભૂતોને માની આત્મૌપમ્યમૂલક પ્રવૃત્તિમાં
રચ્યાપચ્યા રહેવું, તે જ ખરું વાત્સલ્ય કહેવાય છે.
આ અર્થમાંથી મૈત્રી - કરુણા વગેરે ભાવનાઓનો અર્થ
સંપૂર્ણાનંદજી તેમના છેલ્લા પુસ્તક ચિદ્વિલાસમાં કરે છે
અને તે 'વત્સલવિચાર' કહેવાય છે.
માનવી સુમાર્ગને અનુસરે કે નહિ પણ તેના મનમાં
એક અથવા બીજી રીતે સુમાર્ગની પ્રતિષ્ઠા તો હોય જ છે.

रत्तो दुट्ठो मूढो पुव्वुग्गाहिओ अ चत्तारि ।
एए धम्माणरिहा, अरिहो पुण होइ मज्झत्थो ॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

જેટલો સામાયિકભાવ પ્રબળ, તેટલું તત્ત્વદર્શન ઊંડું.
કુદરતના રહસ્યનું જ્ઞાન સામાયિક ભાવથી થાય છે,
કેવળ અધ્યયનથી નહિ. - રીખવદાસજી

કુદરતનું તંત્ર ચાલી રહ્યું છે,
તેને સમજવા માટે શાંત બની જવું જોઈએ. સંકલ્પ-વિકલ્પ-દોડધામ છોડી દઈ, આસન લગાવી, ચૂપ થઈ જાઓ. કુદરત પ્રત્યે દાસત્વભાવ વિકસિત કરી બેસી જાઓ, તો એનું રહસ્ય આપોઆપ ખુલતું થશે. ઋષિઓને દ્રષ્ટા, વિશ્વવ્યવસ્થાને જોનારા Seers કહ્યાં છે. કુદરતનું observation કરવાથી તત્ત્વ આપોઆપ સમજાય છે.

મૈત્ર્યાદિ ભાવોથી ધર્મમાં ત્રણ શલ્ય નાશ પામે છે: માયા, મિથ્યાત્વ અને નિદાન. એ ત્રણ શલ્યો સર્વ-જીવોની હિતચિંતાના અધ્યવસાય આગળ ટકી શકતા નથી.

'સ્વસુખ ઉપર જ રાગ, સ્વદુઃખ ઉપર જ દ્વેષ, સ્વ-આત્મ ઉપર જ મોહ અને પરહિતચિંતા વિના પણ મોક્ષ મળે' એવા પૂર્વ વ્યુદ્ગ્રાહના જે જીવો છે, તે જીવો ઉપદેશને અનર્હ છે.

'પરસુખ ઉપર રાગ, પરદુઃખ ઉપર દ્વેષ, પરમાત્મા
ઉપર પ્રીતિ અને પરહિતચિંતા વિના મોક્ષ ન જ મળે'
આવો પૂર્ણ નિર્ણય જેઓને છે,
તેઓ ઉપદેશ માટે સદા અધિકારી છે.
તેવા અધિકારી જીવોને આપેલો ઉપદેશ યોગ્ય ભૂમિમાં
વાવેલા બીજની જેમ મોટા ફળને આપનારો થાય છે.

શિવમસ્તુ સર્વ જગતઃ । અર્થાત્:
જગતના સર્વ જીવોનું હિત થાઓ.

પરહિત નિરતા ભવન્તુ ભૂતગણાઃ । અર્થાત્
સર્વ પ્રાણીઓ પરહિતમાં રક્ત બનો.

દોષાઃ પ્રયાન્તુ નાશં । અર્થાત્:
રાગાદિ, ક્રોધાદિ અને હિંસાદિ દોષો દૂર થાઓ.

સર્વત્ર સુખી ભવતુ લોકઃ । અર્થાત્:
સર્વ સ્થળે જીવલોક સુખી થાઓ.

આ પ્રાર્થના મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય-
ચારે ભાવનાને વિકસાવનાર છે.

તત્ત્વાર્થં નિશ્ચયો વક્તિ વ્યવહારો જનોદિતમ્ ।
અર્થાત્: નિશ્ચયનય તત્ત્વાર્થને માને,
વ્યવહારનય લોકોએ કહેલું કે લોકરૂઢ વ્યવહારને માને.

નિશ્ચય point of view narrates the reality behind appearances & વ્યવહાર narrates the things from a popular point of view.

ભંગાદિભયરહિત એટલે સિદ્ધિને વિષે અત્યંત ઉત્સુકતા. કાર્યપરિણામ પર્યાલોચક બુદ્ધિ ઔચિત્યનો અવશ્ય વિચાર કરે, તેથી ધર્મને વિષે જ અત્યંત પ્રતિબંધ સાબિત થાય અને નિશ્ચિત ફળ મળે. આત્મસંપ્રેક્ષણ એટલે કે કરવા લાયક કર્યું તથા ન કરવા લાયક ન કર્યું, એનું નિરીક્ષણ. પાપકર્મના વિપાકોદય ભંગાદિ વિઘ્નરૂપ ભયને ઉપશમાવવા માટે તથા ચિત્તના વિપરીતગમન વખતે ગુરૂ-દેવ-સાધર્મિકાદિની સહાય લેવા, તેથી પ્રતિબંધક કર્મનો ક્ષય થાય, કારણ કે તેમાં અચિન્ત્ય શક્તિ છે.

ભયને વિષે શરણ, રોગને વિષે ચિકિત્સા તથા
વિષવિકારને વિષે મંત્રાદિની જેમ
પાપકર્મ શમાવવા ગુર્વાદિનું શરણ લેવું.

'સર્વગત એ સર્વ સાધારણ પરમાત્મ સ્વરૂપ'
દર્શનવિધિ છેવટે મનુષ્યને પોતાનું સ્વરૂપ વિચારવા
અને તેને અનુભવવા પ્રેરે છે.

આ પ્રેરણા મનુષ્યને વિશ્વ સાથેના જ ઈતર પ્રાણીજગત સાથેના તેના સંબંધો વિચાર કરવામાં મદદ કરે છે.

આ વિચારમાંથી મનુષ્યનું રૂપાંતર થાય છે.

તેનું જીવન માત્ર સ્થૂલતાથી નહીં સૂક્ષ્મતા અને સર્વતા થવાની દિશામાં વળે છે, જેને લઈને તે વ્યક્તિ રૂપે જુદી દેખાવા છતાં તાત્ત્વિક રીતે સર્વમાં આત્મૌપમ્યની અથવા તો અભેદની દૃષ્ટિ કેળવે છે.

આ દૃષ્ટિ જ માનવતાનું સાધ્ય છે અને

એ જ ચારિત્રનિર્માણનો પાયો છે.

જ્યાં દર્શનવિદ્યાને લઈને ખરેખરી દાર્શનિક દૃષ્ટિ આ પરાવિદ્યાનો સ્પર્શ થશે, ત્યાં જીવનનું ઊર્ધ્વીકરણ અવશ્યંભાવી છે. એ ઊર્ધ્વીકરણ સિદ્ધ કરવાનો પ્રયત્ન

એ જ અધ્યાત્મયોગ યા યોગવિદ્યા છે.

ભારતીય તત્ત્વવિદ્યા એ માત્ર તત્ત્વના નિરૂપણમાં કૃતાર્થ નથી થઈ, એણે તો મુખ્યપણે અધ્યાત્મયોગ યા યોગવિદ્યાનો માર્ગ દેખાડવાની ભૂમિકા જ પૂરી પાડી છે. જો આ યોગમાર્ગનો વિચાર અને તે વિશે શાસ્ત્રોમાં નોંધાયેલો તેમ જ પરંપરાઓમાં પ્રચલિત અનુભવ છોડી દેવામાં આવે તો પછી ભારતીય દર્શનવિદ્યામાં કાંઈ

જાણવું જેવું તત્ત્વ રહેવા પામતું જ નથી.

માણસ પહેલવહેલાં બાહ્યજગતને જુએ છે અહંકૃતિ પોતાના દેહને જ 'હું સાંતિક છું' એમ માની પ્રવર્તે છે. આમાંથી તે ઊંડો ઉતરે, ત્યારે તેને સમજાય છે કે દેહ, ઇંદ્રિય, પ્રાણ અને મન આદિથી પણ પર એવું કાંઈક સ્વાનુભવ તત્વ છે, જે ખરી રીતે 'હું' છું. હું એ માત્ર ઇંદ્રિયગમ્ય કે મનોગમ્ય પણ નહિ, એથી ય એ પર તથા સ્વસંવેદ્ય છે. આટલું સમજાય છે, ત્યારે તેના આથી દેહ, પ્રાણ આદિનાં ભેદક આવરણથી જે પડતો અહંકૃતિ અધ્યાસ ખસી જાય અને તેને જણાય છે કે જેમ તેનો અંતર એ દેહાદિમાં રહેવા છતાં દેહાદિથી પર સદા ચિદાત્મા છે, તેમ પ્રાણીમાત્રના અંતર વિશે પણ છે.

જ્યારે આ ભાન થાય છે, ત્યારે

એનામાં બેમાંથી કોઈ એક વૃત્તિ સ્થિર થાય છે:

કાં તો એ પોતાના ચિદાત્માને પ્રાણીમાત્રના અંતર અભેદ માનતો થઈ જાય છે એટલે કે તે પ્રાણીમાત્રને આત્મૌપમ્યની દૃષ્ટિએ જ નિહાળે છે, આ એક વૃત્તિ તથા કાં તો તે પોતાના ચિદાત્માને પ્રાણીમાત્રમાં વિદ્યમાન અંતરથી સર્વથા, તાત્ત્વિક રીતે અભિન્ન લેખતો થાય છે. આ બન્ને અભેદ - બ્રહ્મવૃત્તિ છે. સર્વં ખલ્વિદં બ્રહ્મ।

આત્મૌપમ્યની દૃષ્ટિએ જીવનમાં સમત્વભાવના કેળવવી
અને આત્મા - અભેદની દૃષ્ટિએ
જીવનમાં વિશ્વમૈત્રી અથવા બંધુભાવના કેળવવી.
આ બંને ભાવનાઓ અંતે તો અહિંસાને જ સિદ્ધ કરે છે.
જો જીવનમાં અહિંસા સાકાર ન બને,
તો એ બન્ને ભાવનાઓ માત્ર શાબ્દિક બની રહે.
આમ બંધુ અને સમ - એ બંને શબ્દો અહિંસા અને
તેના અનુષંગી મૂળ વ્રતોમાં અભિપ્રેત જ બની જાય છે.
વ્યક્તિગત કે સામાજિક, આર્થિક, રાજકારણિક કે શૈક્ષણિક
આદિ જીવનના દરેક દરેક ક્ષેત્રમાં અહિંસાના સાચા
આત્મૌપમ્યમૂલક અથવા આત્મા ભેદમૂલક વ્યવહારની
આવશ્યકતા સર્વ કાળ માટે એકસરખી છે.

परांचिखानि व्यतृणत्स्वयंभू-
स्तस्मात् पराङ्पश्यति नाऽन्तरात्मन् ।
कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्ष-
दावृत्तचक्षुरमृतत्वमिच्छन् ॥

સ્વતઃસિદ્ધ રીતે જીવાત્માની નેત્રાદિ ઇંદ્રિયો બહિર્મુખ
પ્રવૃત્તિ કરવાના સ્વભાવવાળી રચાયેલી છે,
તેથી જ જીવાત્મા ઇંદ્રિયો દ્વારા પ્રથમ બાહ્યરૂપાદિ

વિષયોને જ જાણે છે પણ અંતરાત્માને,
પોતાના આંતરિક સ્વરૂપને, તે જીવાત્મા જાણતો નથી,
આમ છતાં કોઈ ધારણધારી વ્યક્તિ અલ્પ હોય છે કે
જે અમૃતત્વ, પોતાના આંતરિક - પારમાર્થિક સ્વરૂપને
જાણવા - પામવા ઇચ્છતી હોય છે, તેથી ઇંદ્રિયદ્વારોને
અંતર્મુખ બનાવી સ્વરૂપદર્શન તરફ વળે છે. જ્યારે આમ
કરે, ત્યારે તેને અંતરાત્માનું દર્શન સિદ્ધ થવા પામે છે.

*We look out before we look in*
*& we look in before we look up.*

મનુષ્યને પોતાના ખરા સ્વરૂપનું દર્શન
સહજાસહજ ન થતાં કોઈ કોઈ જ થાય છે.
ઇંદ્રિયોની સહજ રચના જ એવી છે કે
તે મનુષ્યને ઇતર પ્રાણીઓની જેમ
પ્રથમ બાહ્યવિશ્વના અવલોકનની તરફ પ્રેરે છે પણ
તેમાં તેને ગમે તેટલો રસ કે આનંદ આવતો હોય, છતાં
માનવબુદ્ધિ એમાં અંતિમ સંતોષ અનુભવતી જ નથી.
આમ થાય, ત્યારે તે ઇંદ્રિયોને તેના બહિર્ગામી વ્યાપારથી
મુક્ત કરવા પ્રયત્ન કરે છે અને અંતર્મુખ બનાવે છે.
જ્યારે તે ઇંદ્રિયો અંતર્મુખ થઈ શક્તિ વિકસાવે છે,

ત્યારે તેની સામે અગાઉ નહિ દેખેલ એવું અંતર્જગત,
આત્મસ્વરૂપ પ્રગટ થાય છે. આ અંતર્જગતનું દર્શન અંતે
અમૃતદર્શન અથવા તો પરમાત્મદર્શનમાં પરિણમે છે.
આદિમ વૃત્તિઓ કે *instincts* નિયંત્રણ અને
રૂપાંતર - એમ બે અગત્યના સ્વરૂપો ધારણ કરે છે.
ઊર્ધ્વીકરણ અને વૃત્તિનિરોધ અથવા *repression*
ઊર્ધ્વીકરણનું મૂળ ધ્યેય મનોવૃત્તિઓને તેના ભૌતિક
ઉદ્દેશોમાંથી વાળીને ઉત્કૃષ્ટ ભૂમિકા પર લઈ જવાનું છે.

કઠોર શાસનથી વ્યક્તિત્વ રૂંધાય છે.

વૃત્તિઓ જ્યારે ખરેખર ઊર્ધ્વીકરણ પામે છે,
ત્યારે વ્યક્તિ આત્મપ્રસન્નતા અનુભવે છે.

વૃત્તિનિરોધમાં અજ્ઞાત રીતે ખૂબ ઇચ્છા હોવા છતાં
જ્ઞાત રીતે તે વૃત્તિનો ખૂબ - સખત પ્રતિકાર હોય છે.
આ કારણે અજ્ઞાત મનમાં પ્રબળ વાસના રહ્યા કરે છે,
પરંતુ વૃત્તિનિરોધમાં રોકાયેલું જ્ઞાત મન
તેને પ્રબળ રીતે દબાવી રાખે છે અને
તે વૃત્તિને જાગ્રત મનની સપાટી સુધી પહોંચવા દેતું નથી
પણ આમ કરવામાં મનની સર્વ શક્તિ વૃત્તિનિરોધમાં
રોકાઈ રહે છે, તેથી મન નબળું અને અશાંત બને છે.

આરંભક વૃત્તિઓ જે રચનાત્મક પ્રવૃત્તિઓમાં
વળી શકે તેવા સંજોગો ઊભા થાય,
તો જ ઉર્ધ્વીકરણના ધ્યેય તરફ પ્રગતિ સધાય.
ઉર્ધ્વીકરણમાં શુદ્ધ આત્માભિવ્યક્તિનો ઉલ્લાસ રહેલ છે.
એ ઉલ્લાસ કવિઓએ કાવ્યમાં,
કલાકારોએ ચિત્રમાં, નૃત્ય કે સંગીતમાં રજુ કર્યો છે
તથા લેખકોએ પોતાની કૃતિઓમાં અનુભવ્યો છે.
ઉર્ધ્વીકરણ એ માનસિક વિકાસની રચનાત્મક ક્રિયા છે,
જે દરેકમાં આત્માભિવ્યક્તિનો આનંદ રહેલો છે.
એ આનંદ જો ન અનુભવાય,
તો વૃત્તિનિરોધનું કષ્ટ અનુભવાશે.
ઉર્ધ્વીકરણનું સ્પષ્ટ લક્ષણ = ઉચ્ચઅભિવ્યક્તિનો ઉલ્લાસ.
વૃત્તિ જ્યારે નિરોધ પામે, ત્યારે વિકૃત સ્વરૂપે પોતાનો
સંતોષ મેળવે અને વ્યક્તિને વિનાશ તરફ ઢસડે છે.
ઉર્ધ્વીકરણમાં પ્રગતિ અને ઉલ્લાસ રહેલાં છે.
ત્યાગ અને સંયમનું ધ્યેય ઉચ્ચતર
જનકલ્યાણ તથા આત્મકલ્યાણની ભાવનામાં રહેલું છે.
સંયમનું ધ્યેય સંયમ ન હોઈ શકે પણ
ઉચ્ચતર જનકલ્યાણની ભાવના જ હોવી જોઈએ.

સાત્વિક વૃત્તિઓના આવેગોમાં જે
મહાન માનસિક શક્તિ ઉત્પન્ન થાય છે,
તે ઊર્ધ્વગામી પ્રવૃત્તિઓમાં રોકી લેવાથી માનવીને
ઈશ્વરની ઉત્કૃષ્ટ ભૂમિકાએ લઈ જાય તથા સમાજને
સહાયક એવી રચનાત્મક પ્રવૃત્તિઓમાં પરિણામ પામે છે.

'માનવ' શબ્દની ઉત્પત્તિ મન ઉપરથી થઈ છે.
'મન' એટલે મનન કરવું,
સહાનુભૂતિ રાખવી, મનસ્વિતા ધરાવવી.
પહેલો બુદ્ધિનો, બીજો હૃદયનો, ત્રીજો સંકલ્પબળનો ધર્મ છે.
તે ત્રણે મળીને માનવતા સિદ્ધ થાય છે.

મનનથી ખરા - ખોટાનો બોધ,
સહાનુભૂતિથી બીજાઓ સાથે મનનો મેળ ને અસ્તિત્વ,
નિશ્ચય ઉપર અડગ રહેવાથી
જીવનનાં કાર્યોમાં સફળતા સિદ્ધ થાય છે.

પ્રકૃતિએ તૃપ્તિ-રતિ-આનંદને શિશ્નોદરમાં રાખ્યાં હતાં:
સંસ્કૃતિએ તેને ચિત્તપ્રદેશમાં આણ્યાં.

જીવદયાને ધર્મ સમજે, પરપીડનને પાપ સમજે,
ભૂખ્યાને અન્ન આપે અને પ્રભુના નામને સદા જપે,
તે સંસારસાગર તરી જાય છે.

વિજિગીષા = વિજયેચ્છા.

मोहनाभिचारशान्तिकवश्याकर्षेषु योजयेत् क्रमशः ।
अंगुष्ठाद्यंगुलिका मणयोऽङ्गुष्ठेन चाल्यन्ते ॥
- भैरव पद्मावती कल्प (परिशिष्ट-२)

દૃષ્ટુઃ દૃગાત્મતા મુક્તિઃ । દૃષ્ટાની દૃષ્ટિ સ્વરૂપ મુક્તિ છે.
દૃગ્દૃશ્યૈકાત્મ્યં ભવબંધઃ । દૃશ્ય સાથે એકાત્મતા = ભવબંધ.

સામાયિક એ શ્રી અરિહંત પરમાત્માને અને જિનના પ્રવચનને સમજવા માટેનું સૌથી મહત્ત્વનું અંગ છે.
તે વિના પ્રવચન ન સમજાય.

સામાયિકનો સાર મધુર પરિણામ - મૈત્રીભાવ છે.

'દર્શન' શબ્દ સ્થૂલ ચક્ષુથી જુએ, એને માટે નહિ પણ અંતઃકરણ - આત્મા જુએ, તેને માટે જ વપરાય છે.
પથ્થરના દર્શન નહિ પણ મૂર્તિના દર્શન કર્યાં ઇત્યાદિ.
પથ્થર કે લાકડાની મૂર્તિમાં
પથ્થર કે કાષ્ઠનાં નહિ પણ ભગવાનનાં દર્શન છે.

ચાના પ્યાલાની પાછળ ઉજાગરો અને ભોગની લાલચની
પાછળ રોગની ઝલક જોતાં શીખવું જોઈએ.

પરને જુઓ, અપરને નહિ. ગૌણને નહિ, પ્રધાનને જુઓ.
અલ્પને નહિ, ભૂમાને જુઓ.

માનવજીવનમાં જ્યારે ઉચ્ચ વિચાર અને ઉચ્ચ આકાંક્ષા

જાગૃત થઈ ઉઠશે, ત્યારે ક્ષુદ્ર વસ્તુ પ્રત્યે
આસક્તિનો મોહ પોતાની મેળે જ કપાઈ જશે.
દરેક વસ્તુ પછી તે ગમે તે નામવાળી હોય
પણ એક આતર સત્વમાં સ્થિર છે.
કારણ વિના દુઃખનો અનુભવ હોય,
ત્યારે કારણનો અભાવ નહિ પણ કારણ અદૃષ્ટ છે.
પ્રભુનું નામ લેવાથી પ્રભુ માને છે કે
નામોચ્ચાર કરનાર મારી સાથે એક થવા માગે છે,
તેથી ભગવાન તેવા ભક્તને મુક્તિ આપે છે.
આપણે જેનું નામ લઈએ છીએ,
તેના જેવા થવા ઇચ્છીએ છીએ.
તેવાનું જ નામ લેવા માટે પ્રયત્નશીલ રહીએ છીએ.
જ્યાં ઈશ્વર નામ છે, ત્યાં સાક્ષાત ઈશ્વર છે.
'સર્વનું કલ્યાણ થાઓ'
જ્યારે ભય આવે છે, ત્યારે પાર્થિવ વસ્તુની આસક્તિ
અને ભવિષ્ય માટેની ચિંતાઓ દૂર થાય છે. એટલે
તૃષ્ણા - અહંભાવનો નાશ કરવા સતત સાધના કરવી.
'પરના દ્રવ્યત્વપણુ આપણા જ સ્વપણુ છે'
એ વ્યવહારનયનું સમત્વ છે અને

'પરના ભલામાં આપણું જ ભલું છે'
એ વિશ્વચિંતનનું સત્ય છે. 'તુમંસિ નામ સચ્ચેવ|'

જીવનની શાંતિ અને શક્તિનો
ભંગ કરનાર મહાન રોગ તે 'કચવાટ' છે.
સર્વ સંજોગોમાં શાંતિ અને સ્વસ્થ રહેવું,
તે દૈવી સહાય માટે યોગ્ય જીવન છે.
'ઈશ્વર વસ્તુમાં નહિ પણ પ્રેમમાં વસે છે.
પસાર થતી બધી ક્ષણિક વસ્તુઓમાં
સનાતનપણે ઈશ્વર વસેલો છે'
એ વિચાર વડે શાંતિનો અનુભવ લઈ શકાય છે.
પ્રભુની આપણા માટે સદા ય એવી ઇચ્છા હોય છે કે
આપણું જીવન સુખી અને વ્યવસ્થિત બને. સર્વ
પ્રથમ પ્રભુ આગળ પોતાના અહંનો નૈવેદ્ય ધરવો જોઈએ.
'સર્વનું સર્વ કલ્યાણ અને સર્વનું સર્વ મંગળ થાઓ,
સર્વનું તન તંદુરસ્ત અને મન પ્રસન્ન બનો.'
આ ભાવનાથી અંતરમાં અજવાળાં થશે,
સ્વાર્થના અંધકારમય વાદળો વિખરાઈ જશે,
અંતરના ઊંડાણમાં ઊતરાશે તથા પ્રભુકૃપા ત્યાંથી પ્રગટશે.
ધર્મની ગતિ ગહન છે, કેમકે તે ઈશ્વરવ્યાપક છે.

'ધર્મ' એટલે જીવનનું ઘડતર કરનાર તત્ત્વ - આત્મતત્ત્વ.
તમો ધર્મમય બનશો એટલે તમારું જીવન ધર્મમય બનશે.

## વહાલા વિપત્તિઓ

વિપત્તિની પ્રત્યેક ક્ષણ પોતાની સાથે પ્રગતિનો સંદેશ લઈને આવે છે. વિપત્તિ મનોબળને કેવું મજબૂત બનાવે, સહનશક્તિને અમૃત વડે સીંચે, આત્મશક્તિ વધારે છે. તે પરમાત્મશક્તિ તરફ જીવને વાળે છે.

વિપત્તિઓને હસતાં હસતાં સહન કરીએ, તે યોગ છે.

'યોગ' એટલે શિવ - શક્તિનું મિલન, અંતરાત્મા-પરમાત્માનો સંયોગ, જીવ-શિવનો અભેદ. તેથી ચિત્ત શુદ્ધ અને તેજસ્વી બને છે. ॐ તત્સત્ । એકાક્ષરં પરં બ્રહ્મ । ॐકાર છે. વેદ્યં પવિત્રમોંકારઃ । પ્રાર્થના કે નમસ્કાર એ કૃપા મેળવવા માટે નહિ, પણ ફરજ બજાવવા માટે છે. આપણે આપણી ફરજ બજાવીએ એ બસ છે. પરમાત્મા પોતાની ફરજ બજાવશે કે નહિ, એ વિચાર અકર્તવ્ય છે. એક સજ્જન મનુષ્ય પણ પોતાનો ધર્મ બજાવવા વિસ્મૃત રહી શકતો નથી તો પ્રભુ-પરમેશ્વર પોતાનું કર્તવ્ય બજાવશે કે નહિ એવો સંશય કરવો એ પરમાત્માની ભક્તિ નહિ પણ અનાદર છે.

સત્યનું મુખ સુવર્ણના પાત્રથી ઢંકાયેલું છે.
માયાથી આચ્છાદિત સત્યને ભગવાન અને
ભગવાનના રૂપ રૂપી માયા વડે જ મેળવી શકાય છે.
કુશળતાપૂર્વક માયાનો આધાર લઈને જ
ઈશ્વરની સમીપે પહોંચી શકાય છે.

નામથી અર્થોપાસના, રૂપથી કામોપાસના અને સચ્ચિદાનંદ સ્વરૂપથી અનુક્રમે ભોગોપાસના નાબૂદ થઈ શકે છે.

મનુષ્યનું મન આકાશે ઊડે, પગ પૃથ્વી પર સ્થિર રહે.

વેદાંત જડનો શત્રુ અને સત્યનો પક્ષપાતી છે. સર્વ પ્રત્યે સમભાવની વૃત્તિ જ વ્યવહારનું સાચું નિયમન છે.

સૃષ્ટિના સર્જનનો મહાનિયમ 'સંયમ' છે.

સંયમ વિના શક્તિ નથી, શક્તિ વિના વિકાસ નથી.

વિજ્ઞાન દ્વારા વિકાસની યોજનામાં સંયમને સ્થાન નથી. દા.ત. રેડિયો - સિનેમા જેવાં મુખ્ય ઈંદ્રિયોને અસંયમમાં જોડનાર છે અને વિષયાભિલાષને પોષનાર છે. વર્તમાન રાજનીતિ સૃષ્ટિસર્જનના મહાનિયમની નીતિની વિરુદ્ધ છે.

પરોપકાર પહેલાં નમસ્કાર જોઈએ,
તે વર્તમાન રાજનીતિના અગ્રેસરોમાં છે નહિ.
ઈંદ્રિયોના વિલાસ કે વિકાસથી નહિ પણ સંયમથી

ચિત્તની સ્થિરતા અને પ્રસન્નતા પ્રાપ્ત કરવાની છે,
કે જેના વડે બધાં દુ:ખો ટળે છે.

પ્રસાદે સર્વદુ:ખાનાં હાનિરસ્યોપજાયતે ।
અર્થાત્: પરમાત્મકૃપાથી સર્વ દુ:ખોનો ક્ષય થાય છે.
તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ । અર્થાત્:
સદા મારી સાથે જોડાયેલાનું હું યોગક્ષેમ કરું છું.

ઈંદ્રિયોને વશ કરવાની શક્તિ પ્રાપ્ત થાય,
ત્યારે જ વિચારો શુદ્ધ અને સ્થિર થાય,
તો આચાર અને જીવનવ્યવસ્થા પણ શુદ્ધ થાય.

જિનેશ્વરદેવથી માંડીને શ્રાવક - શ્રાવિકા પર્યંત ત્રીજા,
ચોથા, પાંચમા આરાના તથા તે પછીના ગુણવાન મનુષ્યો,
એમ ધર્મ અને ગુણવાનનો વિભાગ પાડીને,
'એ સર્વનો પ્રભાવ છે' એમ શ્રી ભગવતીજીમાં લખાયું છે.

જે કાંઈ સારું, હિતકર અને સુખદાયી
એ જિનેશ્વર મહારાજના ધર્મનો જ પ્રતાપ છે.

કુહદશાલાઓના જન્મથી આરા ૨ દેશમાં
ભવિષ્યમાં આવનાર બાર બાર વર્ષના દુષ્કાળ પણ
અષ્ટકમાના શાસ્ત્રમાં ઉલ્લેખ છે.

જેમ શૃંગાર જો ઉગ્ર બને તો તૃષ્ણાનો નાશ કરે છે,
તેમ હાસ્ય, શોક, ક્રોધ, ભય, જુગુપ્સા કે વિસ્મય સ્નેહ

સ્નેહ વગેરેનો વિષય પ્રભુ ઉપર બને
તો તૃષ્ણાનો નાશ કરીને શાંતરસમાં પરિણામ પામે છે.
રતિ એટલે સંયોગાવિષયક ઇચ્છા.
હાસ્ય એટલે કર્મના નાચ ઉપર કુતૂહલકારની વૃત્તિ.
શોક એટલે ઇષ્ટનાશ, અનિષ્ટની પ્રાપ્તિથી થતી ચિત્તવૃત્તિ.
ક્રોધ એટલે અપકારી પ્રત્યે ચિત્તવૃત્તિઓનું પ્રજ્વલન.
સહાય કરવાનો ઉત્સાહ, વિવશ ન કરે તેનો ભય,
વિષયો અને અશુચિતા ઉપર જુગુપ્સા.
સર્વ વસ્તુ જાણવા તે 'જ્ઞાન'.
'ભાવ' એટલે સ્નેહનું ટીપું, સુખ - દુઃખ સંબંધી લાગણી.
ભાવનો વિષય સર્વ જીવો, જ્ઞાનનો વિષય સર્વ પદાર્થો.

ભાવ ભલો મન આણજો, ચિત્ત આણી ઠામ,
સમતા ભાવે ભાવિએ, એ આતમરામ.
સુખ - દુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય,
કર્મ આપ જે આચર્યાં, ભોગવીએ સોય.
સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુણ્યકામ,
છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ.
ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર,
એ આઠમો અધિકાર, ધન ધન તે દિન માહરો.

પોતાના ઉપરનો રાગ છોડવો તે 'વૈરાગ્ય'.

સર્વથા, રાગરહિત થવું તે 'વીતરાગ'.

પરનું કામ કરતાં કરતાં પોતા પરનો રાગ ઊડી જાય છે. તે રાગ સર્વથા, દૂર થવો તે 'વીતરાગતા' છે. સર્વ જીવ સમદૃષ્ટિત્વ એજ વૈરાગ્યનું સાચું સ્વરૂપ છે.

આતમ સર્વ સમાન નિધાન મહાસુખકંદ,
સિદ્ધ તણા સાધર્મી સત્તાએ ગુણવૃંદ,
જેહ સ્વધર્મી તેહનો પ્રીછુ કરે વધ - બંધ?
પ્રગટ્યો ભાવ અહિંસક જાણી શુદ્ધ પ્રબંધ.

- અધ્યાત્મ ગીતા, ગાથા ૨૨, દેવચંદ્રજી

निःस्पन्दमनसि मन्त्रः प्रथमा तत्रार्थ हेतुः पश्यन्ती ।
हृदये वर्णोत्पत्तिः मध्यमिका शब्दमुत्तुर्य ॥ અર્થાત્:

નિઃસ્પન્દ - શાંત - અસ્ફુરિત મનમાં મંત્રનો વિચાર આવે, તે વાણીની પ્રથમા - અવ્યક્ત અવસ્થા તે 'પરા'; અર્થનું કારણ તપાસાય તે હૃદયપ્રદેશ શક્તિરૂપા 'પશ્યંતી': હૃદયમાં વાણીના ઉચ્ચારણ માટે વર્ણની ઉત્પત્તિ થાય તે વર્ણમાતૃકારૂપી બોધસ્વરૂપ, ઉપયોગસ્વરૂપ સૂક્ષ્મ અવસ્થા તે મધ્યમિકા - 'મધ્યમા' અને ઉચ્ચારણ તે ચોથી સ્થૂળ શબ્દવાળી વ્યંજનાકારરૂપ વિરાટ અવસ્થા તે 'વૈખરી'.

પ્રથમ વિચાર, પછી ક્ષયોપશમ,
પછી વચનોત્પત્તિ, પછી ઉચ્ચારણ.

<u>ચાર પ્રકારના ધ્યાન</u>

<u>આર્તધ્યાન</u> - રડવું, કનિષ્ઠ, નિર્બળ, હેવાન.
(પર પદાર્થ ઉપરનો રાગ એ આર્તધ્યાન.)

<u>રૌદ્રધ્યાન</u> - રડાવવું, દુષ્ટ, દુર્જન, શેતાન.
(પર પદાર્થ ઉપરનો દ્વેષ એ રૌદ્રધ્યાન.)

<u>ધર્મધ્યાન</u> - પોતાની ભૂલ જોવી, શ્રેષ્ઠ, સજ્જન, ઇન્સાન.
(કર્મવિપાક ચિન્તન એ ધર્મધ્યાન.)

<u>શુક્લધ્યાન</u> - પરમેષ્ઠિ, પ્રબળ, ભગવાન.
(આત્મસ્વરૂપ ચિન્તન એ શુક્લધ્યાન.)

પ્રથમ બે ધ્યાન છોડી પછીના બે ધ્યાન આદરવા.

<u>ત્રણની સરખામણી</u>

(૧) <u>તપસ્વી</u> = અલ્પસિદ્ધિ - માગો તે આપે.
(૨) <u>આરાધક</u> = અધિક સિદ્ધિ -
માતાની જેમ જોઈને માગણી સ્વીકારે.
(3) <u>આરાધ્ય</u> = પૂર્ણ સિદ્ધિ -
તેઓ સંપૂર્ણ તપસ્વી સહિત આરાધક
ઇચ્છાનો નાશ કરી જોઈને ઇચ્છાઓને પૂર્ણ કરે.

નામનિક્ષેપ એટલે નામ સાથે તાદાત્મ્ય.
સ્થાપનાનિક્ષેપ એટલે ભાવસ્થાપ્ય સાથે તાદાત્મ્ય.
દ્રવ્યનિક્ષેપ એટલે ભાવ સાથે તાદાત્મ્ય.
ભાવનિક્ષેપ એટલે સાક્ષાત્ નિક્ષેપ.
પ્રભુનો ભાવ અચિન્ત્ય ચિન્તામણિ છે.
તેના પ્રભાવે જ તેમના નામાદિ અપૂર્વ ચિન્તામણિ છે.
જેમ ચિન્તામણિ પાષાણ છતાં મણિ છે,
તેમ પ્રભુની પ્રતિમા પાષાણ હોવા છતાં
ઇચ્છાને પૂરનાર હોવાથી અચિન્ત્ય ચિન્તામણિ છે.
एअं च परमतत्तं परमरहस्सं परमंतं च ।
परमत्थं परमपयं पन्नत्तं परमपुरिसेहिं ॥ અર્થાત્:
પરમતત્ત્વ, પરમરહસ્ય, પરમમંત્ર, પરમઅર્થ, પરમપદ,
પરમપુરુષની પૂજા કરવી, તેથી પૂજા - પૂજક - પૂજ્યની
એકતારૂપ ધ્યાનસમાધિ પ્રાપ્ત થાય છે તથા
તેમાંથી અવધાન - અનુપ્રેક્ષા પ્રાપ્ત થાય છે કે:
સર્વ જીવો સુખ પામો.
એ રીતે પ્રાણિસમૂહને વિષે મૈત્રી પ્રાપ્ત થાય છે.
બીજાને પીડાથી બચાવને ઉપકાર થાય છે.
એટલે અનુકંપાલક્ષણ ધર્મ ઘટે છે અને

વૈર - વ્યાધિ - મદ - મત્સર - ક્રોધ - વિરોધ વડે
થતાં ઉપદ્રવો પણ શમે છે.

પ્રભુની મૂર્તિ દર્શનસ્પર્શનકારી કેમ ગુણ પ્રગટતો નથી?
અકૃતિ બધા ગુણ થાય છે.

ભગવદનુગ્રહ કેમ શ્રેષ્ઠ છે?

ભગવદ્ બહુમાન ભવનિર્વેદ રૂપ છે, તેથી સદ્દેશનાની યોગ્યતા થતા તેથી ધર્મશ્રવણ અને ધર્મપ્રાપ્તિ થાય છે. સદ્દેશના યોગ્યતા વિધાયી સ્વાભિપ્રાય બહુમાન લક્ષણ અનુગ્રહ સંપાદન વડે તાત્ત્વિક ધર્મદાતૃત્વ ભગવાનમાં છે.

શ્રાવક ધર્મ અણુવ્રતાદિ ઉપાસક પ્રતિમાગત ક્રિયાસાધ્ય સાધુ ધર્માભિલાષાશયરૂપ આત્મપરિણામ છે.

સાધુધર્મ સામાયિકાદિગત વિશુદ્ધ ક્રિયાભિવ્યંગ્ય સકલ સત્ત્વહિતાશય અમૃતલક્ષણ સ્વપરિણામ સ્વરૂપ છે.

ક્ષાયોપશમિક આદિ ભાવસ્વરૂપ હોવાથી ભગવાનના અનુગ્રહ વિના ધર્મ પ્રાપ્ત થતો નથી.

સ્વયોગ્યતા, ગુરુસંયોગાદિ વિચિત્ર હેતુઓમાં ભગવદનુગ્રહ અચિન્ત્ય શક્તિવાળો હોવાથી પ્રધાન છે, જ્યેષ્ઠ છે અને શ્રેષ્ઠ છે. ધર્મપ્રાપ્તિ જેને નજીક છે, તેને ભગવાન ઉપર બહુમાન થાય જ છે.

ભગવદ્ બહુમાન ભવનિર્વેદરૂપ છે, જે દુઃખી પ્રાણીઓના
દુઃખ દૂર કરવાના પરિણામરૂપ છે,
તેથી ધર્મદેશનાની યોગ્યતા પ્રાપ્ત થાય છે.
ભગવદ્ બહુમાન અથવા ભવનિર્વેદ બંને
સદ્દેશનાની યોગ્યતા અને તાત્વિક ધર્મની પ્રાપ્તિ કરાવે છે.

સ્થિરતા મેળવવાના ૪ ઉપાય

ગુણપ્રાપ્તિનો ઉપાય ગુણપ્રશંસા છે, તેથી સ્થિરતા મળે.
ગુણશુદ્ધિનો ઉપાય પ્રમોદભાવ છે, તેથી સ્થિરતા મળે.
ગુણવૃદ્ધિનો ઉપાય અનુમોદન છે, તેથી સ્થિરતા મળે.
ગુણપ્રવેશનું દ્વાર ગુણાનુવાદ છે, તેથી સ્થિરતા મળે.
આપણી દુનિયા આપણા ચિત્તનું પ્રતિબિંબ છે.
ચિત્ત પ્રસન્ન હોય, ત્યારે દુનિયા આનંદિત લાગે,
ચિત્ત કલુષિત હોય, ત્યારે દુનિયા અશાંત લાગે છે.
પોતાનું પારકું કરે તે સંત અને
પારકું પોતાનું કરે તે દુષ્ટ.
સંત થવા માટે પુદ્ગલ સાથે વૈરાગ્યભાવ રાખવો,
જીવ સાથે વાત્સલ્યભાવ રાખવો.
o अष्टौ स्थानानि ।
ઉર - કંઠ - નાસિકા - મૂર્ધ - ઓષ્ઠ - દંત - જીહ્વા - તાળુ.

વિશ્વમાં સર્વત્ર ન્યાય અને વ્યવસ્થા છે,
અન્યાય અને અવ્યવસ્થા નથી.
મૈત્રીભાવમાં મુખ્યત્વે પ્રેમની વ્યાપકતા છે.
કરુણાભાવમાં મુખ્યત્વે દયાની વ્યાપકતા રહેલી છે.
જેમ 'પોતાનાં દુઃખો નાશ પામો'
એવી ઇચ્છા સર્વને થાય, તેમ
'સર્વનાં દુઃખો નાશ પામો' એવી ઇચ્છા સાધકે રાખવી.
એ ઇચ્છારૂપ ભાવનાના બળથી
એ સાધક કોઈનો અપકાર નહિ કરવાનો તથા
તેના પરાપકારેચ્છા, દ્વેષ, ઈર્ષ્યા વગેરે
વિરોધી વૃત્તિઓ હંમેશા શમેલી રાખવાની.
મૈત્ર્યાદિભાવોથી રાગ અને ઈર્ષ્યા જાય છે અને
ચિત્તની પ્રસન્નતા અને એકાગ્રતા સિદ્ધ થાય છે.
કરુણાથી (ગુણસંપન્ન) દ્વેષ અને પરાપકાર વૃત્તિ જાય.
મુદિતાથી અસૂયા જાય તથા ઉપેક્ષાથી આકર્ષણ જાય છે.
વિષયોને વસ્તુગત અથવા objective માનવા કરતાં
સ્વગત અથવા subjective માનવા જોઈએ.
બાહ્ય સંસ્પર્શજન્ય સુખ - દુઃખની
તુચ્છતા - ક્ષણિકતા સ્વીકારવી જોઈએ.

પોતાને - જુદાને બદલ્યા વગર બીજાથી બદલાઈ જાય,
એવી આકાંક્ષા અયોગ્ય અને અસામાજિક છે.

ભારતવર્ષની નજર કચરામાંથી સોનું, કાદવમાંથી કમળ,
સમુદ્રમાંથી રત્ન, મૃત્યુમાંથી અમૃત, અંધારામાંથી અજવાળું
અને અસત્માંથી સત્ શોધી કાઢવાની છે.

0 [illegible] કમવું છે, કેવળ સમજવું નહિ.

માનસિક હલનચલન ઉપર કર્મના બંધનો આધાર છે.

યોગ કરવાની - ભજવવાની ચીજ છે, તે કેવળ મનમાં
વાગોળવાની વસ્તુ નથી. જે કરે છે તે જાણે છે.

કર્મ દ્વારા મેળવેલું જ્ઞાન નક્કર - સધ્ધર હોય છે.

યજ્ઞ એ પૂજનપ્રધાન, દાનપ્રધાન, સંગતિપ્રધાન કર્મ છે.
બધાં જ કર્મો વિશ્વાત્માની પૂજાના અર્થમાં,
પોતાની સંશુદ્ધિના અર્થમાં અને
જનતાની સત્કર્મ સંગતિના અર્થમાં થવા જોઈએ.

પ્રભુને અર્થે જે વર્તો, તેને કર્મ કદી સતાવે નહિ.
જે સતાવે છે, તે સ્વાર્થને અર્થે કરેલાં કર્મ જ છે.

કર્મથી પણ વધારે મહત્ત્વ એની પાછળના હેતુને છે.

अनित्यताकृतबुद्धिर्म्लानमाल्ये न शोचति ।
नित्यताकृतबुद्धि(स्तु) भग्नभाण्डेऽपि शोचति ॥

(પરિશિષ્ટ-૩)

સદ્બુદ્ધિ એ જ સાત્ત્વિક શ્રદ્ધા છે.
શ્રદ્ધા એ બુદ્ધિનો સહજ ધર્મ છે.
તત્ત્વ તરફ દોડવું એ બુદ્ધિનો સહજ સ્વભાવ છે.
'સત્ત્વ'નો અર્થ વસ્તુને સર્વ બાજુથી જોવું તે છે.
'જગત, જીવ અને જગન્નિયંતા કેવાં છે?'
એના ઉપર જ જીવનના સમસ્ત વ્યવહારનો આધાર છે.
આ પ્રશ્નને લગતી
જેની જેવી સમજ તેવી શ્રદ્ધા, તેવો તે થઈ રહે છે.
જે ફક્ત પોતાની જાતનો જ ખ્યાલ કરે, તે જીવડું.
જે પરોપકારી થઈને જીવવાનો ખ્યાલ કરે, તે માનવી.
જે આપને ઓગાળીને ત્યાં અને તત્ માટે
વર્તવાની તમન્ના ધરાવે, તે પુણ્યાત્મા.

0 આહારશુદ્ધૌ સત્ત્વશુદ્ધિઃ ।
બળ, બુદ્ધિ, આરોગ્ય, આયુષ્ય, સુખ અને પ્રીતિ વધારે,
એવો આહાર 'સાત્ત્વિક' કહેવાય છે.
વિચારપૂર્વકનું વર્તન એ 'તપ' છે.
વિચારપૂર્વક વર્તે, તેને સહન કરવાનું રહે જ.
સહન કરવું એ સત્ની સત્તા સ્વીકારવા બરાબર છે.
વિશ્વના મહાન નિયમો સમજીને વર્તન ઘડવું તે તપ છે.

શ્રદ્ધાની દૃઢતા, આચારની સાત્ત્વિકતા, તપ, દાન તથા
તપનો મહામહિમા - આટલું જો એકત્ર મળે,
તો સાધના પૂરી થયેલી ગણાય.

મોત માનવને ફરજિયાત દાન શીખવે છે.
મોત ફરજિયાત ત્યાગમાં પ્રેરે;
તેના કરતાં મરજિયાત દાન શું ખોટું ?

દાનનો આનંદ તો દાતા જ જાણે.

લક્ષ્મીની વહેંચણી કરતાં ગરીબાઈની વહેંચણી
વધારે વ્યવહારૂ અને માનવીય છે.

કથીરને કંચન બનાવનાર કોઈ
જાદુઈ ઉપાય હોય તો તે ભગવાનનું નામ છે.

જગતની જવાબદારી જગન્નાથને શિરે છે.

સિદ્ધિ એ સાધનાની દાસી છે.

ત્યાગ પછી તુરત જ શાંતિ-સાધના અને
પછી તુરત જ સિદ્ધિ રહેલી છે.

જેમાં પ્રારંભમાં સુખ પછી દુઃખ હોય, તે પ્રેમ છે.
જેમાં પ્રારંભમાં દુઃખ પછી સુખ હોય, તે શ્રેય છે.

'નાણી તીરઈ ગુત્તો !'
ત્રણ ગુપ્તિથી ગુપ્ત તે જ્ઞાની, આત્મજ્ઞાની.

જગતમાં કુદરત સામે પાપ થાય ને
એટલી વખતે પુષ્કળ પ્રમાણમાં થતાં રહે છે.
પ્રભુનું નામજપ જો પ્રેમપૂર્વક થાય,
તો તેનાથી ખોવાયેલા આત્માનું દર્શન થાય છે.
પ્રભુનામથી પ્રત્યેક ચેતનની પ્રાપ્તિ થાય છે.
જો આખો સમાજ પ્રભુનામનો વિધિત રીતે જાપ કરે,
તો સમાજનો ખોવાયેલો, રૂંધાયેલો તથા
ભુલાયેલો જગદાત્મા આપણને મળી જશે.
આજે ચાલવા માટે જેટલા ચારૂ પગ છે,
તેટલા પગ વધવા માટે નહિ.
પ્રેમથી જીવન જીતાવે તેનું જીવન, બાકીનાનું પોપટજીવન.
પરમર્ષિઓને નમસ્કાર એ
વિશ્વપ્રેમના મહાસિદ્ધાંતોને અર્પેલી અંજલિ છે.
ધર્મગ્રન્થો વાંચવાના નહિ પણ જીવવાના ગ્રન્થો છે.
બુદ્ધિ આંધળી છે, લાગણી દેખતી છે.
બુદ્ધિ વિવેચક છે, લાગણી વિવેકી છે.
બુદ્ધિ દરિયા માપી શકે છે, લાગણી દુઃખ માપી શકે છે.
બુદ્ધિ એકીકતને સ્પર્શે છે, લાગણી સુખદુઃખને સ્પર્શે છે.
લાગણીશૂન્ય બુદ્ધિ સુખવૃદ્ધિ કે દુઃખનિવારણમાં નિરુપયોગી છે.

એ કાર્ય તો ભગવાન જ કરે છે, ભગવાન પ્રેમરૂપ છે.
પ્રેમ એટલે મૈત્રી : અધમાત્માને મહાત્મા બનાવે છે.
પ્રેમ એટલે ક્ષમા: મેઘકુમારને દેવકુમાર બનાવે છે.
પ્રેમ એટલે સત્કાર: સર્પને ધરણેન્દ્રનું પદ અપાવે છે.
પ્રેમ એટલે સહાનુભૂતિ: તે આપનાર પ્રેમ સિવાય શું છે?

મૈત્રી હોય ત્યાં પ્રમોદાદિ ભાવો હોય,
ક્ષમા હોય ત્યાં સાધુતાની સૌરભ હોય,
સત્કાર હોય ત્યાં અભેદપણાનું ભાન ભાસે,
સહાનુભૂતિ હોય ત્યાં સંસારદાવાનળનું દર્શન થાય.

બુદ્ધિના વિસ્તારથી મનુષ્ય સ્વાર્થી બને છે,
ભગવાનના વિસ્તારથી પરાર્થી બને છે.

ધર્મનું ભાન બુદ્ધિથી થાય છે,
ધર્મનું આચરણ ભગવાનથી થાય છે.

આત્મનિવેદન ભક્તિ એટલે એકમાત્ર
આત્માનું આરાધન એ જ જીવનનું કર્તવ્ય માનવું તે.
માહાત્મ્ય ભાન એટલે મોટાપણાનું ભાન. એ વિનાની
ભક્તિ એ કુલટા સ્ત્રીની પતિ પ્રત્યેની બહુમાનવિહીન
ભક્તિ છે, જે કેવળ અને કેવળ સ્વાર્થ ખાતર છે.
સ્વાર્થમાં રમનારને પરમઆનંદનો અનુભવ નહિ થતો.

શત્રુભાવનો નાશ મિત્રભાવથી થાય અથવા
ભાવમિત્ર શુભભાવને જ એક મિત્ર બનાવવાથી થાય.
મૈત્રીમાં પ્રેમ દ્વારા રાગ ઉપર વિજય મળે છે,
કરુણામાં દયા દ્વારા દ્વેષ ઉપર વિજય મળે છે,
મુદિતા એટલે પ્રીતિ, ઉપેક્ષા એટલે ઉદાસીનપણું.
લોકો પુણ્યના ફળને ઈચ્છે છે પણ પુણ્ય કરતાં નથી.
લોકો પાપનાં ફળને ઈચ્છતા નથી છતાં પાપ કરે છે.
પુણ્ય કરનાર જનો વિષે પ્રીતિની ભાવના અને પાપ
કરનાર જનો પ્રત્યે ઉદાસીન વૃત્તિ ધારણ કરવાથી
પુણ્યમાં પ્રીતિ અને પાપમાં ઉપેક્ષા સધાય છે.
જગતની સાથે ચિત્તનો સંબંધ છે,
ચિત્તની સાથે સચ્ચિદાનંદનો સંબંધ છે.
'ભાવના' એટલે અંતરમાં વર્તતી ઇચ્છા.
પ્રભુની આજ્ઞા ઉપર ભાવ લાવવા માટે
પ્રભુની ભાવના ઉપર ભાવ કેળવવો જોઈએ.
○ ગાયત્રી વગર વેદો નિર્બળ છે.
વેદમાતા - વેદના કારણરૂપ છે,
પ્રવચનમાતા - ચારિત્રના કારણરૂપ છે તથા
તીર્થંકરમાતા - તીર્થંકરપણાના કારણરૂપ છે.

ભાવના પરના ભાવથી આજ્ઞા પાળવાનું બળ પ્રાપ્ત થાય.
'આજ્ઞાપાલન એ પ્રવચનની માતા છે' એનું તાત્પર્ય
પણ 'પ્રભુની ભાવના સહિત પ્રવચનની માતા'માં છે.

આજ્ઞાપાલનના અધ્યવસાયથી થતું કર્મ
એ નિષ્કામ કર્મ છે, સર્વનું કલ્યાણ કરનારું કર્મ છે.

અહંભાવ = સ્વનું અસ્તિત્વ - બાકી સર્વનું નાસ્તિત્વ.

અર્હંભાવ = સર્વનું અસ્તિત્વ.

સ્વ - પર - પરાત્મા, એમ સર્વનું ટોપલાખડું.

વિષયસુખ એ તો મદિરાપાન જેવું છે, જ્યારે
અનંત પ્રાર્થના એ કાચબાની જેમ
ઈંદ્રિયોને સંકેલી લેવાની આબાદ કલા છે.

પ્રાર્થના વડે આત્માની જ્યોતિ સાથે ચિત્ત જોડાય છે.

રોજ ત્રણે સંધ્યાએ ચિત્ત શાંત કરી
ઈશ્વરની મહાન શક્તિના વિચારમાં
પોતાનાં મન અને બુદ્ધિને સ્થિર કરવા અને
સર્વના સર્વ કલ્યાણની માગણી કરવી.

પોતાને માટે કરવામાં આવે તે સકામ કર્મ અને
બીજાને માટે કરવામાં આવે તે નિષ્કામ કર્મ.
પોતા કે બીજા માટે કશું માગવું, તે નિષ્કામ કર્મ નથી.

આપે જાણો - પોતાના માટે કશાની આશા ન રાખો.
બોલીએ કે બધું તમારું જ હતું બાદ છે.
મનુષ્ય જીવનનું એક જ ધ્યેય છે અને તે પવિત્ર
મન અને બુદ્ધિ કેવળના જ્ઞાન માટેનો નમ્ર પ્રયત્ન.
જેમ આંધળા માણસને પંડિતનું સ્વરૂપ સમજાય નહિ,
તેવી રીતે અહંકારીને નિરહંકારી પરમર્ષિઓનું
સ્વરૂપ બિલકુલ સમજાય નહિ. જે દેખો શબ્દ નહિ
અને બહાર શબ્દ નહિ, તેનું નામ 'અદૃષ્ટ'.
વળી કે સમ્યક્ત્વ શાસ્ત્રની ઉપદેશશક્તિ જ
પોતે જ્ઞાન નથી, તે જ્ઞાન માટે કેવળ પથપ્રદર્શક છે.
કેવળજ્ઞાન - આત્માનુભવ મન તથા બુદ્ધિ પર છે.
બુદ્ધિ સાંભળેલી વાતનો વ્યાકરણની દૃષ્ટિએ
અર્થ સમજવો એ જુદી વાત છે અને
તેનો સ્વાનુભવ થવો તે જુદી વાત છે.
વ્યાકરણનો અર્થ એ જ્ઞાન નથી પણ વર્ણન છે,
વર્ણનનો અનુભવ થવો એ જ્ઞાન છે.
ર + મ - આ બે જ વ્યંજનો
સ્વરની સહાય વિના બોલી શકાય છે અને
છત્ર તથા મુકુટમણિરૂપે - મસ્તકરૂપે બિરાજમાન છે.

૬૦ વિચારકણિકાઓ — તા. ૧-૯-૬૯

(૧) તત્ત્વા૦ અ - ૧માં કહ્યું છે કે:

જીવાજીવાસ્રવબન્ધસંવરનિર્જરામોક્ષાસ્તત્ત્વં ।

જીવ, અજીવ, આસ્રવ, બંધ,
સંવર, નિર્જરા, મોક્ષ - આ તત્ત્વો છે.

| | | | | |
|---|---|---|---|---|
| જીવ | = | મૂલાધારચક્ર | - | સોમવાર |
| અજીવ | = | સ્વાધિષ્ઠાનચક્ર | - | મંગળવાર |
| આસ્રવ | = | મણિપુરચક્ર | - | બુધવાર |
| બંધ | = | અનાહતચક્ર | - | ગુરુવાર |
| સંવર | = | વિશુદ્ધિચક્ર | - | શુક્રવાર |
| નિર્જરા | = | આજ્ઞાચક્ર | - | શનિવાર |
| મોક્ષ | = | સહસ્ત્રદલચક્ર બ્રહ્મરંધ્ર | - | રવિવાર |

## યોગ અને ક્ષેમની જુગલબંદી

(૨) યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ । ચિત્તવૃત્તિનો નિરોધ તે યોગ.
અપ્રાપ્તસ્ય પ્રાપ્તિર્યોગઃ । પ્રાપ્તસ્ય સંરક્ષણં ક્ષેમઃ ।
નહિ પ્રાપ્ત થયેલ વસ્તુ પ્રાપ્ત કરવી તે યોગ, પ્રાપ્ત થયેલનું રક્ષણ કરવું તે ક્ષેમ. યોગથી ક્ષેમ મહાન છે.
સુયોગ સાથે સદુપયોગ મળે, તો જ વસ્તુની કિંમત છે.

સુયોગ = સુંદર વસ્તુનો સંયોગ.
ઉપયોગ = સુયોગને સફળ બનાવનાર.

जीविदं नाऽभिकंखेज्जा मरणं नाभिपत्थए।

સૂક્તિ: જીવનની કામના ન કરે અને

મરણની પ્રાર્થના ન કરે.

માત્ર જીવનની કાંક્ષા નહિ પણ તેના સદુપયોગની કાંક્ષા કરો.

'સદુપયોગની કામના' એટલે

મળેલા વસ્તુ દ્વારા બીજાના ભલાની કામના.

न त्वहं कामये राज्यं न स्वर्गं नापुनर्भवम् ।

कामये दुःखतप्तानां प्राणिनामार्तिनाशनम् ॥१॥

આ શ્લોકમાં યોગાદિ ક્ષેમ રહિત જીવાની પ્રાર્થના છે.

અસહાયને સહાયક બનવું તે 'ક્ષેમ' છે.

શારીરિક આરોગ્ય માટે હઠયોગ,

માનસિક આરોગ્ય માટે રાજયોગ અને

આત્માના આરોગ્ય માટે

અધ્યાત્મયોગ (સમતાયોગ) જરૂરી છે.

(3) 'જીવન્મુક્તિ' એટલે જીવતાં જ મરવાની કળા.

મહારાજ ગમે તેટલો જ્ઞાની - તપસ્વી હોય છતાં

એનામાં પ્રચ્છન્નરૂપે 'अहं' વસેલો જ હોય છે

અને એ 'अहं'

એને બાહુબલી છતાં અજાણ્યો બનાવે છે.

## (૪) અક્ષમાળા જપનું વિધાન

આ વિદ્યાનું સ્મરણ માતૃકાન્યાસ સહિત
સર્વાંગે કરવામાં આવે, તે બહુ લાભપ્રદ છે.
પ્રથમ 'વિદ્યા' સહસ્રારચક્રમાં બોલી પછી
'અં નમઃ ।' બોલવું પછી વિદ્યા, પછી 'આં નમઃ ।'
એમ માતૃકાના બધા જ અક્ષરો સાથે
બધાં શરીરસ્થાનોમાં જપ કરવો.
છેલ્લા 'ળ' કે 'ક્ષ' સુધીના વર્ણોમાં બે મત છે:
એક મત 'ળ' કે 'ક્ષ' સુધીના વર્ણોનો ન્યાસ
હૃદયકમળમાં કરવાનું કહે છે.
આઠ દલમાં આઠ વર્ગ અને કર્ણિકામાં 'ક્ષ' એ રીતે
૧૬ સ્વર, ૨૫ સ્પર્શવ્યંજન, ૮ ય વર્ગ, શ વર્ગ,
અને ૧ 'ક્ષ' મળીને કુલ - ૫૦ વર્ણો થાય છે.
અનુલોમક્રમે ૫૦, પછી વિલોમક્રમે ૫૦, પછી વિદ્યા સહિત
અષ્ટવર્ગનો ૮ વાર જપ કરવાથી ૧૦૮ પૂરા થાય છે.
અષ્ટવર્ગનો ન્યાસ હૃદયકમળમાં કરવાનો હોય છે.
'વિદ્યા + ક વર્ગાય નમઃ ।' એમ બોલવાનું
એ રીતે અક્ષમાળા જપ થાય છે.
અ કે ક્ષ સુધીના વર્ણો એટલે અક્ષમાળા.
આ માળા તંત્રશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

## (૫) અનાહતોનું તાત્પર્ય

કેન્દ્રમાં રહેલ અનાહત સૂચવે છે કે
નવપદમાંથી અનાહતમાં જવાનું છે.
નવપદી સાલમ્બ છે, જ્યારે અનાહત નિરાલમ્બ છે.
સંસારચક્રમાંથી ગણાતાં માતૃકા - વર્ણાક્ષરોમાંથી નવપદીમાં
અને નવપદીમાંથી અનાહતમાં આવવાનું છે.
લબ્ધિપદી સાલમ્બ છે, તેમાંથી અનાહતમાં આવવું એટલે
કોઈપણ લબ્ધિપદનું સ્મરણ નાદ સુધી લઈ જવું જોઈએ.
લબ્ધિપદના આલંબનથી પ્રાપ્ત થયેલ નાદ કરતાં
માતૃકાના આલંબનથી પ્રાપ્ત થયેલ નાદ બળવાન છે
અને તેથી પણ વધુ બળવાન અર્હંથી થયેલ નાદ છે.
લબ્ધિપદીમાંના અનાહત વૈખરીના,
માતૃકાના અનાહત મધ્યમાના તથા અર્હંનો અનાહત
પશ્યંતી - પરાનો સૂચક સમજવો જોઈએ.
અનાહત પશ્યંતી દ્વારા જ્યારે સૂક્ષ્મને પ્રાપ્ત થાય,
ત્યારે જ તેની 'દેવ' સંજ્ઞા છે. 'દેવ' એટલે ક્રીડા
અને ક્રીડાને વહન કરનાર દિવ્ય આત્મશક્તિ.
અનાહતના સેંકડો અર્થો છે, તેમાંથી 'ધ્વનિ' એક અર્થ છે.
અનાહત પૂજ્યો કરતાં પણ પૂજ્ય છે,

કારણકે અનાહતો આત્માની પોતાની પશ્યંતી-પરા છે, તેથી તે બધા પૂજ્યપદોમાં અનુગત છે. પૂજ્યપદોમાં અનુસંધિત જે આત્મશક્તિ, તે સર્વત્ર અનુગત રહે જ.

(૬) ઋષિમંડલ યંત્ર, પછી તે આ યંત્ર હો યા સિદ્ધચક્ર યંત્ર હો, તે એક જ વસ્તુ છે. સૌમાં યંત્રત્વ સમાન છે. <u>યંત્ર એક જાતનું ચેતનાચક્ર છે, જેની ગતિ કેન્દ્રગામી છે.</u>

<u>બધાં જ યંત્રો કેન્દ્રમાં લઈ જવા માટે છે.</u>

<u>કેન્દ્ર તે આત્મા અગર આત્મશક્તિ પોતે જ છે.</u> તેને જ શિવ, બુદ્ધ, જિન, નિરંજન, શક્તિ આદિ પદોથી લક્ષિત કરવામાં આવે છે. મંત્ર-યંત્રાદિ બધાં સાધનોમાં જ્યારે પણ આત્મશક્તિ આંદોલિત થાય છે, ત્યારે જ તે અર્થક્રિયાકારી બને છે, ત્યાં સુધી તે અનર્થ ક્રિયાકારી છે અર્થાત્ અર્થક્રિયાકારી નથી. એક અપેક્ષાએ પૂજ્યપદો કરતાં પણ બાહ્યમંડળોનું મહત્ત્વ વિશેષ છે. દેવતાઓ ગત જે અર્હં પરમાત્માની શક્તિ, તેને ન સમજી શકનારા પ્રાથમિક જીવો પૂજ્યપદોની શક્તિને કેવી રીતે જાણી શકે? દેવ-દેવતાઓમાં તે શક્તિ છે કે જે વડે દેવાધિદેવની દિવ્યતાનું ભાન થાય છે. તત્ત્વતઃ દેવ દેવતાઓ જ દેવાધિદેવની બાહ્ય સ્થૂલ શક્તિ છે.

'વિદ્યાપ્રવાદ' પૂર્વના રહસ્યભૂત આ સિદ્ધચક્ર યંત્રમાં દેવતાઓનું સ્થાન - પ્રયોજન વિશાળ તથા મહત્ત્વનું છે. નવગ્રહ કે નવનિધાન એ કોઈ સામાન્ય વસ્તુઓ નથી.

આ યંત્રને સિદ્ધ કરવાનું રહે છે, જ્યારે
સિદ્ધચક્ર યંત્ર તો સદા માટે સ્વયંસિદ્ધ છે.

(૭) ચિતિશક્તિની પરમ શિવમાં એકતા તે શૈલેશીકરણ. 'શૈલ' એટલે હિમાલય. તેના ઈશ એટલે પરમ શિવ.
તેમાં તદ્રૂપ થવું તે શૈલેશીકરણ.

જે કાંઈ છે, તે વર્તમાન - વિદ્યમાન છે. સત્યનો અર્થ જ વર્તમાન - વિદ્યમાન છે. નિત્ય એટલે સદા વર્તમાન.

'એને પ્રાપ્ત કરવાનું છે'
એવા ભ્રમણા તે મોહરાજાનો છેલ્લો ગઢ છે.
જે સદા પ્રાપ્ત છે, તે પ્રાપ્તવ્ય કેવી રીતે?

સદાપ્રાપ્ત તત્ત્વની સાથે સાધનાકાળમાં સતત અનુસંધાન તે જરૂરી છે, તે તત્ત્વ સદા અનુસંધેય - સ્વયંસિદ્ધ છે.

(૮) દયાગુણ અને અદ્વેષગુણ

દુઃખિતેષુ દયાऽત્યંતં, અદ્વેષો ગુણવત્સુ ચ ।
અર્થાત્: દુઃખી જીવો પ્રત્યે અત્યંત દયાવાન અને
ગુણવાન પ્રત્યે દ્વેષરહિત બનવું.

સદ્‌ગુણોમાં સર્વ પ્રધાન ગુણ તરીકે 'દયા' છે.
ચરમાવર્તની પ્રાપ્તિ કરાવનાર પણ તે જ છે.
ધર્મનાં બધાં જ આલંબનોને નિમિત્તોને સાથે
હાજર કરનાર, બધી જ અવસ્થાઓમાં માતાની જેમ
પાલન કરનાર, પત્નીની જેમ બધાં જ સુખોને આપનાર,
રોકડ નાણાંની જેમ સર્વત્ર સાથે રહેનાર,
રસાયણની જેમ પુષ્ટ કરનાર, મોક્ષનું અવંધ્ય કારણ અને
મોક્ષ પછી પણ જેના વડે બધાને
મોક્ષ તરફ આકર્ષનાર કોઈ હોય, તો તે 'દયા' છે.
આપણા હૃદયમાં દયાને જગાડવા,
તે જ શ્રી પંચપરમેષ્ઠિઓનો અનુગ્રહ છે.
કૃતકૃત્ય હોવા છતાં જીવોમાં દયા ઉત્પન્ન કરવી,
એ તેમનું સનાતન કૃત્ય છે.
દયા એ બધા ગુણોનો અર્ક - નવનીત છે.
જેમ ભાષા અને મનના પુદ્‌ગલોની અસ્ખલિત ગતિ
છે, તેમ દયાભાવની પણ સર્વત્ર અસ્ખલિત ગતિ છે.
દયાનો ભાવ ત્રિભુવનમાં
સર્વ જીવોના અંતરાત્મામાં ભળી જાય છે.
દયાભાવ જ સર્વનો આત્મા છે.

'દયાનો લાભ એ તાત્ત્વિક અને તાત્કાલિક મોક્ષ છે,
મોક્ષસુખનો આસ્વાદ કરાવનાર છે'
આ વિચાર સૂક્ષ્મ છે અને તે સમજાઈ જાય,
તો ધર્મનું હૃદય હસ્તગત થયું કહેવાય.
દયાથી જ મનુષ્યપણું, ધર્મશ્રવણ, ધર્મશ્રદ્ધા
અને ધર્મકાર્ય પ્રકટે છે.

'તરંગવતી તરંગલોલા' ચરિત્રમાં સર્વ પ્રથમ તો પારધીને ચક્રવાક યુગલ ઉપર દયા આવે છે. પારધીના બાણ વડે ચક્રવાકનું મરણ થાય છે, તે વખતે ચક્રવાકીનો વિલાપ પારધીના મનમાં 'દયા'નો લાભ ઉત્પન્ન કરે છે. દુઃખ તથા દયાને પરસ્પર સંબંધ છે. જગતમાં દુઃખ છે, તેના ઔષધ રૂપે મહાત્માઓના હૃદયમાં દયા પ્રકટે છે. જગતનું દુઃખ દયાળુના હૃદયમાં દયા ઉત્પન્ન કરે છે.

બાણ લાગતાં પારધીના મનમાં જે 'દયા' જાગી,
તે તેને મોક્ષપર્યન્તના બધાં જ સુખોનું મૂળ બને છે.
તે પારધી ચોરોની ટોળીમાં નાયક છે.
ચોરોનો તે નાયક પદ્મસેન અને તરંગવતી,
કે જે પૂર્વભવના ચક્રવાક અને ચક્રવાકીના જીવ છે,
તેને માતા સમક્ષ ભોગ આપવા માટે પકડી લાવે છે.

પદ્મસેનને જ્યારે સ્તંભ સાથે બાંધવામાં આવે છે,
તરંગવતી તે વખતે પારધીને પોતાનું જીવનવૃત્તાંત કહે છે.
પારધી એવા ચોરના મનમાં કૃપાવશ દયા જાગે છે.
તે જ્ઞાનના બોધથી પણ બન્નેને છોડાવે છે અને
તે ચોર પોતે ચારિત્ર ગ્રહણ કરે છે.
તે મહાત્માના સંપર્કમાં અમુક સમય પછી
પદ્મસેન - તરંગવતી આવે છે અને પ્રતિબોધ પામે છે.
આ દૃષ્ટાંતમાં સ્થૂલ દયાનો મહિમા સારી રીતે સમજાય છે.

હિએ, સુહે, નિસ્સેસિએ, આણુગામિએ, પારગામિએ
ઇત્યાદિ જે વિશેષણો છે, તે આ દયાધર્મને ઘટે છે.
'પાક્ષિક સૂત્ર'માં દયાધર્મને અહિંસાલક્ખણો । સદ્દહિઃ
અહિંસારૂપી લક્ષણવાળો કહ્યો છે. એ રીતે બધા જ
ગુણો દયાસ્વરૂપ છે, દયાના જ ભેદ તથા પ્રભેદો છે,
દયાભાવને ટકાવવા જ તેને ગુણો તરીકે ઓળખાવ્યા છે.
દયાધર્મ વડે બધા જ જીવોને દુર્ગતિમાં પડતાં બચાવીને
સદ્ગતિમાં લઈ જવાનું કાર્ય શક્ય બને છે.
મોક્ષપર્યન્ત જીવને પહોંચાડવાનું સામર્થ્ય દયાધર્મમાં છે.

દ્રવ્યઅનુષ્ઠાન તે બિન્દુ છે અને
તેમાં રહેલો દયાભાવ એ સિંધુ છે.
દયા એ આનુગામિક છે.

દયાભાવ દ્રવ્યઅનુષ્ઠાનને ભાવઅનુષ્ઠાન બનાવે છે.
દયા રૂપી અનુષ્ઠાનની પરિપૂર્ણતા
કરવા, કરાવવા અને અનુમોદવા વડે થાય છે.
કરવું તે બિન્દુ છે, કરાવવું તે સિંધુ છે અને
અનુમોદવું તે સાક્ષાત ફળરૂપ છે.
સામાયિક આપણે કરીએ છીએ,
દયાભાવ વડે બાળ પાસે કરાવીએ છીએ અને પંચ
પરમેષ્ઠિ ભગવંતોના સામાયિક ધર્મને મન-વચન-
કાયાથી અનુમોદીએ, ત્યારે તે પરિપૂર્ણ સામાયિક બને છે.
આ જ ધર્મ બધાને રક્ષા કરે છે, કેમકે
તેનો સંબંધ સર્વની સાથે છે.
જેનો સંબંધ સર્વની સાથે નથી, તે ધર્મ પણ આંશિક છે,
પરિપૂર્ણ નથી કે તેમાં ત્રણ કરણ, ત્રણ યોગ ભળતા નથી,
માટે તે કેવલિકથિત ધર્મ જ બનતો નથી.
કેવલિકથિત ધર્મ એ ત્રિકરણ યોગથી થનારી ક્રિયા છે.
શ્રુતનો પાર પામવો એટલે પરબ્રહ્મની પ્રાપ્તિ થવી તે છે.

○

સત્સંગ કી આધી ઘડી, સુમિરન બરસ પચાસ;
વર્ષા બરસે એક ઘડી, અરહટ બારી માસ. (૨)

સં - ૨૦૨૫, કારતક સુ-૩, બુધવાર, તા. ૧૨-૧૧-૬૮

(૯) સ્વભાવને અનુકૂળ સંયોગો હોય, એ સુખ છે
પણ સંયોગોને અનુકૂળ પોતાનો સ્વભાવ ઘડી શકે,
એ વધુ સુખ છે. ધનવાન અને દરિદ્ર વચ્ચે અંતર
કેટલું નાનું છે કે એક જ દિવસની ભૂખ કે એક જ
રાતની તરસ તે બન્નેને સરખા બનાવી દે છે.
માનવનો ખરો સ્વભાવ નાનાં - નાનાં જીવનનાં કાર્યો
તે કેવી રીતે કરે છે, તેમાંથી પારખી શકાય છે,
પછી ભાગ્યના આવેશમાં ભલેને તે
મહાનમાં મહાન કાર્યો કરી શકતો હોય!

(૧૦) દુઃખ કરવું જ હોય તો તમારાં દુષ્કૃતોની જ કરજો,
બાકી સર્વત્ર પ્રેમ જ વરસાવજો.

(૧૧) 'ધ્યાન' એટલે શક્તિરૂપે સમસ્ત દેહને વિષે વ્યાપેલ
મનને withdraw કરી પદાર્થરૂપે
મસ્તકને વિષે રહેલ મનમાં સમાવવું - સ્થિર કરવું તે.
આ નમસ્કાર મહામંત્રના પ્રથમ પદ અથવા અન્ય
કોઈપણ સાધન દ્વારા થઈ શકે, તે સાધન શ્રેયસ્કર છે.
પ્રથમ દૃષ્ટિએ અતિદુર્ગમ લાગતા ધ્યાનની સિદ્ધિ માટે
અન્ય સાધનોની અપેક્ષાએ, તે માર્ગના સ્વાનુભવી

સદ્‌ગુરુઓમાં નિર્વિકલ્પ શ્રદ્ધા, પ્રેમ અને તાદાત્મ્ય ભાવથી પ્રાપ્ત થતી તેમની કૃપા, સાન્નિધ્ય અને સ્પર્શ - સુગમ સાધન છે. આ સાધનથી શાંતિ, પ્રેમ, આનંદ, સ્થિરતા આદિ આત્મિક ગુણોનો અનુમોદનીય લાભ પ્રાપ્ત થાય છે.

Gandhidham, કા. સુદ - ૨

(૬૨) નિર્વિચાર - નિર્વિકલ્પ મનની દશા અને તેના પ્રભાવે મળતી પ્રશાંત વૈરાગ્યમય સ્થિતિના કારણે મનને તેના ખોરાકરૂપ વિચાર - તર્ક અને કલ્પનાનો અભાવ કે અલ્પતા થવાથી દેહમાં અશાતાનો ભાસ થવો સ્વાભાવિક છે. તે માટે (a) કુદરતી સૌંદર્યનું પાન, (b) સત્પુરુષોનું સાંનિધ્ય, તજ્જન્ય કૃપા અને સત્સંગ, (c) અન્ય મિત્રો અને પરિચિતો તરફથી પ્રશંસા તથા encouragement - પ્રેરણા પરમ ઔષધિરૂપ છે.

જેથી આ કાળમાં અતિ દુર્લભ એવા શાંતિ અને આત્માનંદનો બોધ અનુભવી શકાય છે. ધ્યાનમાર્ગે જનારને કલાકો સુધી અતૂટ શાંતિ - સમાધિ, દિવ્ય ધ્વનિ - જ્યોતિ - સુગંધ, નિર્વિકલ્પતા, આશ્ચર્યની જાગૃતિ તથા યોગીઓને પણ કષ્ટસાધ્ય એવો અપૂર્વ અભ્યંતર પ્રેમ, શાંતિ, આનંદનો અનુભવ થઈ શકે છે.

પ્રકૃતિશુદ્ધિ ભક્તિ, સમર્પણબુદ્ધિ દેવ - ગુરુ - ધર્મકૃપાએ
આવો અમૃતાનુભવ અન્ય મુમુક્ષુઓને પણ પ્રાપ્ય છે.

(૨૩) કર્મના ફળનો ત્યાગ એજ તાત્ત્વિક સંન્યાસ છે.

काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः ॥

સકામ કર્મોના ન્યાસને બુદ્ધિમાન પુરુષો 'સંન્યાસ' કહે છે.

શરીર, પ્રાણ, મન, બુદ્ધિ જેટલા સંગઠિત થાય,
બળવાન - દીપ્તિમાન બને, તેટલી ઉન્નતિ શીઘ્ર બને છે.
સર્વમાં બ્રહ્મની ભાવનાથી સર્વ વિઘ્નો શમી જાય છે.

ઇષ્ટમંત્રોનો જપ, ગુરુતત્ત્વનું ધ્યાન અને
ઈશ્વરતત્ત્વનું શરણ સર્વ વિઘ્ન વિનાશક છે.

આત્મજ્ઞાનને જ 'જ્ઞાન' કહેવાય છે.

કહ્યું છે: ज्ञातं येन निजं रूपं, कैवल्यं परमं पदम् ।

જેણે પોતાના નિજસ્વરૂપનું જ્ઞાન કર્યું,
જ્ઞાન પ્રાપ્ત કરી લીધું, તેનું જ નામ કૈવલ્યપદ છે.

આત્મા દ્રષ્ટા છે, જગત દૃશ્ય છે.
અંતઃકરણ અને બાહ્યકરણ (૫ જ્ઞાનેન્દ્રિય)
- એ દર્શનનાં સાધન છે.
દ્રષ્ટા વિષયી છે અર્થાત્ subject છે.
દૃશ્ય એ વિષય છે અર્થાત્ object છે.

Subject એ objectને સાપેક્ષ છે અને
object એ Subjectને સાપેક્ષ છે.
Subject & object are Interrelated.
દર્શન અને યોગમાં સિદ્ધાંતવિષયક ભેદ ભલે હો, પણ
સાધનાવિષયક ભેદ બિલકુલ નથી, સાધનામાં સર્વ એકમત છે.
તત્ત્વજ્ઞાનમાં ભેદ છે, તે સાપેક્ષવાદથી નિરાકરણ થઈ શકે.

(૯૪) પરમાત્માનું ધ્યાન અંગે

પોતાના જ પરમ આત્માનું ધ્યાન છે.
તે વખતે આત્મા અને અરિહંતમાં કાંઈ જ ફેર નથી.
આખરે તો Oneness reigns (એકતાનું શાસન).

(૯૫) શાસ્ત્રીય શૈલી અને વર્ણન એ વૈરાગ્ય અને
ધ્યાન માટે બોધપ્રદ ઉદાહરણોની જેમ અતિ ઉપયોગી છે.
આજે ય કૌશાંબી નગરીની બહાર ચંદ્રાવતરણ ઉદ્યાન છે,
ત્યાં મહાવીર પ્રભુ સ્વયં પધારેલા છે. તે ઉદ્યાનમાં
સૂર્ય, ચંદ્રની પ્રતિમા કે એવું કાંઈ અદ્યાપિ સંભવે છે.

કાયોત્સર્ગ એ ધારણા - ધ્યાન - સમાધિ
એ બધાને સમાવિષ્ટ કરતો વ્યાપક પ્રકાર કહી શકાય.
ધ્યાન દ્વારા આત્મા અને પરમાત્માના ઐક્યનું ચિન્તન
કરવાનું એક શ્રેષ્ઠ સાધન કાયોત્સર્ગને ગણી શકાય.

વિજ્ઞાનવાદની દૃષ્ટિએ જગત વિજ્ઞાનનું જ સ્વરૂપ છે.
દૃષ્ટિમાંથી સૃષ્ટિ નિર્માણ થાય છે.
જ્યારે વિજ્ઞાન બહિર્મુખ વૃત્તિવાળું બને ત્યારે સંસાર
અને તે વિજ્ઞાન અંતર્મુખ બને ત્યારે મોક્ષ.
જે સમયે જે ઉપયોગમાં જીવ રહે તે સત્ય, એ
દૃષ્ટિએ આપણી ઇચ્છા પણ વિજ્ઞાનરૂપે સત્ય છે,
તેનું પાર્થિવરૂપ ભલે હોય કે ન પણ હોય.
વિજ્ઞાનરૂપની ઇચ્છાથી પણ અચિંત્ય લાભો મેળવી શકાય.
જીવનમાં આત્મસ્વરૂપની પ્રાપ્તિ અને તે માટે
અનેક પ્રકારના સદ્ગુણોનો વિકાસ એ મુખ્ય લક્ષ્ય છે.
શાસ્ત્રીય સિદ્ધાંત અને તેનું નિરૂપણ
એ લક્ષ્યને સિદ્ધ કરવા માટે સમર્થ છે.
આજનું માનસવિજ્ઞાન પણ એ વાતનું સમર્થન કરે છે.
જીવ જે જે ભાવમાં તન્મય બને છે,
તે તે સ્વરૂપની પ્રાપ્તિ કરી શકે છે.
જે ન હોય, તેનું ચિત્ર પણ Visualisation દ્વારા
વિકસાવી શકાય છે અને તેનું ફળ મેળવી શકાય છે.
પ્રભુ પ્રત્યે રાગ અને સંસાર પ્રત્યે વિરાગ
કેળવવાના બધાં સાધનો Spiritually ઉપકારક છે,

પણ materially હોય કે ન હોય તેનું મહત્ત્વ નથી.
હૃદયકમળમાં અરિહંતાદિની ઉપાસના તે કોટિની છે.
તે વડે સંસારથી ઉપરતિ અને
આત્માને વિષે રતિરૂપી ફળ અવશ્ય મળે છે.
કાયોત્સર્ગ અને વ્યુત્સર્ગ એ બે શબ્દોની સમાનતા લાગે
પણ કાયોત્સર્ગ એ વ્યુત્સર્ગ તપનો ભેદ નથી,
કિન્તુ ધ્યાન તપનો જ એક પ્રકાર છે.

(૨૬) ભૂતકાળ મુખ્યત્વે શ્રદ્ધાપ્રધાન હતો,
વર્તમાનકાળ પ્રધાનતયા તર્કપ્રધાન છે.
શ્રદ્ધાનુસારી માટે શાસ્ત્રકથિત ભૂગોળ - ખગોળ આદિની
સઘળી ય વાતો જે જે કલ્યાણકર હેતુ માટે કહેલ છે,
તે તે કલ્યાણને અવશ્ય કરનારી થાય છે.
બીજ કથાનુયોગમાં કહેલ અનેક વાતો હકીકતરૂપે સત્ય
ન હોવા છતાં વિશિષ્ટ ઉદ્દેશથી કહેવાયેલ તે વાતો જાતને,
ધર્મ અને અધ્યાત્મને કેળવવામાં મોટો હિસ્સો ધરાવે છે,
અનેકને જીવન ઘડવામાં માર્ગદર્શક તથા સહાયક બને છે.
તેમાં material reality અપેક્ષિત નથી.
ચિત્રશાળાના પટ ઉપર ચિત્રિત જીવંત સત્ય છે, તેથી
તેનું પરિણામ નિપજાવે જ છે.

ઐતિહાસિક કૃષ્ણ હોય યા ન હોય, કિન્તુ ઉપાસ્યભાવ કૃષ્ણ તો ભગવાનરૂપે છે જ અને ઉપાસકને તે તે ફળ આપે જ છે, કેમકે એ પણ ચિતિશક્તિના જ ભગવાનરૂપે ઉપાસના છે. સ્યાદ્‌વાદ ન્યાયથી ચિતિશક્તિ અભેદ તથા ભેદ બંને રૂપે ઉપાસ્ય બની શકે છે. ભગવાનનું તંત્ર મુખ્યતયા આ Ideal Realityથી જ ચાલી રહ્યું છે. ઈશ્વર એનું અસ્તિત્વ materially હોય યા ન હોય, Inner excistence તો હોય જ છે. પૂર્વ-જન્મની વાતો ય અતિ ઉપાસકને આગળ વધારનારી છે જ. સ્થૂલ સત્ય કરતાં પણ વૈજ્ઞાનિક સત્ય - વૈચારિક સત્ય એ ઘણું મોટું છે. નિરાધાર ભયથી ઘણાનું મૃત્યુ પણ થાય છે અને કાલ્પનિક આનંદથી પુષ્ટિનો પણ અનુભવ ઘણાને થાય છે. ભૂગોળ - ખગોળને પણ કેટલેક અંશે ઉપાસનાનું વૈચારિક સત્ય માની શકાય. તર્કાનુસારીને આધ્યાત્મિક સત્ય તરફ જ વિશેષ રુચિ આપવાનું હોય છે. શ્રદ્ધાનુસારી શ્રદ્ધાથી તથા તર્કાનુસારી તર્કથી સ્વકલ્યાણ સાધી શકે છે.

બન્નેને inner excistence સરખું છે.

આંતર કારણ તરીકે

inner reality પોતાનું કાર્ય કરે છે.

Imp.

'પરમાત્મા છે અને તે સર્વજ્ઞ છે'
એ વાત તદ્દન સત્ય જ છે,
પરન્તુ સર્વજ્ઞોનું વાસ્તવિક વિશ્વ આપણા ચેતનાવાળું
વિશ્વ નહિ પણ તેનું પરકોટિનું રૂપ છે.

(૭૭) પ્રભુદર્શન સહિત જિનશાસન

તેમાં વર્ણવેલા સૂક્ષ્મતમ અહિંસા, સ્યાદ્વાદ, ત્યાગ
આદિ વડે પોતાની વિશેષતા ધરાવે છે જ.
વિશ્વહિતની તેની ભાવના અને પ્રાણીમાત્ર પ્રત્યેની
સૂક્ષ્મદયાનો સિદ્ધાંત સર્વોપરિ છે. પાતંજલ ભાષ્ય કહે છે:
यच्छब्द आह तन्नः प्रमाणम् । शब्द प्रमाणकावयम् ।
વર્તમાન વિશ્વ ટેક્પ્રમાણકં અથવા
વિજ્ઞાનપ્રમાણકમ્ બનતું જાય છે.
આંતરિક સંપત્તિ યોગ સાધન દ્વારા જ પ્રાપ્ત થઈ શકે.
બાહ્યાંતર તપ, મૈત્ર્યાદિ ભાવ, સુંદર શીલ તથા
ઔદાર્યાદિ ગુણો વગેરે આંતરનું તેજ છે.
સંપ્રદાય levelમાં સાધના levelને ઉમેરવાની જરૂર છે.
એ દ્વારા જ પૂર્વ મહર્ષિઓએ
આજ પર્યંત શાસનને પહોંચાડ્યું છે.
તર્કાનુસારી સાથે શ્રદ્ધાનુસારી વાતો રજુ કરવી,
તે શાસ્ત્ર પરિભાષામાં અનનુયોગ છે.

શ્રોતાવર્ગને લાભદાયક હોય તેટલું જ અને
તેવું જ કથન તે અનુયોગ છે, બાકી અનનુયોગ છે.

બધા ગ્રન્થરચનાઓ અને ધર્મરચનાઓ વડે
અંતે 'આત્મદર્શન' એજ સાધ્ય છે.

ધર્મનો પાયો આત્મતત્ત્વ અથવા આત્મા સ્વયં છે.
'વત્થુ સહાવો ધમ્મો ।' એ અર્થમાં આત્મસ્વભાવ એ
જ ધર્મ છે તેમાં પણ આત્માનો ધ્રુવ સ્વભાવ અર્થાત્
આત્મભાવનું અવિનાશીપણું એજ વાસ્તવિક સાધ્ય છે.

(૯૮) ધ્યાનયોગ માટે પ્રાથમિક પ્રક્રિયા

બે હાથના અંગુઠાથી બે કાન બંધ કરી,
બે આંગળીથી બે આંખ બંધ કરી નાસાગ્ર અર્થાત્
પોતાની નેણના બે ભવાંની વચ્ચે જોવું.
પ્રથમ પ્રકાશ, રંગ વગેરે દેખાશે.
નાસાગ્ર ઉપયોગ વખતે પ્રથમ ઇષ્ટમંત્રનો જાપ કરવો, એ
પછી શૂન્યમાં આત્મા જેવું અર્થાત્ જે દેખાય છે,
તે અનંત ચિદાકાશ છે, તેમાં જાણે
વિલીન થતા હોઈએ, તેમ સાવ નિર્વિચાર બનતા જવું.
એનાથી એક વિશિષ્ટ પ્રતીતિ થશે.

- K.L. Kallaji, D. 22-11-69

(૧૯) ઘંટનાદ વગેરે સાધનાની સાચી દિશાનાં પ્રત્યક્ષરૂપ છે.
અનાહતનાદ તે બિન્દુનાદની સાધના છે,
તેમાં છેલ્લી ભૂમિકા ઉન્મનીભાવની છે.
મન સ્થિર થતાં શ્વાસોચ્છ્વાસની ક્રિયા કુદરતી મંદ પડે છે.
તે વધુ સ્થિર થતાં તેટલો વખત કુદરતી રીતે કુંભક થાય છે.
તે માટે પ્રાણાયામના જુદા પ્રયોગની જરૂર રહેતી નથી.
મન સ્થિર અને શાંત કરવા
મૂર્તિ અગર ચિત્રનું અવલંબન ઉપયોગી નીવડે છે.
ચક્ષુ અગર ભાલસ્થલ ઉપર
નેત્રને સ્થિર કરવાનો અભ્યાસ પાડવો જોઈએ.
ઘણી વખત તે રીતે કરવાથી નિમેષોન્મેષ વર્જિત સ્થિતિ
થતાં મન આપોઆપ સંકલ્પ-વિકલ્પરહિત થાય છે.
चिंता चिता समा ह्युक्ता बिन्दुमात्रविशेषतः ।
सजीवम् दहते चिंता निर्जीवम् दहते चिता ॥ (પરિશિષ્ટ-૪)

(૨૦) મહાયાન - વજ્રયાનમાં શૂન્યની મહત્તા

'મહાયાનનો' પર્યાય શબ્દ 'વજ્રયાન' છે.
તેમના મતે શૂન્યતા એજ વજ્ર છે.
શૂન્યતાજ શૂન્યથી પણ પર છે, તે નિરપેક્ષ શૂન્ય છે,
નિર્મલ, નિરંજન અને કોટિ સૂર્ય જેવો તેનો પ્રકાશ છે.

परमात्मा भवेत् शून्ये मनोऽत्र विलीयते ।

અર્થાત્: પરમાત્મા શૂન્ય છે, જ્યાં મન લય પામે છે.

શૂન્ય એટલે બ્રહ્મ. ब्रह्मण्येव मनोलयः ।

અર્થાત્: મનનો લય કેવળ બ્રહ્મમાં જ થાય.

न ध्यानं ध्यान मित्याहुर्ध्यानं शून्यगतं मनः ।

અર્થાત્: મનને શૂન્યમાં લય કરવું તે જ ધ્યાન છે,
બાકીનું ધ્યાન તે ધ્યાન નથી.

શૂન્ય એ મંત્ર પણ છે અને દેવતા પણ છે.

શૂન્ય નિરાકાર, સર્વવ્યાપી, અનંત અને અસીમ છે.

शून्यरूपं निराकारं सहस्त्रविघ्ननाशनम् ।
सर्वपरः परोदेवः तस्मात् त्वं वरदो भव ॥१॥

શૂન્ય સરોવર છે, તેમાં ભક્તિરૂપી જળ ભરેલું છે.

શૂન્ય નિરંજન છે, તેને 'ધર્મ' પણ કહે છે.

શૂન્યને સત્ય પણ કહેવાય છે, ધર્મ પણ સ્વભાવરૂપ છે.

वत्थु सहावो धम्मो । આત્માનો સ્વભાવ તે ધર્મ છે.
વળી આત્માનો સ્વભાવ

શૂન્ય, પૂર્ણ અને નિરંજન છે, સ્વરૂપ પણ છે.

સ્વરૂપ એજ ધર્મ એજ શૂન્ય અને એજ બ્રહ્મ.

શૂન્ય પોતે જ કર્તા, કર્મ અને કરણ છે.

आद्यंतरहितं शून्यरूपं देवं निरंजनम् ।
सर्वकामप्रदं देवं शून्याकारं नमाम्यहं । (परिशिष्ट-५)

શૂન્યના પર્યાયવાચક શબ્દો : સત્ય, સમરસ, એકરસ.
અવધૂત સમરસભૂત થઈને શૂન્યમાં મગ્ન રહે છે.

सर्वं शून्यमशून्यं च ।

અર્થાત્: સર્વ શૂન્ય પણ છે અને અશૂન્ય પણ છે.
શરીરનું ગગન અનહદ નાદથી ગાજી રહ્યું છે,
ત્યાં મન શૂન્યમાં સમાઈ જાય છે.
શૂન્યમંડળમાં વાદ્ય વાગે છે, મારું મન તે સાંભળી નાચે છે.
શૂન્ય સરોવરમાં પ્રભુ કમળ છે અને મન ભ્રમર છે.
અસમાન વ્યક્તિઓ વચ્ચે સાચો-શુદ્ધ પ્રેમ ન હોઈ શકે,
માટે જ પ્રભુને ભજવા તે સખાની માફક, પ્રિયની માફક.
જ્યારે પિંડમાં શુદ્ધ, અનંત, અનિર્વચનીયનાં
દર્શન થાય છે, ત્યારે સમસ્ત બ્રહ્માંડ સૌંદર્યમય લાગે છે.
o કોને કહું ? કોણ વિશ્વાસ કરશે ?
આ માનવમાં જ સત્ય-નિત્ય-ચિદાનંદમય બિરાજમાન છે.

- બાઉલ

o

Conversion એટલે The complete transformation of the inner man.

પરિધિ = To see, to know, to do, ગતિ.
કેન્દ્ર = To Be, સ્થિતિ.

Centre and circumference

એટલે કેન્દ્ર (સામાયિક) અને પરિધિ (નમસ્કાર).

(૨૨) દૃષ્ટિ તથા સૃષ્ટિ = Ideal Reality.

જગત જેવું છે, તેવું આપણે જોઈ-જાણી શકતા નથી
પણ આપણે જેવા છીએ, તેવું જગત દેખાય-જણાય છે.
વૈજ્ઞાનિકો જગતને શક્તિરૂપે, કાયમ ગતિસ્વરૂપે દેખે છે,
આપણે જગતને ગતિ-સ્થિતિ ઉભયસ્વરૂપે જોઈએ છીએ,
સર્વજ્ઞ ભગવંતો જગતને દ્રવ્ય - ગુણ - પર્યાય રૂપે
એટલે કે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપે જુએ છે.
જેમ જેમ આપણી ભૂમિકા બદલાય છે,
તેમ તેમ આપણું જગતવિષયક દર્શન પણ બદલાય છે.
કોઈ આપણને ગુણરૂપે જુએ છે અને
કોઈ વળી દોષરૂપે જુએ છે.
તેમાં આપણે તેવા છીએ, માટે તેને તેવું દેખાય છે, એમ
નહિ પણ તે જેવો છે, તેવું જ આપણું સ્વરૂપ તેની
કલ્પનામાં આવે છે, એમ કરુણાથી જ્ઞાનીઓ લોક-
સંજ્ઞાને તજવા અને શાસ્ત્રસંજ્ઞાને કેળવવા ઉપદેશે છે.

યોગીપુરુષોને સર્વજ્ઞ વીતરાગ પરમાત્માનું જે સ્વરૂપ
પોતાની યોગદૃષ્ટિથી દેખાય, તે અયોગીને ન જ દેખાય.

ભોગીને જગત ભોગનું સ્થાન દેખાય છે,
યોગીને તે જ જગત યોગનું સ્થાન જણાય છે.

બીજા આપણને જે રીતે જુએ,
તે રીતે આપણી જાતને માપવાની જરૂર નથી.

જ્ઞાનીપુરુષો આપણને જે રીતે જુએ છે,
તે રીતે જોવાની દૃષ્ટિ કેળવવી જોઈએ અને
લોકસંજ્ઞાને છોડી દેવી જોઈએ,
એજ સુખી થવાનો અને શાંતિ પામવાનો રાજમાર્ગ છે.

આપણી દૃષ્ટિ બદલાવવા માટે પ્રયત્ન કરવો જોઈએ
અને 'એ પ્રયત્નમાં સહાયભૂત પંચ પરમેષ્ઠિ છે'
એમ માનીને તેમનું અવલંબન લેવું જોઈએ.

જે સહાય કરે તે સાધુ છે અને
જે જ્ઞાન આપે તે ગુરુ છે, તેથી
પંચપરમેષ્ઠિ ભગવંતો દૃષ્ટિ બદલવામાં સહાયક છે,
માટે પરમ સાધુ છે અને સાચું જ્ઞાન આપીને
અજ્ઞાનાંધકાર દૂર કરી રહ્યા છે, માટે તેઓ પરમગુરુ છે.
તેમના અવલંબને જ આપણી અયોગ્યતાનો હ્રાસ

અને એકતાનો વિકાસ શક્ય છે,
તો તેને જ એક પરમ ગુરૂ માનીને તેમના ચરણોના
સેવક બનીને તેમની જ ઉપાસનામાં રત રહેવું જોઈએ,
બાળકોને પણ એ રીતે જ સહાયક બની શકાય.
બીજી કોઈ રીત આવા સહાયક બનવામાં ઉપયોગી થઈ
શકતી નથી, તે દૃષ્ટિબિન્દુ કેળવવાથી મન ઉપરનો ખોટો
ભાર કે બોજ ઉતરી જાય છે, મન હલકું બને છે, તેથી
પેટ પણ હલકું બને છે તથા પાચનતંત્ર પણ સુધરે છે.
તેની અસર દ્રવ્ય-ભાવ ઉભય સ્વાસ્થ્ય ઉપર થાય છે.
સૃષ્ટિ ઉપર ભાર આપવાને બદલે સ્વપર દૃષ્ટિ ઉપર
ભાર આપવાથી વૈષમ્યને પચાવવાની શક્તિ આવે છે
તથા સામ્ય સુલભ બને છે.
વળી વ્યક્તિગત રાગ-રોષ વિલીન થાય છે અને
સમષ્ટિગત એક નવી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે.
Personality વિલીન થઈને
Individuality દ્વારા Universality
અને Supremacy acquire થાય છે.
(૨૨)નૈયાયિકો સામાન્ય-વિશેષને સર્વથા ભિન્ન માને છે,
તેથી તેમના મતે સામાન્ય અતીન્દ્રિય
સર્વવ્યાપી અને અક્રિય છે.

જૈન મતે તો સામાન્ય - વિશેષ સર્વદા, ભિન્ન નથી,
તેથી ઉભય મળીને જ કાર્ય માન્ય થાય છે.
બૌદ્ધ સામાન્યને સર્વદા, અર્થક્રિયારહિત ન માની શકાય
પણ તેને કથંચિત્ અર્થક્રિયાકારિ પણ માનવું જોઈએ.
ન્યાય મતે સામાન્યનું કોઈ અર્થક્રિયાકારિત્વ નથી.
જૈન મતે કથંચિત્ છે, એટલો બંને વચ્ચે તફાવત છે.

સ્વરૂપાસ્તિત્વ 'દર્શન' રૂપ હોઈ બૌદ્ધ
વિશેષ બોધમાં કારણ બને છે, તેમ
સાદૃશ્યાસ્તિત્વને પણ બોધમાં કારણ માનવું જોઈએ.
એ બન્ને પ્રકારના સામાન્ય (સ્વરૂપાસ્તિત્વરૂપ અને
સાદૃશ્યાસ્તિત્વ) મળીને જ વિશેષ બોધનું કારણ બને છે,
તેથી વિશેષ પણ બે પ્રકારે માનેલ છે:
ગુણાવસ્થાવિશેષ જાતિગત બોધનું કારણ બને છે અને
પર્યાયાવસ્થાવિશેષ તે વ્યક્તિગત બોધનું કારણ બને છે.

ગુણાવસ્થાવિશેષ વડે સર્વ જીવો સાથે
અભેદબુદ્ધિ સિદ્ધ થાય છે અને પર્યાયાવસ્થાવિશેષથી
પોતાના ભાવત્વ સાથે અભેદ સંબંધ પ્રતીત થાય છે,
તેથી દ્રવ્ય-ભાવ ઉભય પ્રકારે ચારિત્ર નિષ્પન્ન થાય છે
તથા દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ ઉભયની
હિંસાથી બચવાનું બળ પ્રાપ્ત થાય છે.

દ્રવ્યહિંસા પરપ્રાણપીડન સ્વરૂપ છે,
ભાવહિંસા આધ્યાત્મિક છે, સ્વપ્રાણરક્ષારૂપ છે.
બંને પ્રકારનું ચારિત્ર
બન્ને પ્રકારનાં સમ્યક્ત્વની રક્ષા ઉપર અવલંબેલું છે.

(23) संपूर्णमंडलशशांककलाकलाप -
शुभ्रागुणास्त्रिभुवनं तव लंघयंति ।
ये संश्रितास्त्रिजगदीश्वरनाथमेकं
कस्तान्निवारयति संचरतो यथेष्टम् ॥

અર્થાત્ : સંપૂર્ણ ચંદ્રમંડળની કળાના સમૂહરૂપ હે ભગવન્!
તમારા શુભ્ર ગુણો ત્રણ ભુવનને ઓળંગી ગયા છે,
લોકાલોકમાં પ્રસરી ગયા છે,
જેઓ ત્રણ જગતના ઈશનો જ આશ્રય કરે છે,
તેને મુક્તિમાં જતાં કોણ રોકી શકે છે?
અર્થાત્ ભક્તિ એક મુક્તિનો રાહ છે.
તાત્પર્ય એ છે કે- આપ ચૌદ રાજલોકમાં વ્યાપ્ત છો.
સર્વત્ર આપની હાજરીની પ્રતીતિ થવાથી
બાકીનું બધું ગૌણ બને છે, સદા આપનું જ સ્મરણ રહે છે.
ભક્તિ એક કરવા યોગ્ય, એ જ એક ધ્યેય, શ્રેય, શ્રદ્ધેય છે.
અંતરમાં આત્માને પરમાત્માનું મિલન થાય,

એકાગ્રતા થાય, એ જ જ્ઞાન, ધ્યાન અને ક્રિયા છે.

પોતાની અપૂર્ણતાની પ્રતીતિ થવાથી
પૂર્ણ પર પૂજ્યભાવ પ્રગટે છે, પૂર્ણ થવા ઉત્સાહ જાગે છે;
તે માટે પુરુષાર્થ કરવાની રુચિ પ્રગટે છે.

લક્ષ્ય પરમાત્મા સિવાય બીજું કાંઈપણ દેખાય નહિ,
ત્યારે લક્ષ્ય બંધાય છે, તેથી કરુણાળુ મહાપુરુષોએ એક
ત્રણ જગતના નાથને જ હૃદયમાં રાખવાનું વિધાન કર્યું છે.

આત્માને બંધનથી મુક્ત કરે, તે સાચી ક્રિયા છે.
પૂર્ણતાના લક્ષ્યથી થતી બધી ક્રિયા સાર્થક છે,
તેમાં વ્યવહાર અને નિશ્ચયનો સુમેળ છે.

(૨૪) આપણે જે સત્ય અનુભવીએ છીએ,
તે સાપેક્ષ સત્ય હોય છે.

<u>સત્યનો આગ્રહ એ સારી વસ્તુ છે, પરંતુ વ્યવહારમાં</u>
<u>મૈત્રી-કરુણા-મુદિતા-ઉપેક્ષાની ભાવના સેવવી જોઈએ.</u>
સત્ય<u>ના આગ્રહમાં તીવ્ર મનોવેગ ન આવી</u> જાય,
તે <u>ખાતર આ ચાર ભાવનાઓ કહી</u> છે.

કોઈપણ પ્રસંગે અંતિમ કક્ષા ઉપર બેસવાનો આવેશ
ન આવી જાય તે ખાતર આ ચાર ભાવનાઓ છે.
આ ભાવનાઓ વડે જીવનવ્યવહાર સૌમ્ય બને છે.

જુદાજુદા દૃષ્ટિબિન્દુઓનો સંભવ હોઈ શકે અને તે કારણે સમાધાનવૃત્તિ કાયમ રાખવી પડે, તે સ્વાભાવિક છે.

(૨૫) દુઃખી દુઃખાધિકાન્ પશ્યેત્ સુખી પશ્યેત્ સુખાધિકાન્ ।
આત્માનં હર્ષશોકાભ્યાં શત્રુભ્યામિવ નાર્પયેત્ ॥ અર્થાત્:

દુઃખીએ પોતાનાથી વધારે દુઃખીને જોવા જોઈએ,
સુખીએ પોતાનાથી અધિક સુખીને જોવા જોઈએ.
શત્રુની જેમ હર્ષ-શોકને આત્મા સોંપવો ન જોઈએ.

'સુખ' તથા 'દુઃખ' શબ્દના અર્થ

ખં = આકાશ, જ્યાં આકાશ સુલભ છે, ત્યાં સુ + ખ.
જ્યાં આકાશ દુર્લભ છે, ત્યાં દુઃ + ખ = દુઃખ છે.

પેટમાં અવકાશ રહે તે માટે વિનોબાનો ખોરાક

૫ તોલા આકાશ, ૨ તોલા પાણી,
૪ તોલા હવા, ૧ તોલો અન્ન તથા ૩ તોલા પ્રકાશ,
આમ કુલ ૧૫ તોલા જ કુદરતી દવા.

(૨૬) મંત્રની અસર મન ઉપર અને
મનની અસર સમગ્ર શરીર ઉપર થાય છે.

most Important

'હરિ ઓં' અને 'અરિહં'
એ બે મંત્રોમાં આંદોલનો એકસરખાં જ છે.
વૈદિક મંત્રો અને છંદોમાં અદ્ભુત શક્તિ રહેલી છે.

मंत्राणामखिलानामप्येकः कार्यकृत् भवेत् शिष्टः ।
अस्यैकदेशकार्यं परे तु कुर्युः न ते सर्वे ॥ સ્પષ્ટ:
આ એક નમસ્કારમંત્ર એકલો જ સર્વ મંત્રોનું કાર્ય
કરે છે. બાકી બધા મંત્રો મળીને પણ આના એક
ભાગનું કાર્ય પણ કરી શકતા નથી. - ઉપદેશતરંગિણી

मंत्रोऽयमेव सेव्यः परत्रमंत्रे फलोपलंभेऽपि
यद्यप्यग्रे विटपी फलति तथाऽप्यस्य सिच्यते मूलं ॥
अत्राऽमुत्र च निरतं कामितफलसिद्धये परैर्मंत्रैः
नाऽभूदस्ति भविष्यति गुरुपंचकवाचकान्मंत्रात् ॥
अभिलषितकामधेनौ दुरितद्रुमपावके हि मंत्रेऽस्मिन्
दृष्टादृष्टफले सति परमंत्रे कथं रज्यतु ॥६१०॥

(પરિશિષ્ટ-૬)

(૨૭) 'નમસ્કારનું મૂળ આત્મસ્વરૂપ છે'

જેનું ચિન્તન જેમાં છે, તે ધર્મવિચાર છે.
'ધર્મ' એટલે આત્મા, બ્રહ્મ, શૂન્ય ઇત્યાદિ.
परं ब्रह्म = सर्वप्रकृष्टात्मस्वरूपं ।
ब्रह्म = निर्विकारचैतन्यमात्रात्मा ।
સ્પષ્ટ: પરબ્રહ્મ એ સર્વ પ્રકૃષ્ટ આત્મસ્વરૂપ છે,
બ્રહ્મ એ માત્ર નિર્વિકાર ચૈતન્ય આત્મા છે.

પૃથ્વી કરતાં બળવાન પર્વત, પર્વત કરતાં લોખંડ,
તેના કરતાં અગ્નિ, અગ્નિ કરતાં વાયુ કે પવન,
પવન કરતાં મન, મન કરતાં બુદ્ધિ, બુદ્ધિ કરતાં ચિત્ત
અને ચિત્ત કરતાં પણ આત્મા બળવાન છે.

(૨૮) 'સહતે' ધાતુના બે અર્થ છે: સહવું અને જીતવું.
જે સહન કરે છે, તે અંતે જીતે છે.

પ્રભુ દયાળુ, કૃપાળુ, માયાળુ, પ્રેમાળ, ન્યાયી, ઉદાત્ત, દાતાર છે.
ઈસ્લામનો ઉપદેશ છે કે એકેશ્વર શ્રદ્ધાના રાખવી,
પરમેશ્વરને એક માનવો અને સૌની સાથે પ્રેમ રાખવો.
બાઈબલમાં પણ તેમ જ કહ્યું છે.
હિંદુ, જૈન અને બૌદ્ધધર્મમાં પણ
પિતૃભાવ અને ભ્રાતૃભાવ કેળવવાનો ઉપદેશ છે.
Fatherhood of God and
Brotherhood of man.

(૨૯) શરીર એ તુંબડી છે.
V.V. Imp. જેમ તુંબડી ખાવાના કામમાં ન આવે,
પણ તરવાના કામમાં આવે છે, તેમ શરીર એ સુખનું
સાધન નહિ પણ ભવસમુદ્ર તરવાનું સાધન અવશ્ય છે.
વસ્તુના યથાર્થ સ્વરૂપનું ચિંતન = શુક્લધ્યાન યા ધર્મધ્યાન.

આલંબન અને મોહનો આશ્રય લઈને વસ્તુના
અયથાર્થ સ્વરૂપનું ચિન્તન તે અશુભ ધ્યાન છે.
શુભ, અશુભની સાથે એક ત્રીજું ધ્યાન શુદ્ધ ધ્યાન છે.
પહેલું આર્તધ્યાન, બીજું ધર્મધ્યાન, ત્રીજું શુક્લધ્યાન છે.
મોહ અને આલંબન એ મૂડીના સ્થાને છે.
રાગ એ વ્યાજના સ્થાને, ઇચ્છા એ મોહનો પર્યાય છે.
પુષ્પ અને તેની ગંધ, વૃક્ષ અને તેની છાયા તથા
બિંબ અને તેનું પ્રતિબિંબ : સાકાર - નિરાકાર છે.
જેમ પાણીમાં પડેલું તેલ એ પાણીથી ભિન્ન છે,
તેમ શરીરમાં રહેલું ચૈતન્ય શરીરથી ભિન્ન છે.

ગુરુજી.

## પ્રભુપૂજાથી મળે એકતા

અભિષેક કરવાથી જીવ અભિષેકને યોગ્ય બને છે.
પૂજા કરવાથી પૂજ્ય તથા સ્તવન કરવાથી સ્તવનીય બને,
જપ કરવાથી જપનીય બને, ધ્યાન કરવાથી ધ્યેયરૂપ બને,
તથા ભક્તની સેવાથી જીવ ભક્તરસ બને છે.
Living level એટલે જીવનધોરણ ઊંચું લાવવા
માટે giving level ઊંચું લાવવું જોઈએ.
પુણ્ય એટલે giving, પાપ એટલે nongiving.
use me, I have. give me, I lack.

(30) પાપ - પુણ્યમાં સૌથી ભારે કયું ?

મિથ્યાત્વશલ્ય એ મોટું પાપ છે.

જ્ઞાનીના સત્તર પાપથી પણ તે ભારે છે, કેમકે
તેમાં પાપક્રિયા નહિ પણ પાપક્રિયાની અનુમતિ છે.

નમસ્કાર એ મોટું પુણ્ય છે.

જ્ઞાનીના નવ પ્રકારના પુણ્યમાં તે શ્રેષ્ઠ છે, કેમકે
તેમાં સાક્ષાત્ પુણ્ય ક્રિયા નહિ, પરન્તુ
બધા પ્રકારની પુણ્ય ક્રિયાઓનું, પવિત્ર વર્તનોનું તથા
પવિત્ર વિચારોનું અનુમોદન છે.

પહેલાં પાંચ પુણ્યોમાં અન્નજલાદિ પદાર્થોનું દાન છે,
મનપુણ્યમાં શુભ વિચારોનું દાન છે,
વચનપુણ્યમાં શીલધર્મનું પાલન છે.
પવિત્ર વાણી, સત્ય - પ્રિય - હિતકર વાણી
એ સર્વ પ્રકારના શીલ અને સદાચારમાં પ્રધાન છે.
કાયપુણ્યમાં તપધર્મનું સેવન છે.
કાયા વડે બીજાનું કામ કરવું, સેવા - વૈયાવચ્ચ કરવી
અને તે માટે પોતાની કાયાનો અથવા
કર્મેન્દ્રિયો - જ્ઞાનેન્દ્રિયોનો સદુપયોગ કરવો તે તપધર્મ છે.
નમસ્કારમાં ભાવધર્મનું સેવન છે, જે હૃદયમાં જન્મે છે.

હૃદયથી ત્રણ કાળ - ત્રણ લોકની સર્વ સુકૃત પ્રવૃત્તિઓનું અનુમોદન કે appreciation એ ભાવધર્મ છે અને તેનું સંપૂર્ણ પાલન નમસ્કારના આરાધનથી થાય છે.

આમ ૯ પ્રકારના સુકૃતમાં દાન - શીલ - તપ - ભાવરૂપ

ચારે પ્રકારના ધર્મનું સેવન થાય છે,

તેમાં પણ ભાવધર્મ મુખ્ય છે.

ભાવ એ નભોમંડળમાં સૂર્યના સ્થાને છે.

ભાવમાં ધર્મનો પક્ષપાત છે.

ભાવશૂન્ય ક્રિયાનું મૂલ્ય ઘણું અલ્પ છે અને

ક્રિયાશૂન્ય પણ ભાવનું મૂલ્ય અનલ્પ છે.

નમસ્કારમાં સર્વ પ્રકારની શુભ ક્રિયાઓ પ્રત્યે અનુરાગ છે, સદ્ભાવ છે, આદર અને બહુમાન છે, તેથી તે નવમું સુકૃત કહેવાય છે અને બાકી બધા સુકૃત કરતાં ચઢીયાતું છે. એના પ્રભાવે જ બાકી બધા ધર્મનાં અંગો મોક્ષપ્રાપ્તિમાં કારણ બને છે.

(૩૨) પદસ્થધ્યાનમાં નામઅરિહંતની સાથે એકતા સધાય છે. રૂપસ્થધ્યાનમાં સ્થાપનાઅરિહંતની સાથે એકતા સધાય છે. પિંડસ્થધ્યાનમાં દ્રવ્યઅરિહંત સાથે એકતા સધાય છે અને રૂપાતીત ધ્યાનમાં ભાવ અરિહંતની સાથે એકતા સધાય છે.

ભાવ અરિહંત એટલે વિચરતા જિન છે,
તેમ અંતર્યામી આત્મા પણ ઉપયોગરૂપે ભાવઅરિહંત છે,
તેની સાથે એકતા અપૂર્વ આનંદને અર્પનાર થાય છે.
સિદ્ધચક્રનું ધ્યાન ચારિત્ર અને તપરૂપી ચક્રનું જ ધ્યાન છે.
અનાહત એ તેના તીક્ષ્ણ ધારરૂપે છે. યંત્રનું સૂક્ષ્મબુદ્ધિથી
અવલોકન કરતાં સહેજે આ રહસ્ય સમજાય છે.

અનાહતનું ચાર વાર થતું આલેખન
એ આત્મવિશુદ્ધિની અનુક્રમે થતી પ્રગતિને સૂચવે છે.
(૩૨) થોડા દિવસ અંતર પડ્યા પછી જ્યારે ફરીને
ધ્યાનમાં બેસવા આવે છે, ત્યારે પૂર્વ કરતાં વિશિષ્ટ
આનંદ, સ્થિરતા, શાંતિ તથા સુખનો અનુભવ થાય છે.

પ્રથમ જે સામાન્ય અનુભવ થાય,
તે જ પરંપરાના અભ્યાસથી વિશિષ્ટ બનતો જાય છે,
તેથી ‘એગો આદા’ એ સૂત્રનું રહસ્ય સ્પષ્ટ થતું જાય છે.

ચારિત્રના અસંખ્ય અધ્યવસાય સ્થાનોમાં
અનુક્રમે અનંતગુણ વિશુદ્ધિ વગેરેનું તારતમ્ય સમજાય છે.

ધ્યાનયોગનું ફળ સમતાયોગ છે.
એ સમતા, સમાધિની પ્રતિદિન વૃદ્ધિ થતાં ચિત્ત અને
શરીરાદિને પણ શાંતિ તથા શીતળતાનો અનુભવ થાય છે.

મનમાં અશુભ વિચારો અને વિકારોનો
પ્રવેશ થઈ શકતો જ નથી, કદાચ દાખલ થઈ જાય તો
તુરત જ તેને બહાર નીકળવું પડે છે.
પરમાત્મપ્રભુ આપણને પોતાના સાધર્મિક-સજાતીય માની,
પોતાની સમાન કરવા ચાહે છે, ત્યારે
આપણે તેમનાથી જુદાં રહેવા ટેવાઈ ગયેલા છીએ.
તેથી નિશ્ચયથી શુદ્ધ નિર્મળ સ્વરૂપ પરમાત્માને પણ
ભાવથી મળવા માગીએ છીએ.

નિર્મલં સ્ફટિકસ્યેવ સહજં રૂપમાત્મનઃ ।
અધ્યસ્તોપાધિસંબંધો જડસ્તત્ર વિમુહ્યતિ ॥૨॥

ટબાર્થ:- નિશ્ચયનયથી આત્મા લેપાયેલ કર્મથી બંધાયેલ નથી. વ્યવહારનયથી લેપાયેલો - કર્મથી બંધાયેલો છે. જ્ઞાનયોગી શુદ્ધ ધ્યાનથી અલેપ દૃષ્ટિએ શુદ્ધ થાય છે અને ક્રિયાવાળો લિપ્તપણાંની દૃષ્ટિએ શુદ્ધ થાય છે એટલે લેપ ટાળવા અભ્યાસને અવલંબે છે.

અલિપ્તો નિશ્ચયેનાત્મા લિપ્તશ્ચ વ્યવહારતઃ ।
શુદ્ધ્યત્યલિપ્તયા જ્ઞાની ક્રિયાવાન્ લિપ્તયા દૃશા ॥૨॥

પરમતત્ત્વ સાથે તન્મય બનવાની આ રહસ્યમય ચાવી છે.
એકતાની ભાવનાથી ભાવિત થયા વિના
આત્મસ્વરૂપમાં સ્થિર થઈ શકાતું નથી.

જાપમાં એકાગ્રતા ભળવાથી નામઅરિહંત સાથે,
રૂપસ્થ ધ્યાનમાં એકત્વ થવાથી સ્થાપનાઅરિહંત સાથે,
પિંડસ્થધ્યાનમાં એકત્વ થવાથી દ્રવ્યઅરિહંતમાં તથા રૂપાતીત
ધ્યાનમાં એકત્વ થવાથી ભાવઅરિહંત સાથે એકતા થાય છે.
અહીં ભાવના કારણરૂપ દ્રવ્યનિક્ષેપ ગ્રહણ કરવો.

'ભાવપણે સવિ એકરૂપ, ત્રિભુવનમાં ત્રિકાળે,
તે પારગને વંદીયે, ત્રિહું યોગ સ્વભાવે.' ...(૬)

અરિહંત પરમાત્માના નામાદિ સાથે તન્મય બનવાથી પણ
જ્યારે અપૂર્વ આનંદ અનુભવાય છે, તો પછી
ભાવથી અરિહંતરૂપ આત્મસ્વરૂપ સાથે તન્મય બનવાથી
અતિ આનંદનો અનુભવ થાય, તેમાં પૂછવું જ શું?
મહાવિદેહમાં રહેલા ભાવ અરિહંતો કે સિદ્ધિને વરેલાં
દ્રવ્યઅરિહંતો સાથે તન્મય બની શકાતું નથી, છતાં નિકટ
રહેલ અંતરાત્મા સાથે તો તન્મય બની શકાય તો પછી
તે પ્રભુ સાથે એકમેક બની જવા કેમ પુરુષાર્થ ન કરવો?

તેમને મળવાની તીવ્ર તાલાવેલી
આપણા સર્વ મનોરથોને પૂર્ણ કરશે.

- શ્રી દેવચંદ્રજી કૃત અભિનંદન જિન સ્તવન

Kalapurna, Ahmedabad

(33) મુખ્ય જવાબદાર વ્યક્તિઓના પ્રમાદી જીવન અને આચરણ એમના અનુયાયીઓને અધોગતિમાં લઈ જવા માટે મદદરૂપ થાય છે.

ઉચ્ચ એવો જીવભાવ નષ્ટ થવાથી જીવતત્ત્વ વિશ્વમાનસવાળું બની જાય છે.

ભેદભાવ એટલે દ્વૈત, દ્વૈત એટલે ભય,
ભય એટલે દુઃખ, દુઃખ એટલે પાપ,
પાપ એટલે પુનઃ દુઃખ, પુનઃ પાપ, એ રીતે અધમતાનું મૂળ કારણ ભેદ, તેનું નિવારણ અભેદ.

(34) 'માનવતા' એટલે જીવ પ્રત્યે માન અને પ્રેમ - તેને વિકસાવવાથી મહામાનવ અને અતિમાનવ બની શકાય છે. જીવનના વિશુદ્ધ કલ્યાણ માટે શારીરિક, વાચિક અને માનસિક પ્રયત્ન ઉપરાંત શરીર વડે, ઇતર વ્યક્તિઓની સેવા વાણી વડે, અભિમાનરહિત સદુપદેશ અને મન વડે માનવમાત્રનું વિશુદ્ધ ભાવથી હિતચિન્તન, એનું જ નામ માનવતા, મહામાનવતા અને અતિમાનવતા.

સ્વેતર પ્રાણી અથવા માનવ સાથે આત્મભાવ વડે એકત્વની અનુભૂતિ એજ માનવતા વિકસાવવાનો અનન્ય માર્ગ છે.

ભેદબુદ્ધિ પશુતા તરફ લઈ જાય છે,
અભેદબુદ્ધિ માનવતા - મહામાનવતા તરફ દોરી જાય છે.

'વિશ્વ' શબ્દનો અર્થ દૃશ્યમાન બાહ્ય જગત નહિ, કિન્તુ
સ્વ સ્વ સ્થૂલ દેહાભિમાનમાં રહેલ
બૌદ્ધાત્મક તથા વાસનાત્મક સંસ્કારપુંજ અને તદનુરૂપ
દેશ, કાળ અને પાત્રની મર્યાદાયુક્ત વસ્તુ અને વ્યક્તિ.

યજ્ઞ = યજ્ ધાતુનો અર્થ પૂજા, દાન અને સંગતિકરણ.

દેવપૂજા એટલે...

દિવ્ય આચરણવાળાનું આદર સહિત અનુસરણ, અનુકરણ.

દાન = યોગ્ય વિતરણ, અન્નાદિ વડે યથાવિધિ સંપાદન.

સંગતિકરણ એટલે...

સમાન માર્ગમાં ગમન, એક જ માર્ગે ઘણાઓનું ચાલવું
તથા સર્વ સમાજ માટે હિતકારી સંવિધાન.

દેહાત્મને સર્વસ્વ માનનારા લઘુ માનવો માટે
દ્રવ્યયજ્ઞરૂપી દાન અને પૂજન છે.
તે વડે દ્રવ્યત્યાગ અને શરીરની ચેષ્ટાનું નિયમન થાય
અને ઉદાત્ત ભાવધારાપૂર્ણ બનવાની તાલીમ મળે છે.
સંગતિકરણમાં સ્વસ્વ રુચિ-મતિના ત્યાગની અપેક્ષા છે,
એ ત્યાગ દ્રવ્યત્યાગ કરતાં વિશિષ્ટ છે, કેમકે તે

સ્વમતિ અને વાસનાઓના મહાત્યાગની અપેક્ષા રાખે છે.
પરસ્પર સહાનુભૂતિ દ્વારા પૂર્ણ સહાયતા આપવા વડે
દૃષ્ટિને અનુભવવાની હોય છે.

'ભાવે હિ વિદ્યતે દેવો ।' ભાવમાં જ દેવોનો નિવાસ છે.
સજાતીય વિચારધારા અને ભાવધારાધરાવતા મનુષ્યોમાં
સ્વાભાવિક રીતે જ પરસ્પર પ્રેમ અને સહાનુભૂતિ હોય.

પશુમાનવ કેવળ પ્રેયસ્ હોય છે,
પંચસંસ્કાર સહિત પ્રેયસ્ તે માનવ છે.
શ્રેયસ્યુક્ત પ્રેયસ્ને મહામાનવ અને
કેવળ વિશુદ્ધ પ્રેયસ્ના કામને અતિમાનવ કહેવાય છે.
તેઓમાં વૈયક્તિક વાસનાનો અભાવ હોય છે.
જ્યાં સૂક્ષ્મ સ્થૂળ દેહાભિમાનજન્ય બોધ અને
તે બોધને અનુરૂપ પ્રેયસ્ - શ્રેયસ્ની અભિલાષા છે,
ત્યાં સૂક્ષ્મ આ ભેદ અસ્તિત્વ ધરાવે છે.

(૩૫)સૂક્ષ્મ દેહધારીને 'ગ્રહ'નો સંયોગ હોય છે અને
કારણ દેહધારીને 'નક્ષત્ર'નો સંયોગ હોય છે.
ગ્રહ મનને અવલંબે છે, નક્ષત્ર અહંનું અવલંબન કરે છે.
અનંત ગ્રહ - નક્ષત્રોમાંથી નવ ગ્રહ અને
સત્તાવીસ નક્ષત્રોની કલ્પના કરવામાં આવી છે.

તે તે ગ્રહ અને નક્ષત્ર સજાતીય સંસ્કારને અનુરૂપ તે તે પ્રાણીવર્ગના આશ્રિત રહીને તેઓને સંચાલન કર્યા કરે છે.

ગંભીર રીતે વિચાર કરતાં

ધર્મના પરાશ્રયી જીવોનો દોષ હોતો નથી. તે તે જીવો 'જીવ, જગત અને ઈશ્વરતત્ત્વ'ની સાથે અપરિચિત હોવાથી અન્ય પશુવત્ કુત્સિત આહાર-નિદ્રાદિ પરાયણ હોવાથી કૃપા-દયાના પાત્ર હોય, નિંદા અને ઘૃણાના નહિ.

સંગતિફલરૂપી ધર્મને પાત્ર માત્ર બુદ્ધિમાન, સ્વતંત્ર અને તટસ્થ વિચારપરાયણ મનુષ્યો જ હોય છે, કેમકે તેઓ જીવ, જગત, ઈશ્વરતત્ત્વના પરિચિત હોય છે, કુત્સિત આહાર-નિદ્રાદિને જીવનનું સર્વસ્વ માનતા નથી

તથા નદીના પ્રવાહની જેમ

કુત્સિત વાસનાના વેગમાં તણાઈ જતાં નથી.

'પરસ્પર ભાવયન્તઃ શ્રેયઃ પરમવાપ્સ્યથ ।' અર્થાત્: પરસ્પરના શ્રેયની કામના જેમનામાં નથી, તેઓ સંઘબદ્ધ રહીને શ્રેયસ્ કે પ્રેયસ્, બેમાંથી એક પણ સાધી શકતા નથી.

સંગતિફલ એ કલ્યાણી મહાધર્મ છે.

(૩૬) દ્રવ્યધર્મ = પ્રેયસ્કામી, ભાવધર્મ = શ્રેયસ્કામી

દ્રવ્યધર્મમાં માન-પ્રતિષ્ઠાની કામના છે.

ભાવદયામાં સર્વાત્મદર્શિતા હોવાથી કોમળતાનો અભાવ છે.
સર્વાત્મદર્શિતા એટલે 'સર્વભૂતહિતે રતઃ ।'
તે ભાવ જેઓમાં નથી, તેઓના દાન - દયાદિ કાર્યોમાં
ઉત્તમ - superiorનો ભાવ રહેલો હોય છે અને
અધમ - inferiorનો ભાવ રહેલો હોય છે.
રાગ-દ્વેષનું મૂળ કારણ ઉત્તમ અથવા અધમભાવ છે.
મુક્તિ બે પ્રકારની છે: ક્રમમુક્તિ અને સદ્યોમુક્તિ
સંપ્રદાયાનુસારી જીવ, જગત અને મુક્તિનું
તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી ભૌતિક જગત પ્રત્યે
ઉદાસીન રહેનારા ક્રમમુક્તિના અધિકારી છે.
સંગતિરહિત રૂપી મહાદયાના આધારે
સ્વપર કલ્યાણ કરનારા સદ્યોમુક્તિના અધિકારી છે.
ધર્મ અને અધર્મનો વિભાગ પાડ્યા વિના
ઇહલોક સુખના અર્થી તે લઘુમાનવ છે,
ધર્મયુક્ત ઐહિક સુખના અભિલાષુક માનવ છે.
ઇહલોક - પરલોક ઉભયના અર્થી તે મહામાનવ છે અને
દિવ્ય પરલોકના, મોક્ષસુખના અભિલાષી અને
તે માટે જ ઉદ્યમ કરનારા અતિમાનવ છે.
અતિમાનવમાં સર્વ ભૂત-પ્રાણી સાથે અભેદબુદ્ધિ હોય છે.

લઘુમાનવ અને માનવમાં દ્વૈતાત્મ બુદ્ધિ હોય છે, જ્યારે
મહામાનવમાં ભેદાભેદ બુદ્ધિ હોય છે.
એ રીતે ચાર પ્રકારનો વિભાગ સમજવો.

(39) વાદ - ઔદારિક શરીર સમાન હોય, છતાં પ્રત્યેકનું
આંતરમાનસ શરીર તથા તૈજસ-કાર્મણશરીર ભિન્ન હોય.
માનસશરીર બોધાત્મક હોય છે અને
કાર્મણ શરીર વાસનાત્મક હોય છે.
વાસનાના ભેદે બોધ પણ ભેદ હોય છે, તેથી
'સમાન આકૃતિવાળા મનુષ્યો પણ
ગુણાદિ, ક્રિયાદિ અને રુચિદિ ભિન્ન હોય છે.'
એવી સમજ જેને હોય, તે
સ્વાશ્રય - સ્વતંત્ર તથા અભેદનો અધિકારી થઈ શકે છે.
તેનાં સાધન તત્ત્વજ્ઞાન, વાસનાક્ષય અને મનોનાશ છે,
તે માટે નિવૃત્તિમાર્ગ આવશ્યક છે.
પ્રવૃત્તિમાર્ગમાં તત્ત્વજ્ઞાન મેળવી શકાય છે, કિન્તુ
વાસનાક્ષય અને મનોનાશ દુષ્કર છે.
તેઓ માટે સંગતિસ્વરૂપથી મહાયત્ન બતાવ્યો છે.
વિદ્યા અને મંત્ર તેમાં સહાયરૂપ બને છે.
'અઘહરણાસ્તુદક્ષ:।'

મંત્રદેવતા પાપનાશ માટે સમર્થ હોય છે.
મંત્રજાપ વડે પ્રભુબળ અને મનોબળ વધે છે.
સમ્યગ્ આત્મદૃષ્ટિથી પ્રભુભજન ન હોય તો પ્રભુબળ
અને મનોબળ વધવાથી અહંકારની પણ વૃદ્ધિ થાય છે.
આ ચિત્તસ્થિત અહંભાવની શુદ્ધિ પ્રભુભક્તિથી થાય છે.
સમષ્ટિ સ્વાર્થમાં સ્વ-પરાર્થની બુદ્ધિ પેદા કરવા માટે
સામુદાયિક - સંગઠનની પણ આવશ્યકતા છે,
તેથી સર્વે વિઘ્નોનો વિલય થાય છે.
પ્રેયસ્કામીને લૌકિક વિઘ્નો આવે છે,
શ્રેયસ્કામીને અલૌકિક વિઘ્નો આવે છે.
'અલૌકિક' એટલે વિભિન્ન જાતીય બોધ વાસનાત્મક
સંસ્કારવાન ગ્રહ, નક્ષત્ર અને અસુર વગેરે મલિન જીવો.
૦ સૌને આત્મા પ્રિય છે, તેથી આંતર-બાહ્ય જગતના
પ્રાણીમાત્ર ઉપર વિશુદ્ધ હૃદયથી આત્મભાવ કેળવવા વડે
સૃષ્ટિમાં ઇષ્ટ આત્માને પ્રસન્ન કરી શકાય છે.
આ એક અનુભવસિદ્ધ ભારતીય તથા વૈદિક સિદ્ધાંત છે,
જે અમોઘ તથા અદ્વિતીય છે. મંત્રનો વિનિયોગ સ્વપર
કલ્યાણ માટે ઉપયોગી થાય, તેવા બળ, વીર્ય, વિદ્યા,
બુદ્ધિ અને શક્તિ મેળવવા હું આ મંત્રનો જાપ કરું છું.

બળ = મનોબળ, વાણી = વચનબળ, વિદ્યા = વાક્બળ,
બુદ્ધિ = વિચારબળ, શક્તિ = આત્મબળ.

શ્રેયાર્થીઓ માટે આ પાંચે બળની જરૂર છે.

ત્રણ ઋણ - ઋષિઋણ, દેવઋણ અને પિતૃઋણ છે.
સ્વાધ્યાય વડે ઋષિઋણમાંથી મુક્ત થવાય છે.

દેવઋણ અને પિતૃઋણમાંથી મુક્ત થવાને માટે પોતાનું સુકૃતકર્મ અર્પણ કરવું જોઈએ. તે રીતે ત્રિવિધ ઋણમાંથી મુક્ત થનારને સાધન નિર્વિઘ્ન બને છે.

'દુષ્કૃતગર્હા' એટલે પાપના ફળ રૂપે દુઃખ આવે, ત્યારે તેનો ભાર બીજા ઉપર ન નાંખતા પોતાની ઉપર લેવો.

'સુકૃતાનુમોદના' એટલે પોતાનાથી થતાં સુકૃતમાત્રનું સમર્પણ - દેવ અને પિતરને અર્પણ કરવું.

'શરણાગમન' એટલે સર્વને આત્મસમાન સમજવા.

(૩૮) <u>ચાહવું અને સહવું એ બે મુખ્ય ગુણોને કેળવવા</u>
<u>બીજાને ચાહતા શીખો અને દુઃખને સહતા શીખો.</u>

દરેક પ્રાણી સાથે યથાશક્ય સહાનુભૂતિવાળું વર્તન રાખો,
દરેક પ્રતિકૂળ સંયોગોમાં સહનશક્તિને જાળવી રાખો.

જીવન સુધારવું એટલે મનને સુધારવું.
જીવન જગાડવું એટલે મનને જગાડવું.

બાહ્યક્રિયાત્મક વ્યવહાર અને આંતરભાવાત્મક
વ્યવહારનું મુખ્ય સંચાલન મન વડે થાય છે.
મન બગડેલું હશે તો બાહ્યાંતર વ્યવહાર બગડશે.
મન સુધરેલું હશે તો બાહ્યાંતર વ્યવહાર સુધરશે.
સા વિદ્યા યા વિમુક્તયે । ત્રિવિધતાપથી મુક્ત કરે તે વિદ્યા.
અક્ષરાધીન શબ્દ છે, શબ્દાધીન ભાવ છે.
ભાવાધીન વાસના છે અને વાસનાધીન મન છે.
મનને આધીન સુખ - દુઃખ છે.
દુઃખ જોઈતું હોય તો મનને બગાડો.
સુખ જોઈતું હોય તો મનને સુધારો.
મનને સુધારવાનો ઉપાય સ્વાધ્યાય છે.
તે જપરૂપ અને શાસ્ત્રાધ્યયન રૂપ બે પ્રકારનો છે.
વર્ણમાળાના (૫૦) અક્ષરોમાં જ
મનને સુધારવા કે બગાડવાની શક્તિ નિહિત છે.
'મન' એટલે એકત્ર કરેલ સંસ્કાર, શુભાશુભ વાસના.
વાસના અને સંસ્કાર એ અનુભૂત શબ્દરાશિસ્વરૂપ છે.
અણુ જેટલા મનને વશ કરવું કાર્ય
સમુદ્રને શોષવા કરતાં કે મેરૂનું ઉન્મૂલન કરવા કરતાં
પણ અન્ય રીતે દુષ્કર છે - સ્વાધ્યાયબળથી તે સુકર છે.

મંત્રવિજ્ઞાન વડે મન સહેલાઈથી વશ થઈ શકે છે.

अप्यब्धिपानान्महतः सुमेरून्मूलनादपि ।
अपि वह्न्यशनात् साधो विषमश्चित्तनिग्रहः ॥

‘મન’ એટલે વાસનાપુંજ અને
વાસના એટલે અનેક પ્રકારના શબ્દોનો પુંજ.
કાંટા વડે જેમ કાંટો નીકળે, તેમ
વિશિષ્ટ શબ્દો વડે વાસનાને જીતીને દૂર કરી શકાય છે.
પ્રત્યેક યંત્રના મૂળમાં એક ચક્ર હોય છે.
ચક્ર સાથે નિયામક અને ગતિરોધક હોવા જોઈએ.
ગતિનિયામક = Regulator, ગતિરોધક = Break.
તે ન હોય તો હાનિ થવા સંભવ છે.
મનરૂપી ચક્રથી જે વ્યવહાર કરવાનો છે,
તેમાં પણ તેને આપણી ઇચ્છા મુજબ
સંચાલન અને નિરોધ કરવાની શક્તિ હોવી જોઈએ.
મનચક્રને શ્રી ચક્ર પણ કહે છે.
તેના આધારે જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિના વ્યવહાર ચાલે.
મન એ વાસનાપુંજ રૂપ હોવાથી સતત ગતિમાન છે.
તેના ઉપર બ્રેક અર્થાત્ ચિત્તવૃત્તિઓ સંયત ન હોય તો
આહારાદિ સંજ્ઞાને આધીન રહે છે તથા

તે પશુવત્ દિવા - રાત્રિ પ્રવાસ કર્યા કરે છે.

અસંયત મન એટલે...

આત્માને અવશભૂત મન એટલે કે મનની ગુલામી.
ચિત્ત સતત વેગવાન હોવાથી અશાંત રહે છે.

અશાંતિ એજ દુઃખ છે.

સંયત ચિત્ત વડે વાસ્તવિક સુખનો અનુભવ થઈ શકે છે.
gross and fine elements એટલે કે
સ્થૂલ અને સૂક્ષ્મ તત્ત્વોમાં સર્વશ્રેષ્ઠ તત્ત્વ, તે મન છે.
તેને વશ કરવાથી ચક્ષુ આદિ ઇંદ્રિયો વશ રહે છે.

जितं जगत् केन ? मनो हि येन ।

જગત કોના વડે જીતાયું ? જેના વડે મન જીતાયું.
સુખ - દુઃખજન્ય રાગદ્વેષાત્મક વૃત્તિઓ જાગે છે,
ત્યારે સ્વ - સ્વ ભાષાને અનુરૂપ
શબ્દ સ્ફુરણાકાર સંકલ્પ - વિકલ્પ થાય છે. ભોગોત્સુક
સંકલ્પો ભોગ્ય પદાર્થો મેળવવા તે તે ઇંદ્રિયોને પ્રેરે છે
અને દુર્બલ સંકલ્પ હોય, તે શાંત થઈ જાય છે.
એ રીતે દિવસ - રાત સાર્થક અને નિરર્થક
સંકલ્પ - વિકલ્પ ઉઠતાં જ રહે છે અને
ઘાણીના બળદની જેમ જીવને ભમાવ્યા કરે છે.

જેમ વધારે શબ્દજ્ઞાન, તેમ વધારે ગતિશીલ મન.
શબ્દ સંસ્કારજન્ય મનશ્ચક્રની ગતિને વિશિષ્ટ શક્તિ
- કંપન્ન મંત્રના વારંવાર ઉચ્ચારણથી અથવા જપ વડે
નિયમન અને નિરોધ કરી શકાય છે.
'મંત્ર' એટલે જેના જપ, ચિન્તન, મનન વડે
સંસારના ત્રિવિધ તાપથી રક્ષણ થાય તે.
અલૌકિક શક્તિ એટલે Occult power.
શક્તિ ત્રણ પ્રકારની છે: જ્ઞાન, ઇચ્છા અને ક્રિયા.
શબ્દ વડે તે તે શક્તિની અભિવ્યક્તિ થાય છે.
પ્રથમ જ્ઞાન, પછી તે વિષયની પ્રાપ્તિ માટે ઇચ્છા
અને તે વિષયપ્રાપ્તિ અર્થે સંકલ્પાત્મક ક્રિયા થાય છે.
અલૌકિક શબ્દભંડારમાં રહેલ જ્ઞાન - ઇચ્છા - કૃતિની
શક્તિઓ વડે હૃદયમાં જે વિચાર - ભાવધારા ઉઠે છે,
તે જ્ઞાતાત્માને તટસ્થ - સ્વતંત્ર - વિચારશીલ બનાવે છે.
તે તાત્ત્વિક તત્ત્વશોધન અને
તાત્ત્વિક સુખ તથા શાંતિ પાછળ પ્રયત્નશીલ બને છે.
અલૌકિક શબ્દભંડાર એ
નિગમ અને આગમભેદથી બે પ્રકારનો છે.
'નિગમ' એટલે વેદ, જેનો પ્રત્યેક અક્ષર કાના - માત્રા -

બિન્દુ સહિત ચુંબકની જેમ શક્તિસંપન્ન છે.
ધર્મશાસ્ત્રને 'આગમ' કહે છે.

નિગમને 'શ્રુતિ' શબ્દ વડે પણ ઓળખાવાય છે તથા
આગમને 'સ્મૃતિ' શબ્દ વડે પણ ઓળખાવાય છે.
સમાધિકાળમાં શ્રવણ દ્વારા લખાય તે શ્રુતિ અને
વ્યુત્થાનકાળમાં સ્મરણ દ્વારા લખાય તે સ્મૃતિ.
શ્રુતિમાં અનુભૂતિ અને કથન વચ્ચે કાળવ્યવધાન નથી.
વ્યુત્થાન પછી સ્મરણ કરીને શાસ્ત્ર રચાયા.
કથન થાય તે સ્મૃતિ, શ્રુતિ સ્વતઃ પ્રામાણ્ય છે. સ્મૃતિમાં
જેટલા અંશે શ્રુતિ અનુસાર હોય, તેટલા અંશે પ્રામાણ્ય છે.
બાકીનો ભાગ દેશ, કાળ, પાત્ર પરત્વે કલ્યાણકારી અને
ઉપકારી હોય તેટલો પ્રમાણ છે, બાકી અપ્રમાણ છે.

Imp. લોકકલ્યાણને કેન્દ્ર કરીને જપ - તપ તથા
સમાધિ વડે ધર્મશાસ્ત્રની રચના થાય છે, તે
અલૌકિક શબ્દભંડારરૂપ હોવાથી 'આગમ' કહેવાય છે.
લોખંડના કટકાને Electric charging અર્થાત્ કે
વિદ્યુતિકરણ થાય ત્યારે તે magnet કે ચુંબકમાં
પરિણમીને તે જેમ બધા લોખંડને આકર્ષે છે, તેમ
ધર્મશાસ્ત્રોના શબ્દોને પણ શ્રદ્ધાવાન પુરુષો નિત્ય-

નૈમિત્તિક જપ - પાઠ કરવા વડે ધર્મશાસ્ત્રના
શબ્દસમુચ્ચયને શક્તિસંપન્ન - magnetic કરે છે,
તેને occult power કહેવાય છે.
શિવમસ્તુ સર્વેષાં સર્વદા સર્વત્ર ચ ।
સૂર્ય = આત્મા, તે શરીરને પ્રેરણા આપે છે.
ચંદ્ર = મન, તે ઇંદ્રિયોને પ્રેરણા આપે છે.
સૂર્ય ક્રિયાશક્તિને આપે છે અને
ચંદ્ર એ જીવની ઇચ્છાશક્તિને વિકસાવે છે.
લૌકિક શબ્દપ્રયોગમાં શક્તિ અતિ તુચ્છ હોય છે.
તેના પ્રયોગકના આત્મા તુચ્છ તથા મન મલિન હોય છે.
આધ્યાત્મ = બલવાન, અઘહરણાસ્તુ દર્શૌ = બલાતિબલ.
વેદોના સારરૂપ શબ્દબ્રહ્મની અનુભૂતિ છે.
Power of gravitation = મધ્યાકર્ષણ શક્તિ.
બલા - મહાબલા - અતિબલા = દક્ષિણ - વામ - મધ્યનાડી.
ભાષા એક અદ્ભુત શક્તિ છે,
તે આપણા વિચારો પ્રકટ કરવા વાપરી શકાય,
આપણા વિચારો છુપાવવા વાપરી શકાય અને
આપણા વિચારો બદલવા પણ વાપરી શકાય.
'સ્વાત્વં હિનસ્મિ ઇતિ સ્વાહા ।'

o બ્રાહ્મણ = આત્મા કે વિશ્વાત્માના અભિમાની.
ક્ષત્રિય = દેશ કે જાતીયતાના અભિમાની.
વૈશ્ય = સંપ્રદાય કે સમાજ અભિમાની.
શૂદ્ર = દેહ કે વ્યક્તિ અભિમાની.

o બ્રાહ્મણ = કેવળ શ્રેયસ્કામી.
ક્ષત્રિય = શ્રેયસ્ - પ્રેયસ્ ઉભયકામી.
વૈશ્ય = સંપ્રદાયાભિમાની પ્રેયસ્કામી.
શૂદ્ર = સ્વદેહાભિમાની પ્રેયસ્કામી.

(૩૯) સતત જપ કરતાં રહેવાથી વ્યષ્ટિ બ્રહ્મ સમષ્ટિ મહાબ્રહ્મમાં પ્રવેશ કરવા સમર્થ બને. વિવેક-વૈરાગ્ય-વિહીન આત્મા સાત્ત્વિક મંગળપણાનો અનધિકારી છે. બુદ્ધિને પરિમાર્જિત અને હૃદયને વિકસિત કરવાથી મંગળપણાની અધિકારિતા પ્રાપ્ત થાય છે.

विद्या विवादाय धनं मदाय
शक्तिः परेषां परिपीडनाय ।
खलस्य साधोर्विपरीतमेतत्
ज्ञानाय दानाय च रक्षणाय ॥१॥ સદુક્તિઃ

વિદ્યા જ્ઞાન માટે, ધન દાન માટે અને શક્તિ બીજાના રક્ષણ માટે હોય, તો સાર્થક છે.

સાધુપુરુષ - વિવેકવિચાર પરાયણ, સત્પુરુષ એ જીવતત્ત્વ, મોક્ષતત્ત્વ, ઈશ્વર અને આત્માદિ તત્ત્વો એ સંસાર સહિત જગતનું સ્વરૂપ સમજવા માટે છે.

હીરો ઝવેરીને શોધવા જતો નથી, તેમ યોગ્યતા સંપન્ન વ્યક્તિઓને માન, આદર, પૂજા માટે લટકવું પડતું નથી. પ્રાકૃતિક નિયમ પ્રમાણે ગુણગ્રાહી વ્યક્તિઓ ગુણી વ્યક્તિઓ પાસે પોતાની મેળે આકર્ષાઈને આવતા જાય છે અને યથાયોગ્ય માન, આદર, સેવા વગેરે કરી જાય છે.

મોક્ષ એ પૂર્ણ મંગલ છે.

લાભમંગલ એ મોક્ષમંગલમાં પૂર્ણતા પામે છે.

સર્વ મંગલમાં પ્રધાન મંગલ પરમેષ્ઠિ નમસ્કાર છે.

પરમેષ્ઠિ નમસ્કારથી નમનીયને અનમસ્કારરૂપી પાપ-મોટામાં મોટું પાપ - સર્વ પાપનું મૂળભૂત પાપ એટલે મહામિથ્યાત્વ નાશ પામે છે.

જીવમાં અજીવબુદ્ધિ એ એક મિથ્યાત્વનો પ્રકાર છે, તેમ મુક્તમાં અમુક્તબુદ્ધિ - પરમેષ્ઠિઓમાં અપરમેષ્ઠિ ઉત્કૃષ્ટબુદ્ધિ, તે પણ મિથ્યાત્વના એક પ્રકારનું જ સેવન છે.

એનો નાશ ગુણીમાં ગુણીપણાની બુદ્ધિ, નિર્ગુણી અને ગુણમાં ઉત્કૃષ્ટપણાની બુદ્ધિરૂપી

મિથ્યાત્વનો નાશક પરમેષ્ઠિ નમસ્કાર છે, તેથી
તેને 'પાપભક્ષક મંત્ર' પણ કહ્યો છે.

જે મંત્ર પાપભક્ષક હોય, તે પુણ્યવર્ધક પણ હોય જ.
નમસ્કાર મંત્ર પાપભક્ષક અને પુણ્યવર્ધકની સાથે
પાપ - પુણ્ય ઉભયથી પર એવી શુદ્ધ
આત્મસ્વરૂપના ભાનરૂપી મહામંગળનો પણ હેતુ છે.

(૪૦) ઉપાદેય = Appreciable.
હેય = Neglectable.

ઉપાદેયતા = ગુણવત્તા = અસાધારણતા = ઉત્તમતા = સાધુતા.

જીવના ત્રણ હેતુઓ: ઇહલોક, પરલોક અને પારમાર્થિક.
'પારમાર્થિક' એટલે જે સ્થિતિને મેળવ્યા પછી
જીવભાવનો નાશ થઈ જાય છે તે.

બ્રાહ્મણવર્ગ સર્વાત્મદર્શી હોય છે અને ક્ષત્રિયવર્ગ
સર્વાત્મદર્શિતાની સાથે સર્વભૂતહિતેરતિપરાયણ હોય છે.
તેઓ મોક્ષવિદ્યાના અધિકારી છે.

ધન, માન, યશ, પ્રતિષ્ઠા રૂપી કેવળ ભૌતિક સુખાભિલાષી
વૈશ્યો અને માત્ર વૈયક્તિક દેહાત્માભિમાની શારીરિક
સુખાભિલાષી એવા શૂદ્રો મોક્ષવિદ્યા માટે અનધિકારી છે.

શ્રેયસ્કામી અને શ્રેયસ્ - પ્રેયસ્ ઉભયકામી મહાપુરુષો

ઇંદ્રિયો બહુધાતોમાં રહેલ છે અને મોટે ભાગે
અસત્ - અજ્ઞાનરૂપે જીવન પસાર કરતાં રહેલ છે.
Power of activity પ્રાણને આશ્રિત રહેલ છે.
Power of will મનને આશ્રિત રહેલ છે.
Power of knowledge બુદ્ધિ અને અહંકારાશ્રિત છે.

Development of life means purification of these 3 faculties and transformation of life means purification and developement of these three faculties.

સંશોધન અને વિકાસ ઉભય થવું જોઈએ.
કર્મેન્દ્રિય ક્રિયાશક્તિ, ઉપાસનાદિ ઇચ્છાશક્તિ અને જ્ઞાન વિચારાદિ જ્ઞાનશક્તિનું સંશોધન અને વિકાસ થાય છે.
ચંદ્રનાડીની અસર મન ઉપર છે અને સૂર્યનાડીની અસર પ્રાણ ઉપર - ક્રિયાશક્તિ ઉપર છે.
Lower or destructive forces એટલે અકલ્યાણકારી દુષ્ટ શક્તિઓ.
અપરિચ્છિન્ન અહમ્ (હું)ના વાસ્તવિક બોધ વડે અહંમન્યતાનો નાશ થાય છે.

<u>વિચારશક્તિ, ઇચ્છાશક્તિ અને ક્રિયાશક્તિ</u>

<u>અહીં ધર્મમાં જોડવા જોઇએ.</u>

દુઃખ અને આપત્તિઓમાં આર્ત અને રૌદ્રધ્યાન કરવાથી
દુઃખ અને આપત્તિઓ ઓછાં થતાં નથી
પણ તેનો ગુણાકાર થાય છે.

માનવનો વર્તમાન સંસાર અને તેનાં સુખ-દુઃખ
ભૂતકાળની ભૂલોના દંડરૂપે કે ગુણોના પારિતોષિકરૂપે હોય છે.

પરપદાર્થોના સંયોગથી ઊપજતો આનંદ ક્ષણિક
અને અંતે દુઃખમાં પરિણમવાના સ્વભાવવાળો છે.

<u>મહાપુરુષોના ભાગ્યે દુઃખ જ સહન કરવાનું હોય છે.</u>
પુણિયા શ્રાવક, રાજા રામચંદ્ર કે હરિશ્ચંદ્ર, શ્રેણિક કે
કૃષ્ણ મહારાજાના જીવનને સામે રાખો અને
તમને દુઃખમાં સમાધાન પ્રાપ્ત થશે,
એટલું જ નહિ પણ જીવનમાં સંતોષ આવી જશે.

<u>ધર્મરૂપી મૂડી જ્યાં હોય છે, ત્યાં જ</u>
<u>આપત્તિરૂપી ચોરો આવવાને ઊભા રહે છે.</u>
કરોડપતિઓને ત્યાં જ ચોકીદારી રાખવા પડે છે.

સાધનામાં કષ્ટ રહેલું જ હોય છે.
ઉપર ચઢવામાં શ્વાસ ચઢે છે અને થકાવટ લાગે છે,
તે સિવાય ઉપર ચઢી શકાતું જ નથી.

સોનાને શુદ્ધ કરવા માટે અગ્નિમાં તપાવવું જ પડે છે.
જ્ઞાનીની આજ્ઞાનું પાલન એ ધર્મ છે
અને એજ ભાવમંગલ છે.
Head, heart and hands -
એ ત્રણે જગ્યાએ ધર્મનો વિકાસ થવો જોઈએ.
મસ્તક એ વિચારોનું સંગ્રહ સ્થાન છે,
હૃદય દ્વારા ભક્તિ અને ચિન્તન થાય છે તથા
હાથ દ્વારા તેનો અમલ થાય છે.
(૪૨) સ્વસ્થ હૃદય અને મનરૂપી પ્રયોગશાળામાં
મંત્રનો પ્રયોગ કરવાનો હોય છે.
તે માટે સ્વતંત્ર પ્રયોગશાળાની આવશ્યકતા નથી.
મંત્રના વિનિયોગાદિ લોકકલ્યાણોપયોગી
બળ, વીર્ય, વિદ્યા, બુદ્ધિ, શક્તિની પ્રાપ્તિ માટે છે.
પ્રાણીમાત્રમાં બ્રહ્માત્માનુભૂતિ કરતાં રહીને અહર્નિશ
સર્વાત્મદર્શી થઈને, રાગ-દ્વેષાદિ ત્યજી, પર બનીને,
સ્વદેહનાશ સુધી પ્રારબ્ધકર્મનો ભોગ કરતા રહીને,
અંતમાં પરબ્રહ્મ - પરમાત્મામાં વિલીન થઈ જઈએ.
અવિચ્છિન્ન ધારાપ્રવાહરૂપે અખંડ બ્રહ્માકાર વૃત્તિનો
સંકલ્પ કરવાપૂર્વક મંત્ર-પ્રયોગ કરતા રહેવાથી

એક જ જન્મમાં સર્વથા નિર્વિઘ્ન નિઃશ્રેયસ પદની
અભિલાષા પૂર્ણ થઈ જાય છે.

છેવટે મન પોતે મંત્રનું સ્વરૂપ ધારણ કરે છે અને
શરીરસ્થ પ્રાણમાં રમવા માંડે છે.

મંત્રમાં જેટલા અક્ષર અને શક્તિ હોય છે,
તે પ્રમાણે અક્ષરાકાર તથા શક્તિસંપન્ન બને છે.
મન મંત્રાકારે પરિણામી શક્તિસંપન્ન પ્રાણના આધારે
જે કાંઈ કર્મ કરે છે, તેમાં સફળતા મેળવે છે,
તેને 'ક્રિયાસિદ્ધિ' કહેવામાં આવે છે.

પરાઈ વસ્તુ ગમે તેટલી પ્રલોભનકારી હોય,
છતાં તેને જોઈને મન જરા પણ પીગળે નહિ,
તો સમજવું કે તમે ચારિત્રવાન છો.

આત્માની ઓળખ કરવી એ જ જીવનનો મુખ્ય હેતુ છે.

કંચન કરતાં કામિની અને કામિની કરતાં કીર્તિનો
લોભ વધુ પ્રબળ હોય છે, કેમકે તે વધુ સૂક્ષ્મ હોય છે.

સુવિચાર એ સ્વર્ગ છે, કુવિચાર એ જ નરક છે, કેમકે
તે અનુક્રમે સ્વર્ગ-નરકના પરંપરાએ હેતુ બને છે.

સંસ્થાપક થવું સહેલું છે, વ્યવસ્થાપક બનવું વસમું છે.

સંસારરૂપી સિનેમાનું કોઈ પણ ચિત્ર ચિતારૂપી પડદા
ઉપર ઉપસી ન આવે તેનું જ નામ 'નિર્લેપતા'.

(૪૨)ક્ષાલીવૃત્તિ- સર્વાતિદર્શન અનુરૂપ સર્વ ભૂતમાત્રનું
હિત સાધવા માટે મનોબળ- પ્રાણબળની જરૂર રહે છે.
મનોબળરૂપી શ્રદ્ધા છે અને પ્રાણબળરૂપી વીર્ય છે.

ઇચ્છાશક્તિપ્રધાન ઈશિત્વશક્તિ અને
ક્રિયાશક્તિપ્રધાન વશિત્વશક્તિ રહેલ છે.
'બ્રહ્મ' શબ્દ માત્રમાં એવી શક્તિ છે કે
એનું વારંવાર ઉચ્ચારણ કરતા રહેવાથી
શરીરસ્થ પ્રાણ અને મન સૂર્ય- ચંદ્ર નાડીમાંથી મુક્ત-
પૃથક્ થઈને બ્રહ્મસ્વરૂપિણી સુષુમ્ણાનાડીમાં ગતિમાન થાય.
જીવભાવ સંકુચિતપણાને છોડીને સમષ્ટિ બ્રહ્મભાવમાં
'મહતો મહીયાન્' એકતા પામે છે.

એવી રીતે 'રૂદ્ર' શબ્દમાં
અણોરણીયાન્માં પરિણમવાની શક્તિ રહેલી છે.
નિરન્તર શબ્દબ્રહ્મનું ચિન્તન કરતા રહેવાથી
શબ્દ તન્માત્રામય થઈ જાય છે,
કપુરની જેમ ઉડી જઈને શબ્દબ્રહ્મમાં વિલીન થઈ જાય છે.
યોગારૂઢ યા સ્થિતપ્રજ્ઞ દશા પામવા માટે
તપધ્યાન, વાસનાક્ષય અને મનોનાશ -
આ ત્રણે સાધનની અનિવાર્ય અપેક્ષા રહે છે.

(૪૩) ઉપકાર = સમીપ લાવવાની ક્રિયા.
અપકાર = દૂર કરવાની ક્રિયા.
Know thyself = તું તને જાણ.
Tao = પરબ્રહ્મ, સ્વયંસિદ્ધ શુદ્ધરૂપ.
સંભેદ પ્રણિધાન = શબ્દબ્રહ્મ.
અભેદ પ્રણિધાન = પરબ્રહ્મ.
જેમ શબ્દબ્રહ્મમાં નિષ્ણાત પરબ્રહ્મને પામે છે,
એ પ્રમાણે સંભેદ પ્રણિધાનમાં નિષ્ણાત
અભેદ પ્રણિધાનનો અધિકારી છે.
સ્વયં દેવો ભૂત્વા દેવં યજેત્ - ધ્યાયેત્ ।
આ અભેદ પ્રણિધાનની પ્રક્રિયા છે.
'સોઽહં' એ વિમર્શ પ્રત્યભિજ્ઞાસ્વરૂપ છે.
તેને પરતત્ત્વ સમાપત્તિ પણ કહે છે.
પવિત્ર અને બ્રહ્મગોપેત પછી દેવતાધિષ્ઠિત હોય છે.
મંત્રમાં નિર્મળતા અને પવિત્રતા મંત્રદૃષ્ટા અને મંત્રદાતા
મુનિઓમાં રહેલ વિશિષ્ટ પ્રકારના અભેદ પ્રણિધાનની
શક્તિથી આવે છે. ઉત્તમ મુનિઓના મુખમાંથી નીકળેલા
મંત્રો નિર્મળ, પવિત્ર, શક્તિપ્રદ અને સિદ્ધિપ્રદ હોય છે.
મંત્રદાતાની જેમ મંત્રસાધક પણ સત્ત્વગુણી હોય,
તો મંત્ર શીઘ્રપણે ફળે છે.

માલામંત્ર = લાંબો મંત્ર.

સકલ જપ = પ્રયત્નપૂર્વકનો ઉચ્ચાર.

નિષ્કલ જપ = સહજ માનસ જપ.

અંતર્જલ્પરૂપ મનન પરતત્ત્વ પ્રાપ્તિનો ઉપાય છે.

ઉપેય અને ઉપાય કથંચિત્ અભિન્ન છે.

(૪૪) આપ્તવચન અવિસંવાદિ અને
સફલ પ્રવૃત્તિજનક હોય છે.

સમાખ્યાત = સંશય - વિપર્યયરહિત કહેલું.

સ્વરોના ધ્યાનથી પરમાત્માની અને
વ્યંજનોના ધ્યાનથી પરમાત્મશક્તિની ઉપાસના થાય છે.

શ્રદ્ધા = ચિત્તનો સંપ્રસાદ, વીર્ય = ઉત્સાહ - ધીરજ,

સ્મૃતિ = ધ્યાન, વૃત્તિની એકતાનતા.

સમાધિ = અનાકુલતા, વિક્ષેપરહિતતા.

પ્રજ્ઞા = ઉત્તમ વિવેક, યથાર્થ જ્ઞાન.

માતૃકા = વર્ણતતિ, જ્ઞાનશક્તિ.

માતૃકારૂપ જ્ઞાનશક્તિનું ઉન્મીલન કરનાર ચાર પ્રકારની
વાણી છે, ઉપચારથી તે બધાને 'માતૃકા' કહેવામાં આવે છે.

'વિશ્વબોધવિધાયિની' એનું બીજું નામ છે.

તે જગતને છિન્નસંશય અને વિગતભ્રમ કરે છે.

આત્માની તે પરમ જ્યોતિ છે.

વૈખરી = સ્થૂલ ઉચ્ચારણ શબ્દવૃત્તિ.

મધ્યમા = સ્થૂલ ઉચ્ચારણ બુદ્ધિ - સૂક્ષ્મ શબ્દવૃત્તિ.

પશ્યન્તી = સ્વપ્રકાશ - સંવેદરૂપ.

દ્રવ્ય = ભાષાવર્ગણાના પુદ્ગલો.

પદ્ધતિ = નિનાદપદ્ધતિ.

ભાવ = વૈકલ્પિકમતિ, સૂક્ષ્મવાણી.

ફળ = મંત્રોચ્ચારણ માટેના મંત્રના અવયવો.

શબ્દપ્રાંતભાગ = દ્વાદશાંત, બ્રહ્મરંધ્ર.

અર્હં = કુંડલિની શક્તિનું પ્રતીક.

(૪૫) ધ્યાનાવેશ = ધ્યાનની તન્મયતા.

પદમયી દેવતા અર્હં = શબ્દ.

અભિધેયરૂપે = અર્થ, અભેદતાવેદનરૂપે = પ્રત્યય.

મંત્ર પોતે મંત્રવાચ્ય દેવતારૂપ થતાં સર્વ કાર્યો કરી શકે. વાચ્યનું મંત્રાત્મક શરીર વાચ્ય સમાન કાર્ય કરે છે.

સ્થૂલપદ = વૈખરી - મધ્યમાગત.

સૂક્ષ્મપદ = પરા - પશ્યંતી અવસ્થાગત.

વૈખરીમાં વાચિકપદ - વિકલ્પ.

મધ્યમામાં વૈકલ્પિકપદ - સંજલ્પ.

સકલ = સાવલમ્બ, નિષ્કલ = નિરાલમ્બ.

સંબંધથી ભાવપ્રાણ વસ્તુ સ્પષ્ટ થાય છે,
સંબંધથી અસ્પષ્ટ જ્ઞાન નિર્વિકલ્પમાં સ્પષ્ટ થાય છે.
મંત્રોચ્ચારણ એ મંત્રશૂલ, મંત્રવિભાવન એ જ્ઞાનશૂલ.
મેરૂ પર્વતની જેમ ઉન્નત હોવાથી
સુષુમ્ણાનાડીને પણ 'મેરૂ' કહેવામાં આવે છે.
અક્ષર = તત્ત્વ, ધ્યેય, બ્રહ્મ. વિશ્લેષણ = વર્ણ વિભાગ.
ૐને 3 રીતે બોલી શકાય : હ્રસ્વ માત્રા = વચનસિદ્ધિ,
દીર્ઘ માત્રા = કાર્યસિદ્ધિ તથા પ્લુત માત્રા = દારિદ્ર્યનાશ.
બહિરાત્મભાવ = વિષય - કષાય, વિષયભાવ.
અંતરાત્મભાવ = વિષય - કષાયનો અભાવ, સમતાભાવ.
(૪૬) લયલીનતા = જળમાં મીનની જેમ મગ્ન.
ઉપશમશ્રેણી = જ્ઞાનની તીવ્રતા.
ક્ષપકશ્રેણી = ધ્યાનની વૃદ્ધિ.
સૂક્ષ્મધ્વનિ = અવ્યક્ત ધ્વનિ, અનાહત નાદ. અક્ષરની
તાત્ત્વિક અક્ષરમયતા બ્રહ્મરંધ્રમાં પહોંચતાં ઉપચારથી હોય છે.
મંત્રચૈતન્ય = પ્રચ્છન્ન નાદશક્તિનો આવિર્ભાવ.
માત્રા = હ્રસ્વથી સમના સુધી.
માત્રાહીન શુદ્ધ સ્વરૂપ = ઉન્મના.
અક્ષર = મોક્ષ, બ્રહ્મ = કેવળજ્ઞાન.

(૪૭) સ્થૂલ 'હ' = અંતિમ વર્ણ.
સૂક્ષ્મ 'હ' = અનાહત ધ્વનિ.
બધા વર્ણો 'હ'રૂપી નાદમાંથી ઉત્પન્ન થાય છે.
ચિત્તનો બહિર્મુખ પ્રવાહ વૈરાગ્યથી નિવૃત્ત થાય છે અને
અભ્યાસથી આત્મોન્મુખ આંતરિક પ્રવાહ સ્થિર થાય છે.
તમોગુણજન્ય આલસ્યાદિ અભ્યાસથી દૂર થાય અને
રજોગુણજન્ય ચંચલતા વૈરાગ્યથી દૂર થાય છે.
વૈરાગ્યથી સંસાર તરફ વહેતી વૃત્તિઓ રોકાય છે,
અભ્યાસથી મોક્ષ તરફ વૃત્તિઓ વળે છે.
સ = સૃષ્ટિ ક્રમ, હ = સંહાર ક્રમ. સૃષ્ટિક્રમમાં
શબ્દની ગતિ પરાવાણીથી વૈખરી વાણી તરફની છે.
સાધનાક્રમમાં વૈખરીથી પરા તરફની સંહારાત્મક ગતિ છે,
તેને 'પ્રત્યાહાર' પણ કહેવાય છે.
મૌનવ્રતથી વાણી તેજસ્વી - બળવાન બને છે, પરન્તુ
ભગવાનનું નામ લેવાથી મૌનવ્રતનો ભંગ થતો નથી.
સુરત શબ્દયોગ = આંતરનાદ શ્રવણયોગ,
સુમિરન, ધ્યાન - ભજન, આંતરિક સત્સંગ.
ગ્રન્થાધ્યયન, શ્રવણ, ગુરુસેવા એ બાહ્યસત્સંગ છે.
અનુરાગ, પ્રેમ, ભક્તિ પ્રધાન ઉપાય છે.

(૪૮) 'ૐ' એ શબ્દબ્રહ્મ છે, 'અર્હં' એ પરબ્રહ્મ છે.

'શબ્દબ્રહ્મણિ નિષ્ણાતઃ પરબ્રહ્માધિગચ્છતિ ।'

હવે વડે બુદ્ધિ દ્વારા શાસ્ત્રનો અને સત્સંગાદિ સ્વરૂપનો વિચાર કરી આત્મનિષ્ઠ થવું એ વાસ્તવિક હવેશુદ્ધિ છે.

देहोऽहं बुद्धिजं पापं तद्गोवधकोटिभिः ।
आत्माहं बुद्धिजं पुण्यं न भूतं न भविष्यति ॥ (પરિશિષ્ટ-૭)

બુદ્ધિની શુદ્ધિ શાસ્ત્રશ્રવણ - મનન - નિદિધ્યાસન અને ઈશ્વર જગતમાં બ્રહ્મભાવ ઉપાસના કરવાથી થાય છે.

શાસ્ત્રોની શૈલી વિભિન્ન હોય છે.
કેટલાંક શાસ્ત્રો રોચક, કેટલાંક ભયાનક અને કેટલાંક યથાર્થ વર્ણનવાળાં હોય છે.
વળી કેટલાંક પુણ્યફળ વર્ણવનારાં, પાપફળ વર્ણવનારાં અને ભગવાનને બતાવનારાં પણ હોય છે.

(૪૯) નિવૃત્તિપરાયણ એટલે પ્રભુપરાયણ.

પ્રભુપરાયણ એટલે આત્મનિષ્ઠ. પુણ્યફળનું વર્ણન પાપથી નિવૃત્ત કરાવી આત્મનિષ્ઠ બનાવવા માટે હોય છે.
કોલસાને દૂધ કે ગંગોદક વડે ઉજ્જવળ કરી શકાય નહિ, પરન્તુ અગ્નિમાં નાંખવાથી થઈ શકે. ચિત્ત અને વિષય બન્નેને આત્મસ્વરૂપમાં લય કરવાથી શુદ્ધ થઈ જાય.

ધારણા અને ધ્યાન વડે ખંડિત સમાધિ થાય છે.
બ્રહ્મસ્વરૂપ જ્ઞાન વડે અખંડિત સમાધિ થાય છે.

'સર્વં ખલ્વિદં બ્રહ્મ ।'

હું, જગત અને સર્વ દૃશ્ય તે બ્રહ્મસ્વરૂપ - પરમાત્મ સ્વરૂપ છે. કરવાનું કાંઈ નથી, માત્ર જાણવાનું છે.

જીવ - શિવનું સંધાન તે સંધ્યા.

૫ ભૂત, ૫ પ્રાણ, ૫ કર્મેન્દ્રિયો, ૫ જ્ઞાનેન્દ્રિયો, ૫ વિષયો, ૪ અંતઃકરણ અને પ્રકૃતિ- આમ કુલ ૨૯ + ૧ = ૩૦.

જાગ્રત દશામાં ઇંદ્રિયો, મન, પ્રાણ, બુદ્ધિ કાર્ય કરે, સ્વપ્નમાં એકલું મન કામ કરે, બાકીનું બધું નિષ્ક્રિય રહે.

સુષુપ્તિમાં ઇંદ્રિયો, મન, ચિત્ત, બુદ્ધિ, અહંકાર - સર્વ લય પામે, માત્ર પ્રાણ ચાલે.

નાસ્તિ બુદ્ધિરયુક્તસ્ય ન ચાયુક્તસ્ય ભાવના ।
ન ચાભાવયતઃ શાંતિરશાન્તસ્ય કુતઃ સુખમ્ ॥૧॥
(પરિશિષ્ટ-૮)

અયુક્ત = ઇંદ્રિયનિગ્રહ જેણે કર્યો નથી તે.
ભાવના = આત્મજ્ઞાન - પરમાત્મધ્યાન.
શાંતિ = વિષય - કષાયની નિવૃત્તિ.
સુખ = નિરાકુળતા.

(૫૦) આત્મા એક, અખંડ, સર્વવ્યાપ્ત અને અસંગ છે.
સર્વ શરીરોને વિષે તે રહેલો છે.
અસ્થિ, સ્નાયુ, મજ્જા - એ સર્વ પિતાનો વારસો છે.
ત્વચા, માંસ, રુધિર - એ સર્વ માતાનો વારસો છે.
તત્ત્વજ્ઞાનીઓને દેહનું અભિમાન હોતું નથી. તેઓને
ભાન હોતું નથી એમ નહિ, ભાન તો હોય જ છે.
અત્યંત પાપ કરનાર ચોરી કરનાર, મદિરાપાન કરનાર,
બ્રહ્મહત્યા કરનાર, સ્ત્રીહત્યા - ગૌહત્યા કરનાર,
બાળહત્યા કે રાજહત્યા કરનાર હોય,
તો પણ સર્વ પાપનું નિવારણ નામસ્મરણથી થાય છે.
દ્વિતીયાદ્વૈ ભયં ભવતિ। જ્યાં શુદ્ધ ઉપાસ્ય અને
ઉપાસક જુદા જણાય, ત્યાં શુદ્ધ સર્વાત્મભાવ થતો નથી.
બંનેની એકતા ન થાય,
ત્યાં શુદ્ધ ઉપાસના ચાલુ રાખવી જોઈએ.
સર્વભાવેન તમેવ શરણં ગચ્છ।
સર્વ ભાવાત્મક ભાવ વડે શરણે જા. 'સમસ્ત વિશ્વ
આત્મસ્વરૂપ છે' એવો ભાવ તે તાત્ત્વિક શરણું છે.
દૃશ્યજગત મિથ્યા છે, તેની પાછળ રહેલ આત્મતત્ત્વ કે
જેને લઈને જગત સત્ય ભાસે છે, તે સત્ય છે.

(૫૪) દુષ્કૃતગર્હા એટલે દુષ્કૃત અજ્ઞાનજનિત છે, તેમાં જ્ઞાન જોઈને કર્તૃત્વ ન માનવાં, તે ગર્હા છે.

સુકૃતાનુમોદના એટલે સુકૃતમાત્ર પરમતત્ત્વને સમર્પિત કરી દેવા, તે અનુમોદના છે.

શરણાગમન એટલે સર્વજ્ઞ વ્યાપ્ત એવું આત્મતત્ત્વ જ પરમ શરણ છે, એવી શ્રદ્ધા તે શરણાગમન છે.

संत्यक्त सर्वसंकल्पो निर्विकल्पसमाधिताम् ।
संप्राप्य तात्त्विकानन्दमश्नुते संयतः स्वयम् ॥१॥
मनश्चंचलतां प्राप्य यत्र तत्र परिभ्रमन् ।
स्थिरतां लभते नैव आत्मनो ध्यानमन्तरा ॥२॥
चित्ते वशीकृते सर्वं विजानीयात् वशीकृतम् ।
वशीकरणाय चित्तस्य सर्वोपायाः प्रजल्पिताः ॥३॥
ज्ञानदर्शनचारित्रवीर्यानन्दनिकेतनः ।
आत्मारामः सदा ध्येयः सर्वशक्तिमयः सदा ॥४॥

- रत्नचतुष्टय (પરિશિષ્ટ-૯)

સર્વ મંત્રોમાં આદ્યપદ પ્રણવ છે. તે સર્વ વર્ણોનો આદિ જનક, શબ્દસૃષ્ટિનું મૂળ સ્થાન, શબ્દજ્યોતિનું કેન્દ્ર, અનાહતનો પ્રતિઘોષ, પરબ્રહ્મદ્યોતક, પરમેષ્ઠિનો વાચક, યોગીજનોનો આરાધ્ય તથા ઉપાસકોને મોક્ષદાયક છે.

નાસાગ્રદૃષ્ટિ કરી આત્માના ઊંડાણમાં ડૂબકી મારી મહાન યોગી પુરુષો જેના ધ્યાનમાં લીન બની કૃતકૃત્ય થાય છે, એવા વિશ્વપૂજ્ય - અનાહત નાદપ્રેરક - યોગવિદ્યાના મુકુટમણિ સમાન ૐકાર નાદ સદાને માટે જયવંત વર્તો.

ૐકાર વાચ્ય સ્વરૂપાર્થને ધ્યેયરૂપે ભજતાં
સંકલ્પ - વિકલ્પ લય પામે,
રજોગુણ - તમોગુણ વિલીન થાય, સત્ત્વગુણ વિકાસ પામે,
સમતારસ અનુભવાય તથા વચનસિદ્ધિ થાય છે.

બ્રહ્મરન્ધ્ર - તે જ બ્રહ્મલોક, વૈકુંઠ, સિદ્ધિસ્થાન છે.
ચિત્તવૃત્તિ તે પ્રકૃતિ અને જીવ તે પુરુષ છે.
નાભિકમળમાં ધ્યાનવૃત્તિને '<u>સુરતા</u>' કહે છે.
ૐકાર એ સમષ્ટિવાચક - અર્હંકાર પરમેષ્ઠિવાચક છે.

0 वातं विजयते ज्ञानं दर्शनं पित्तवारणम् ।
कफनाशाय चरणं धर्मस्तेनाऽमृतायते ।

- अर्हद्गीता, अ-६, श्लो-१५

વાત પ્રકૃતિવાળાઓમાં રાગ અધિકું હોય. બુદ્ધિશક્તિ વધે તેમ વાયુ પ્રકૃતિ ઘટે. પિત્ત પ્રકૃતિવાળાઓમાં દ્વેષ વધુ હોય, તેનું મૂળ દર્શનમોહ છે, સમ્યગ્દર્શનગુણ વધવાથી તે ઘટે. ક્રિયાનુષ્ઠાનથી કફ પ્રકૃતિ ઘટે, ચારિત્રમોહ ઓછો થાય.

- ઉપા. મેઘવિજયજી ગણિ

જિષ્ણુ - શિષ્ણુ બંને અર્થ અને શબ્દ બંનેથી સમાન છે.
'જ' અને 'શ' તાલવ્ય તથા 'ણુ' અને 'ષુ' દન્ત્ય છે.

(૫૨) યોગના પ્રથમ પાંચ અંગ ચિત્તમલશોધક, છેલ્લા ત્રણ અંગ વિવેકજ્યોતિ તથા કૈવલ્યને ઉપકારક છે.

શ્રી પ્રશ્ન વ્યાકરણમાં બ્રહ્મચર્યનું માહાત્મ્ય કહ્યું છે કે:

जम्मि य आराहियम्मि आराहियं वयमिणं सव्वं सीलं
तवो य विणओ य संजमो य खंती मुत्तीगुत्ती
तहेव य इहलोइय परलोइय जसे य कित्ती य पच्चओ य।

<u>અર્થાત્</u> : બ્રહ્મચર્યનું શ્રેષ્ઠ પાલન કરવાથી
શીલ, તપ, વિનય, સંયમ, ક્ષમા, નિર્લોભિતા અને ગુપ્તિ
એ સર્વની આરાધના સુલભ બની જાય છે.

तवेसु उत्तमं बंभचेरं। - <u>સૂત્રકૃતાંગ</u>

प्रतिकूलः आहारवृत्तिः प्रत्याहारः। પાંચે વિષયો એ પાંચે ઇંદ્રિયોનો આહાર છે, તેનો ત્યાગ તે પ્રત્યાહાર છે.

ઇંદ્રિય, કષાયો, યોગ અને આસન શયન -
એ ચારની પ્રતિસંલીનતા સ્ત્રી, પશુ, પંડક સંસક્ત
વસતીનો ત્યાગ તે છેલ્લી પ્રતિસંલીનતા છે.

હેયનું હાન - અગ્રહણ - તિરસ્કરણ.
ઉપાદેયનું ઉપાદાન - ગ્રહણ - સ્વીકરણ.

(૫૩) નિર્વાહ - નિર્વૃત્તિ, નિશ્ચિંતતા.
સ્વસ્થતા - દુઃખોનો ત્યાગ. અહિંસા - સમાધિ, એકાગ્ર ચિત્ત.
શાન્ત = શાંતિદાતાર, વિરતિ = પાપનિવૃત્તિ,
તૃપ્તિ = સંતોષપ્રદ, દયા = રક્ષા - અનુકંપા.
સવ્વજગજીવરક્ખણ - દયટ્ઠયાએ
પાવયણં ભગવયા સુકહિયં |
અનુકંપા એ બોધિનું કારણ છે, માટે
બોધિ એ બુધ્ધિદાયિની પ્રવરતમ કહી છે.
ધૃતિ = દૃઢતા, ઋદ્ધિ = આત્મિક, સમૃદ્ધિ = બાહ્ય વૃદ્ધિ,
સ્થિતિ = મોક્ષસ્થિતિકર, વ્યવસાય = વિશિષ્ટ અધ્યવસાય,
શમ = ચિત્તસમાધિ, અનાશ્રવ = કર્મબંધનને રોકનારી.
દેવા વિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયા મણો |
જેના મનમાં - હૃદયમાં ધર્મ વસે, તેને દેવો પણ નમે છે.
અહિંસા = અનુકંપા, દયા, કરૂણા, સહાનુભૂતિ, સંવેદના.
અહિંસામાં મૈત્રી, સ્નેહ, સહાનુભૂતિ ઇ.
તેમાં ઈર્ષા, દ્વેષ, વૈર, વિરોધ,
સંકીર્ણતા, અસહિષ્ણુતાદિ વિકારોનો અભાવ છે.
(૫૪) અનેકાન્તવાદને માટે જેટલું મહત્ત્વ
તે તે વાદના દોષો અને અસંગતિઓના ખંડનનું છે,

તેટલું જ મહત્ત્વ તે તે વાદના ગુણો અને
સંગતિઓના સમર્થનનું પણ છે. 'નયચક્ર'માં તે મળે છે.
અનેકાન્તવાદ નિરપેક્ષવાદોને સાપેક્ષ બનાવે છે અને
એ જ એનું અપૂર્વત્વ છે. નયોના ગુણ- દોષ બન્નેને
બતાવવા તે અનેકાન્તવાદનું અભીષ્ટ છે. અનેકાન્તવાદ
સર્વ નયમય અથવા સર્વ મિથ્યાદર્શન સમૂહ રૂપ છે.

અભિપ્રાયભેદોને, નયભેદોને અને દર્શનભેદોને
એકત્ર મેળવી આપનાર સ્યાદ્વાદ એ તુંબ છે.
અખંડ સત્ત્વના સાક્ષાત્કારમાં સ્યાદ્વાદ જ સમર્થ છે,
વિભિન્ન મતવાદ કે નયવાદ નહિ.

૪ વિધિભંગ = નિત્ય, ૪ નિયમભંગ = અનિત્ય,
૪ ઉભયભંગ = નિત્યાનિત્ય, વ્યવહારનય = અજ્ઞાનવાદ.

કર્મકાંડી મીમાંસક કહે છે કે:
શાસ્ત્રનો આશ્રય તત્ત્વજ્ઞાન માટે નહિ પણ ક્રિયા માટે
લેવો જોઈએ, કારણ કે ક્રિયાથી કાર્ય થાય, જ્ઞાનથી નહિ.
શાસ્ત્રનો ઉપદેશ ક્રિયા માટે છે - જ્ઞાન માટે નહિ,
એ વિધિવાદ છે - દ્રવ્યાર્થિકનયનો
એક ભેદ જે વ્યવહારનય, તેનો આ વિષય છે.
સંક્ષેપે વસ્તુના સ્વરૂપના જ્ઞાન અર્થે કાર્ય - કારણના
અતીન્દ્રિય સંબંધના જ્ઞાનની પણ આવશ્યકતા છે.

અજ્ઞાનવાદ - પ્રતિવાદની વિરૂદ્ધ જ્ઞાનવાદ - પુરૂષવાદ.
તેના વિરૂદ્ધ નિયતિવાદ, કાળવાદ, સ્વભાવવાદ અને
ભાવવાદ (અભેદવાદ-દ્રવ્યવાદ), તેના વિરૂદ્ધ દ્વૈતવાદ,
તેના વિરૂદ્ધ ઈશ્વરવાદ - કર્મવાદ.
કર્મ ઈશ્વરાધીન નહિ પણ ઈશ્વર કર્માધીન છે.
પુરૂષને માટે કર્મ અને કર્મને માટે પુરૂષ આવશ્યક છે.
આખિર તે કર્તા.
દ્રવ્ય વિના કર્મ નહિ અને કર્મ વિના દ્રવ્ય નહિ.
સત્તાસંબંધ તથા સમવાયસંબંધનું ખંડન અપોહવાદથી છે.
શબ્દાદ્વૈત વિરૂદ્ધ જ્ઞાનાદ્વૈત. શબ્દ જ્ઞાનનું સાધનમાત્ર છે.
સ્થાપના નિક્ષેપ અપોહવાદનું ખંડન કરે છે
અને જાતિવાદનું સ્થાપન કરે છે.
તેના વિરૂદ્ધ વ્યક્તિવાદ, તેના વિરૂદ્ધ અવક્તવ્યવાદ.
અવક્તવ્યવાદની વિરૂદ્ધ ગુણવાદ, કેવળ પર્યાયવાદ
(રથાંગો જ રથ છે, રથ જેવી સ્વતંત્ર વસ્તુ કોઈ નથી),
તેની વિરૂદ્ધ નિર્હેતુક વિનાશવાદ, તેના વિરૂદ્ધ સ્થિતિવાદ,
તેની વિરૂદ્ધ શૂન્યવાદ, તેના વિરૂદ્ધ પુરૂષાદિ વાદો છે.

नयेषु स्वार्थ सत्येषु मोघेषु परचालने ।
समशीलं मनो यस्य स माध्यस्थो महामुनिः ॥१॥

(પરિશિષ્ટ-૧૦)

(૫૫) નવકારના નવ અર્થ

(1) 'નમ' ધાતુનું પ્રાકૃતમાં 'નવ' રૂપ થાય છે.

નવકાર = નમસ્કાર.

(2) નવ + કાર = નવપદ.

(3) ન + વકાર. વબયોરૈક્યં,

જેમાં 'બ' અક્ષર નહિ, તે નબકાર.

(4) ન + વકાર = જેમાં વિકાર નહિ અથવા નવકારનું રટણ કરનાર વિકારથી મુક્ત બને છે.

(5) નવકાર = રલયોરૈક્યં, નવ + કાલ.

નવકાર જપનારને કાળ-મૃત્યુ દુ:ખ કરતું નહિ અથવા કાળ સામે જે અવશ્ય કર્તવ્ય છે અથવા જેના સ્મરણ માટે સર્વ કાળ યોગ્ય છે, જે સતત સ્મરણીય છે.

(6) નવ + કાર. જે નવીન બનાવે, જીવનને નવીન કરે.

નવકારને જપનાર પ્રતિક્ષણ નવો બને છે.

(7) નવ + ક + આ + ર =

જે અપેક્ષાનુસાર નવીન સુખ આપે છે.

સંસારસુખ નવીન નહિ,

આત્માનું સુખ સદૈવ નવીન છે, તેને આપે છે.

(8) નવ + કાર = કારા એટલે જેલ - બંધન.

'વ' પાદપૂર્તિ માટે - નહિવત છે, કારાગાર જેના વડે
અહિ નવકારના જાપથી આત્મા બંધનમુક્ત બને છે.

(૧) નવકાર = ણુ - નવતિ, સ્તુતિ.

कार = કરવું, करोति इति - स्तुतिं करोति ।

आर = अरिसमूह, ते कं = सुखम्

સુખના શત્રુસમુદાય ન - વ = નહિવત છે, વળી તે
નવકાર = આત્મસુખના અરિસમૂહોને નહિવત કરનાર.

'નવકાર શબ્દથી પણ શાશ્વત છે'

તેનો એક અર્થ એવો છે કે અનાહત નાદ નિત્ય છે.

જે નવકારનો વાચ્ય છે, તે શાશ્વત છે.

## ૐકારનો મહિમા

તાણં, ધ્યાનં, ગાનં, દાનં, ભવનમ્ | દૂણં - ભવનં ||

હું અને તુંમાંથી વ્યંજન નીકળી જાય, ત્યારે 'ઉં' રહે છે.

વ્યંજનોનો ચિરકાલીન સંબંધ છે,

તે દૂર કરવો ગમતો નથી, તેથી ઉંકારી થાય છે.

સમજણ થતાં તે અ + ઉં = ઉંકારી ન બોલશે,

એવી પરિણતિ 'ૐ'માં પરિણમતી રહેલ છે.

અભ્યાસ એટલે ગુણસ્થાનક.

મન મુનીમ, આત્મા શેઠ. મન દીવાન, આત્મા રાજા.

(૫૬) દુ:ખ ભાગવા જવાથી છૂટતું નથી,
કિન્તુ શાંતિપૂર્વક ભોગવી લેવાથી છૂટે છે.
જીવન એ શિક્ષાકાળ છે, મરણ એ પરીક્ષાકાળ છે.
જીવન એ કાર્યકાળ છે, મરણ એ વિશ્રાંતિકાળ છે.
આલોચનાથી આત્મશુદ્ધિ, આચાર-વિચારથી પાપશુદ્ધિ થાય.

० मनोविजेता जगतो विजेता ।

० दृष्टिपूतं न्यसेद् पादम् वस्त्रपूतं जलं पिबेत् ।
सत्यपूतां वदेद्वाचं मनः पूतं समाचरेत् ॥ (परिशिष्ट-११)

બે વસ્તુ મળીને જ વસ્તુની સિદ્ધિ

બે પગ, બે હાથ, બે ચક્ર, બે પાંખ, બે આંખ, બે કાન
અને નદીના બે કિનારા મળીને જ કાર્ય કરે છે.
ઉત્સર્ગ - અપવાદ, નિશ્ચય - વ્યવહાર, દાનાદાન,
સામાન્ય - વિશેષ, નિત્યાનિત્ય, વાચ્યાવાચ્ય, ભેદાભેદ,
વિધિનિષેધ આદિ મળીને જ વસ્તુની સિદ્ધિ થાય છે.
ઉત્સર્ગ - અપવાદ એકબીજાના પૂરક છે, સાધક છે,
એ બાધક કે ઘાતક નથી. વિધિ તથા નિષેધ - બન્નેનું
લક્ષ્ય એક જ છે, જેવી રીતે રોગનું શમન - ઉન્મૂલન.
જ્વરમાં લંઘન લાભદાયક, ક્ષયમાં હાનિકારક છે.
એકમાં ભોજનનો ત્યાગ હિતકર, બીજામાં અહિતકર.
બન્નેનું લક્ષ્ય છે જીવનશુદ્ધિ.

ઉત્સર્ગ = સામાન્ય, અપવાદ = વિશેષ. વાદ = સિદ્ધાંત.

જીવન જીવવાની સામાન્ય વિધિ તે ઉત્સર્ગ,

જીવન જીવવાની વિશેષ વિધિ તે અપવાદ.

ઉત્સર્ગ તે ગતિ છે, અપવાદ તે વિશ્રાંતિ છે.

દેશ - કાળની પરિસ્થિતિ મુજબ

ઉત્સર્ગ તથા અપવાદ સબળ કે નિર્બળ બને છે.

સમાધિ જળવાઈ રહે તે રીતે બંનેનો ઉપયોગ કરવાનો છે.

બાળને ઠગવા માટેનું અસત્ય વર્જ્ય છે,

હિતબુદ્ધિ, કલ્યાણભાવનાદિ તે જ નિર્દોષ છે.

અસત્ય વચનના કારણ બે છે:

એક અજ્ઞાન અને બીજા રાગ-દ્વેષાદિ.

આચારનું મૂળ અહિંસા અને વિચારનું મૂળ સ્યાદ્વાદ.

'આચરવા માટે અહિંસા અને વિચારવા માટે અનેકાંત'

એ છે જિનનું કથન છે.

યા કારણમન્તરેણ પ્રતિસેવના ક્રિયતે સા દર્પિકા,

યા પુનઃ કારણે સા કલ્પિકા ।

- વ્ય૦ ભા૦ ૩-૧-ગા-૩૮ ટીકા (પરિશિષ્ટ-૧૨)

અહીં પ્રકરણના સાધક ત્રિવિધ છે:

પરિણામા, અતિપરિણામા અને અપરિણામા.

० ममेदमितिभावो मूर्छा परिग्रहः कथ्यते । અર્થાત્:
'આ મારું છે' એવો ભાવ તે 'મૂર્છા' ઇત્યાદિ છે.
ઇચ્છા અથવા મૂર્છા એ આભ્યંતર પરિગ્રહ છે.

अध्यात्मभावनानुरक्तिः, न तपोबलात्
केवलादस्नानात् भजनाद्वा ।
नेच्छतीपरमात् तावदाध्यात्मिको जनः ।
इच्छामलविनिर्मुक्तं ऐन्द्रं ज्योतिस्तु शाश्वतम् ।

(પરિશિષ્ટ-૧૩)

He prayeth best, who loveth best.

આત્મલાભ સર્વોપરી છે.

સંપૂર્ણ સુખ, શાંતિ તથા લાભની જનની આત્મા જ છે.
પરમાત્મજ્યોતિ આત્મામાં જ નિવાસ કરે, અન્યત્ર નહિ.
તે સર્વે પ્રાણીમાત્રમાં સમાનરૂપથી પ્રકાશિત છે,
જેને મનની શાંતિ દ્વારા પામી શકાય છે.
આત્મશાંતિ પરમમંગળકારી અને કલ્યાણકારી હોય છે.
આત્મશાંતિને પ્રાપ્ત કરનાર
પોતાની સાથે અન્યને ય સંસારસાગર પાર કરાવે છે.
સમસ્ત વિશ્વમાં આપણા આત્માને અને આત્મામાં
સમસ્ત વિશ્વને જોઈ શકીએ, એજ જીવનની પ્રકૃતિ છે.

(૫૭) જાગો, જગવા દો, જગાડો, ઈશને શોધો, ઈશ થાઓ.
એ મનુષ્ય જીવનનો ઉત્તરોત્તર ક્રમ છે.

જિનના અનુયાયી, જિનને દેવ માનનાર તે અથવા જિને
કહેલ ધર્મ - અભિપ્રાય - પ્રવચન - ઉપદેશ માને તે 'જૈન'.

(૫૮) બંધન વિજાતીય હોય, સજાતીય નહિ.
ધ્યાન = શ્રુતજ્ઞાનના નિશ્ચલ પર્યાયો.
શુદ્ધોપયોગ એ ધ્યાનની પૂર્ણ ભૂમિકા છે.
વિષયની દ્રષ્ટિએ કાચમાં છાયા - ખોટાપણું છે,
વિષયીની દ્રષ્ટિએ તે હંમેશા સાચું જ હોય છે.

(૫૯) શ્રી શત્રુંજય = આંતરશત્રુઓ જ્યાં નથી તે
શુદ્ધ આત્મસ્વરૂપ. તેની યાત્રા કરતાં
તેનું વંદન - સ્પર્શન - પૂજન અવશ્ય આત્મહિતકારી છે.
સદ્ગતિ = આત્મસ્વભાવની સમીપતા.
દુર્ગતિ = આત્મસ્વભાવની દૂરતા.

1. I will not believe until God's excistence is proved.
2. I believe and I will continue to believe until it is proved that there is no God.

## લયયોગ (કલ્યાણ)

(1) Eat, drink and be merry.

(2) The law of Harvest.

(3) વેદાહમેતં પુરુષં મહાન્તં ।

(4) યત્ પિંડે તદ્ બ્રહ્માણ્ડે ।

(5) મન એવ મનુષ્યાણાં કારણં બન્ધમોક્ષયોઃ ।

(6) સત્યનિષ્ઠિત સુષુપ્તિ = સમાધિ + યોગનિદ્રા.

(7) મન સાથે પ્રાણ = હંસ, સોઽહં, ૐ.

(8) ૐકારમાં ૧૬મી કલા ચંદ્રની, ૧૨મી કલા સૂર્યની છે.

(9) સંપ્રજ્ઞાત, સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ.
પૃથ્વી, તન્માત્રા, મહત્, અહંકાર.

(10) અહંકાર - અસ્મિતા સંપ્રજ્ઞાત છે,
વિરામ પ્રત્યય અભ્યાસ અસંપ્રજ્ઞાત છે.

(11) તપ (સદાચાર) - જપ દ્વારા
મંત્રાકાર મન, કર્મ તથા વાસનાઓનો ક્ષય થાય છે.

(12) નાદાનુસંધાન, પ્રાણ તથા પ્રકાશ દ્વારા મનોલય,
પ્રકાશ એ પ્રાણીમાત્રનો પ્રાણ - સનાતનવાદ છે.

°

સુષુપ્ત = Potential

શ્રદ્ધા = Faith, નિષ્ઠા = conviction.

(50) જીવનમાં સાધકને જો કાંઈ મળે,
તે માટે સાધકમાં કૃતજ્ઞતા હોવી જોઈએ.
જો મહાપુરુષમાં કૃતજ્ઞતા ન હોય, તે સુખી થઈ શકતો નથી
અને પ્રાપ્તપુરુષને અનુભવી પણ શકતો નથી.

: Use these words:

Please, thank you, very sorry,
Beg your pardon, Please forgive me
and may I help you ?

મનુષ્યનું જીવન એક મકાન છે.
મકાનને દરવાજા હોય છે અને દિવાલો હોય છે.
દરવાજા ગુણ અને દિવાલો દોષ.
ગમે તેવો ગરીબ મહાપુરુષ હશે, તેના ઘરને ય ઓછામાં ઓછો એક દરવાજો હશે જ. તમારે જો ઘરમાં પ્રવેશ કરવો હોય, તો તમે દરવાજામાંથી જ પ્રવેશ કરી શકશો.
દીવાલેથી પ્રવેશવા જશો તો માથું ફૂટી જશે.
તમે મહાપુરુષના હૃદયમાં પ્રવેશવા માગતા હો, તો તેના ગુણ દ્વારા જ કરી શકશો, દોષ જોયા કરશો તો માથું ફૂટશે.
ગુણગ્રાહકદૃષ્ટિ વધારી નિરંતર ગુણગાન કરવું જોઈએ.
મોક્ષ માટે એ અત્યંત આવશ્યક છે.

દુર્જન ગુણવાનમાં પણ દોષ જોશે, સજ્જન નિર્ગુણમાં પણ ગુણ જ જોશે. તે બન્નેનો સ્વભાવ દુસ્ત્યજ છે,

એ વિચાર સમાધિજનક છે.

હંસ - કાક, સુવર્ણ - પીત્તળ હંમેશા હોવાનાં જ.

येनात्मात्मन्येवस्थाता तद्वैराग्यं प्रशस्यते ।
आत्मैव आत्मना वेद्यो ज्ञानात् शिवपदोऽव्ययः ॥

સમજૂતિ : જેનાથી આત્મા આત્મામાં સ્થિર થાય, તે વૈરાગ્ય વખણાય છે. જ્ઞાન દ્વારા આત્મા વડે જ શિવપદ - અવ્યય પદો આત્મા અનુભવાય છે.

હાથને જકડનાર લોઢાની સાંકળ કરતાં મનને રૂંધનારી આદર્શ સાંકળ જ વધુ બુરી હોય છે. - અમૃતબિન્દુ

ઢાલ અને તલવાર ખરે વખતે રક્ષણ કરી શકતા નથી, કારણ કે તેમાં હિંસા ભરેલી છે. રજોહરણ જ ખરે વખતે રક્ષણ કરે છે, કારણ કે તેમાં ભારોભાર દયા ભરેલી છે.

કહેવાય છે કે : ભાવ વિનાની ધર્મક્રિયા નિષ્ફળ છે.

અહીં 'ભાવ' એ મનનો વિષય છે, તેથી
જો મનમાં ધર્મક્રિયા પાછળ વૈરાગ્યાદિ કે
મૈત્ર્યાદિભાવો ન હોય, તે ધર્મક્રિયા નિષ્ફળ છે.

દાનાદિ ધર્મ વૈરાગ્યભાવ કે ભક્તિભાવથી થવા જોઈએ.

ઈશ + વર = ઈશ્વર. ઈશ એટલે સમર્થ હોવું.

'ઈશ્વર' એટલે સમર્થ હોનાર, સામર્થ્યશાળી.

અનંતાનંત જીવોના અનંતાનંત કાર્યો છે, તેના કારણરૂપ
કોઈ શક્તિ વિશ્વમાં હોવી જોઈએ, તે શક્તિ = ઈશ્વર.

એવી રીતે પુદ્ગલ પરમાણુઓ, સ્કંધો, વર્ગણાઓ
વગેરેનું સંચાલક મહાતત્વ તે ઈશ્વર.

એ રીતે છ દ્રવ્યો અને તેના પર્યાયો સહિત કાર્યોના
સંચાલનરૂપ તત્વ તે ઈશ્વર સાબિત થાય છે.

ત્રૈકાલિક, લોકાલોકવ્યાપક એક મહાસત્ તે પરમ બ્રહ્મરૂપ
મહદ્ ઈશ્વર છે, જે સર્વ પ્રકારના અનંતાનંત ઉત્પાદ, વ્યય,
ધ્રૌવ્યોમાં અનુગત રહીને મહાતત્વરૂપે સંચાલન કરે છે,
તે મહાતત્વ એટલે પરમેશ્વર.

પરબ્રહ્મ છે તેના એક ભાગરૂપ બ્રહ્મને બ્રહ્માંડ પણ કહે છે.
બ્રહ્મનું ઈંડું, તેમાં પણ અનેક ઉથલપાથલો થાય છે.
બ્રહ્મને ચૈતન્યરૂપ માનેલ છે.
અદ્વૈતવાદીઓ એક જ બ્રહ્મ કહે છે.
તે ચેતનાચેતન સમગ્ર વિશ્વમાં વ્યાપેલ મહાસત્તારૂપ છે.
મુમુક્ષુ આત્મા જેમ જેમ આધ્યાત્મિક વિકાસ પામતો જાય,
તેમ તેમ તે નીચેના તમામ ભેદોથી પર થઈ
એક અભેદાત્મક સ્થિતિને અનુભવે છે.

Man is made of three parts:
body, mind and Soul. They are
not independent but interelated.
Flight of the Alone to the ALONE.
I am not lonely but Alone.
Faith is assurance of things
hoped for. Hope itself is happiness.
What does the temple represent?
The body, the house of the Spirit.

Listen and rejoice in
the whispers of hope.

Hope and forgetfulness are
human blessings.

We can only know the relative
truth, the absolute truth is known
only to the universal observer.

- Einstine

Absolute = ਨਿਰਪੇਖ, Relative = ਸਾਪੇਖ.

ਤੂੰਹੀ ੴ ਤੂੰ ਅਹਿ ਤੂੰ ਤੂੰ ਅਹਿ ਤੂੰ ੴ ਤੂੰਹੀ

અતીન્દ્રિય આનંદ આદિનું સત્ય નિઃસ્પૃહ વખતે
સાપેક્ષ બને છે, માટે સાપેક્ષ વચનને સત્ય માન્યું છે.

મોક્ષ એ પ્રેમ છે અને
તેમાં પ્રવેશ કરવાનો દરવાજો એ દયા છે.

Name is love, Way is mercy.
Die before thy death.
Go while alive to the place
where you are to go after death.

## પ્રવૃત્તિ ધર્મ અને નિવૃત્તિ ધર્મ

કામ કરવાની શક્તિ હોય,
ત્યાં સુધી કામ કરી પુરું થવું જ નહિ.
જીવન એટલે જ કામ કરવાની શક્તિ.
'કામ' એટલે શું, તેની વ્યાખ્યા સમજવી જોઈએ.
કયું કામ પોતાને તથા જગતને લાભદાયી છે,
તેનો નિર્ણય કોણ કરે? અને શા આધારે કરે?
એ પ્રશ્ન ઊભો થાય છે. એ સમજ આવ્યા નહિ કે
મનુષ્યનું શરીર અને મન કેવળ પ્રવૃત્તિ અર્થે જ છે.
મનના વેગોથી થતી પ્રવૃત્તિની શાંત આલોચના કરવી
તેનું નામ 'નિવૃત્તિ' છે અને તે કારણે

તત્ત્વચિન્તકો નિવૃત્તિનું પણ સમર્થન કરતા હોય છે.
સાચું પૂછો તો વિચારમાત્ર નિવૃત્તિ છે.
શું ભોગવવા જેવું છે અને નહિ?
શું કરવા જેવું છે અને નહિ?
શું જાણવા જેવું છે અને નહિ?
એનો નિર્ણય સૌ પ્રથમ કરવાનો હોય છે.
આ નિર્ણય મનુષ્ય પોતાની સ્વતંત્ર બુદ્ધિથી કે આપ્ત વચનથી કરે, પણ તે કાર્ય બુદ્ધિનું છે અને બુદ્ધિ હંમેશાં નિવૃત્તિમાં જ ઠરેલી અને પ્રશાંત હોય છે.
એ રીતે પ્રવૃત્તિધર્મની અંદર જ નિવૃત્તિધર્મ રહેલો છે અને નિવૃત્તિધર્મનું સમયોચિત પાલન કરવાથી પ્રવૃત્તિધર્મ સારી રીતે બજાવી શકાય છે.

- Yashodhar Mehta, Dt. 1-11-69

ભ્રૂમધ્ય દૃષ્ટિ: भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक् स तं परं पुरुषमुपैति दिव्यम् ॥ - अ. ८/१० उत्तरार्द्ध

સમજૂતિ: જે સાધક મન દ્વારા બંને ભ્રુકુટિની મધ્યમાં પ્રાણવાયુની સારી રક્ષા કરી શકે, તે (સાધક) તે પરમ જ્યોતિથી સંપન્ન પુરુષને પ્રાપ્ત કરવામાં સફળ થાય છે.
બંને ભ્રુકુટિની મધ્યે દૃષ્ટિ કરવાથી મનની ચંચળતા દૂર થઈ જાય છે.

## સમાધિ અવસ્થાને માટે

એકાંત મધ્યરાત્રિનો સમય ઉત્તમ માન્યો છે.
જીવમાત્ર અસ્તિત્વની સાથે એટલા બધા ઓતપ્રોત છે કે એક જણ જે કાંઈ કરે, તેની સારી કે માઠી અસર આખા સંસાર પર પડે છે. સારી પ્રવૃત્તિ સારી અસર નીપજાવે છે, નરસી પ્રવૃત્તિ નઠારી અસર કરે છે.

## નાસ્તિક કોણ ?

મનુષ્ય પોતાને જ પોતાની રચનાનો કર્તા માની બેસે તે અઘટિત છે. મધુરના અંડને ચલાવનાર, અઘટિત ઘટના ઘટાવનાર એવા પ્રકૃતિને મર્યાદામાં રાખનાર તથા પ્રકૃતિના પ્રત્યેક અંગ-પ્રત્યંગમાં વિલસી રહેલ ચૈતન્ય સ્વરૂપ પરમાત્માને ભૂલનાર 'નાસ્તિક' મનાય છે.

o

There was a word & word became the world. Word means not a spoken word but a formulated thought. I am one with God is a definitely formulated thought. Truth is oneness with divine and Spirit is awareness of it.

## ગુરુ = બ્રહ્મા - વિષ્ણુ - મહેશ.

ગુરુ બ્રહ્મા છે, કેમકે શુભવિચારરૂપી નવો જન્મ આપે છે.
ગુરુ વિષ્ણુ છે, કેમકે શુભ વિચારનું રક્ષણ કરે છે.
ગુરુ મહેશ છે, કેમકે અશુભ મનનો નાશ કરે છે.
અરિહંતના નામ ઉચ્ચારણથી પણ મંગલ થઈ જાય છે.

મંગલાચરણ એ શિષ્ટ પુરુષોનો આચાર છે,
કેમકે તે પરમેશ્વરની સત્તાનો દ્યોતક છે.

મોક્ષને પ્રાપ્ત કરાવનાર આત્મજ્ઞાન એ પરાવિદ્યા છે.

સરસ્વતી એટલે વાણી - બ્રહ્મશક્તિ.

બ્રહ્મ જેટલું વ્યાપક છે, તેટલી જ વાણી પણ વ્યાપક છે,
માટે જ તે 'શબ્દબ્રહ્મ' કહેવાય છે.

સંસ્કૃતમાં 'બ્રહ્મ' શબ્દનો અર્થ
વાણી અથવા મંત્ર એવો પણ થાય છે.

'ધ્યાનસ્ય ત્વરિતા ગતિઃ ।' 'શુભસ્ય શીઘ્રમ્।'

દુઃખમાં સાથ આપે તે ઈશ્વર નક્કી
સુખમાં સાથ આપે તે જીવ.

વંદન વખતે હાથ જોડવા તે ક્રિયાશક્તિનું સમર્પણ છે,
માથું નમાવવું તે જ્ઞાનશક્તિનું સમર્પણ છે.

ભક્તિરંગ ભરેલા ભક્તરત્ન જ્ઞાની અથવા આશીર્વાદિત હોય.

० તત્ત્વચિન્તન વડે જ્ઞાનસમાધિ,
આત્મૌપમ્યભાવ વડે ભાવસમાધિ અને
આત્મધ્યાન વડે ધ્યાનસમાધિ નિપજે છે.

પ્રજ્ઞાઋદ્ધિ - પ્રેમઋદ્ધિ - ભાવઋદ્ધિ પ્રસન્ન થાય તે પરમાત્મા તથા
પદાર્થઋદ્ધિ - વસ્તુઋદ્ધિ - દ્રવ્યઋદ્ધિ પ્રસન્ન થાય, તે જડાત્મા.

० પરમાત્મા જે કરે તે લીલા, જીવ જે કરે તે ક્રિયા.
ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તે લીલા, રાગ-દ્વેષ-મોહ તે ક્રિયા છે.
જગત નહિ પણ મન બગડ્યું છે, માટે દુઃખ છે.
મનને સુધારવા માટે મૃત્યુ તથા મોક્ષનું સ્મરણ કર્તવ્ય છે.
મૃત્યુ એ શરીરની વિનશ્વરતાને અને
મોક્ષ એ આત્માની અમરતાને બતાવે છે.
એક વૈરાગ્યપોષક છે અને બીજું ભક્તિપોષક છે.
મૃત્યુના વિચારથી પાપબુદ્ધિ બળે છે,
મોક્ષના વિચારથી ધર્મબુદ્ધિ જાગે છે.

० કામનાં બે બાણ છે: શબ્દ અને રૂપ.
તેમાંથી છૂટવા માટે પ્રભુના નામ - રૂપ એ સાધન છે.

० ધ્યાનના મૈત્ર્યાદિ ૪ પ્રકારો જીવોની સાથે સમત્વ,
પિંડસ્થાદિ ૪ પ્રકારો પરમાત્માની સાથે સમત્વ અને
આજ્ઞાવિચયાદિ ૪ પ્રકારો જગત સાથે સમત્વ કેળવે છે.

એ રીતે શુભ ધ્યાનના પ્રકારોમાં જીવ, જગત અને
ઈશ્વરવિષયક શુભચિન્તન સમાઈ જાય છે.

સાધનાના 3 વિષયો : જીવ, જગત અને જગદીશ.

(૧) જીવનું સ્વરૂપ મૈત્ર્યાદિ ભાવોના
ચિન્તન વડે ભાવી શકાય છે.

(૨) જગતનું સ્વરૂપ આજ્ઞાવિચયાદિ
ધર્મધ્યાનના ચાર ભેદો વડે ચિન્તવી શકાય છે.

(3) જગદીશ્વરનું સ્વરૂપ પિંડસ્થ, પદસ્થાદિ
ધ્યાનના પ્રકારો વડે ભાવિત કરી શકાય છે.

ધર્મધ્યાનના કુલ ૧૨ પ્રકારો કહ્યાં છે, તેમાં જીવ, જગત
અને જગદીશ્વર, ત્રણેનું સ્વરૂપ ચિન્તવી શકાય છે.

## 3 દોષનું શુદ્ધીકરણ

રાગદોષનું શુદ્ધીકરણ તે શ્રદ્ધા,
દ્વેષદોષનું શુદ્ધીકરણ તે વૈરાગ્ય,
મોહદોષનું શુદ્ધીકરણ તે વિવેક - સમ્યગ્જ્ઞાન.

રાગમાં જાગવાની - પ્રેમમાં પરિવર્તન કરવાની શક્તિ છે.

શ્રદ્ધા એ પ્રશસ્ત રાગસ્વરૂપ છે,
વૈરાગ્ય એ પ્રશસ્ત દ્વેષસ્વરૂપ છે તથા
વિવેક એ મોહ - અજ્ઞાનના વિનાશરૂપ છે.

યંત્રમાં માનુષીશક્તિ - મંત્રમાં દિવ્યશક્તિ રહેલી છે.
યંત્ર ઐશ્વર્યને આપી શકે છે,
મંત્રથી સાક્ષાત્ ઈશ્વર મળે છે.
અવિધિ એ ક્રિયાનો દોષ - આશાતના એ જ્ઞાનનો દોષ છે.
જ્ઞાનનો દોષ અકૃતજ્ઞતા તથા ક્રિયાનો દોષ અપરાધિતા છે.
જ્ઞાનનો આરંભ કૃતજ્ઞતા ગુણથી છે અને
ક્રિયાનો આરંભ પરોપકારનાં કાર્યથી છે.
પાપ કરવાની શક્તિ માનવની છે,
માફ કરવાની શક્તિ પ્રભુની છે.

મંત્રના ચાર અર્થ છે:

દર્શનપરક, વંશપરક, રહસ્યપરક અને યોગપરક.
વાચ્યાર્થ એ શબ્દજ્ઞાનને, લક્ષ્યાર્થ એ તત્ત્વને બતાવે છે
અને ઐદંપર્યાર્થ આત્મતત્ત્વનો બોધ કરાવે છે.
સર્વ શાસ્ત્રો આત્મતત્ત્વનો બોધ કરાવીને સમાપ્ત થાય છે.
નમસ્કારમંત્રનો દાર્શનિક અર્થ સકલ શ્રુતાભ્યંતરતા છે.
નવકારનો વંશપરક અર્થ તેને અર્થથી કહેનારા તીર્થંકરો
અને શબ્દથી કહેનારા ગણધરો છે.
રહસ્યપરક અર્થ અભેદને બતાવે છે અને
યોગપરક અર્થ પ્રાણ - ઈંદ્રિય - મનોમયતાને સૂચવે છે.

દેવતા અને ગુરુ એ વંશપરક અર્થ છે.

મનન - ત્રાણ એ યોગપરક અર્થ છે.

સંગ્રહનયથી અભેદ એ રહસ્યપરક અર્થ છે અને

પંચપરમેષ્ઠિ અને તેમના ગુણો એ દાર્શનિક અર્થ છે.

ઇચ્છાયોગમાં પ્રધાનતા દેવ - ગુરુની છે,

શાસ્ત્રયોગમાં શાસ્ત્રની પ્રધાનતા છે અને

સામર્થ્યયોગમાં આત્મશક્તિની પ્રધાનતા છે.

શિવતત્ત્વ (૨), વિદ્યાતત્ત્વ (૩) અને આત્મતત્ત્વ (૩૨) છે.

એકમાં ત્રણે અનાવૃત છે,

બીજામાં બે અને ત્રીજામાં એક અનાવૃત છે,

ત્રણ એટલે સત્, ચિત્ અને આનંદ.

બે એટલે સત્ તથા ચિત્, એક એટલે કેવળ સત્.

૦ પુરુષ એટલે આત્મા, તેનો અર્થ એટલે હિત તથા

જેનાથી હિત કરે તે પુરુષાર્થ.

એ વ્યાખ્યામાં અપેક્ષાએ ચારે પુરુષાર્થ ઘટી જાય છે.

પુણ્યાનુબંધી પુણ્યથી પ્રાપ્ત અર્થ તથા કામ,

એ ધર્મનું સાધન બને છે, માટે તે પણ પુરુષાર્થ છે.

મોક્ષ ઉદ્દેશ, ધર્મ ઉપાય અને અર્થ - કામ તેનાં સાધન છે.

શુદ્ધ વ્યવહારનું ફળ અર્થ - કામ છે અને

એ અર્થ - કામ નિશ્ચય ધર્મનાં સાધન છે,
માટે પુરૂષાર્થ ચાર કહ્યાં છે.
મહામંત્રની આરાધના અર્થ - કામ દ્વારા
ધર્મ અને ધર્મ દ્વારા મુક્તિની પ્રાપ્તિ કરાવે છે, માટે
મહામંત્ર ચારે પુરૂષાર્થની સિદ્ધિ કરાવનાર છે,
એમ માનવામાં શું હરકત છે?

mandal, 6-11-69

મંત્રસિદ્ધિમાં આમ્નાય તથા વિશ્વાસબાહુલ્ય આવશ્યક છે.
આમ્નાય એટલે ગુરૂપરંપરાનું અનુસરણ તથા
વિશ્વાસબાહુલ્ય એટલે મંત્રપ્રદાતામાં આપ્તત્વનો નિશ્ચય.
મંત્રસિદ્ધિમાં આ ઉપરાંત ત્રીજું તાત્ત્વિક વિમર્શ એટલે
ગુરૂ, મંત્ર, દેવતા, આત્માદિનું ઐક્યભાવન જરૂરી છે.
તે ત્રણે મળવાથી મંત્રસિદ્ધિ શીઘ્ર બને છે અને વળી
શાસ્ત્ર, ગુરૂપરંપરા, યોગ અને અધ્યાત્મ-
એ ચાર મળવાથી મંત્રસિદ્ધિ થાય છે.
શાસ્ત્ર દ્વારા દાર્શનિક અર્થ જાણી શકાય છે.
ગુરૂ દ્વારા સાંપ્રદાયિક અર્થ-વંશપરક અર્થ જાણી શકાય છે.
ઐક્યભાવન વડે રહસ્યપરક અર્થ જાણી શકાય છે
અને સાધના વડે યોગપરક અર્થ જાણી શકાય છે.

Forgiveness is a process of giving up the false for the true, a replacing limited beliefs with the truth of God's all powerful loving presence.

Order is heaven's first law and this means putting first things first.

God is our instant constant and abundant supply through tithing.

Your body is your first love.

Let us use God's way of looking for the good in every experience, every change and we will find that we are dwelling in the true light of God's love.

We should not condemn those who upset or interfere with our lives.

Do not quarrel with people who

shows enmity to you.
Always forgive them.
give for their hate - your love.
who is the matter with you?
Not man but god.

We should never imagine anything but good because under the law of thought combined with substance, we can bring into expression every good thing we visualize. It is through the imagination that the formless takes the form. man and the universe are a series of pictures in the mind of being. When you communicate with god in prayer, the imaging power of your mind receives divine ideas and reflects their character in your consciousness.

## પાંચ વ્યાખ્યાઓની સમજણ

(૧) આસ્રવ (૨) મિથ્યાત્વ (૩) અવિરતિ
(૪) પ્રમાદ (૫) કષાય.

(૧) શુદ્ધ ચૈતન્યભાવથી વિરુદ્ધ આત્માના શુભાશુભ પરિણામ વડે કર્મોનું આત્મા પ્રતિ આગમન થાય તે આસ્રવ.

(૨) મન અને શરીરથી ભિન્ન ઇતરતત્વ મનુષ્યના જીવનમાં હોવાનો જે ભાવના વડે ઇન્કાર થાય છે, તે ભાવનાને મુખ્યત્વે મિથ્યાત્વની સંજ્ઞા છે.

(૩) અભ્યંતરમાં પોતાના પરમાત્મ સ્વરૂપની ભાવના વડે પ્રગટ થતી નિર્વિષય પરમસુખ પ્રત્યેની રતિથી વિરુદ્ધ એવા બાહ્યવિષયો પ્રત્યેની રતિ એ અવિરતિ.

(૪) પોતાની સ્વાભાવિક આભ્યંતર અવસ્થામાં આત્મા જે શુદ્ધ ઉપયોગમય સ્થિતિમાં રહે છે, તેનાથી વિરોધ- સ્વાનુભવથી ચ્યુત થવારૂપ સ્થિતિ તે પ્રમાદ છે.

(૫) અભ્યંતરમાં પરમ શાંત વૃત્તિરૂપ અને અનંતજ્ઞાન આદિના ધારક જે પરમાત્મસ્વરૂપ, તેમાં ક્ષોભ ઉત્પન્ન કરનાર તથા બાહ્યવિષયોમાં ભાવઓ પ્રત્યે ક્રોધાદિ આવેશનું રૂપ ધારણ કરનારને કષાય કહેવાય છે.

'It comes to pass' એવું Bibleનું એક
phrase ઘણું છે. તેમાં કહ્યું છે કે:
Everything or event or
man comes to pass us in the
examination of life
but not to fail us or harm us.
It comes to passનો સાર
This too shall pass away. આ વાક્યમાં
Itનું ગર = સત્ય અને Comes to passનું ચક્ર.
જીવનમાં જે કાંઈ ઘટનાઓ સત્સંગહેતુ બને છે,
તે બધી હિત માટે હોય છે, તેથી
તેનો વિરોધ કે દ્વેષ - શોકાદિ અકર્તવ્ય છે.
I consent એ જીવનમાં એનો સ્વીકાર છે.
Effort crowds out balance.
whereever life escists, the most
important principle at work is
that power is never generated by
effort but rather by a technique
of adjustment that permits the

body to work as a part of whole, drawing on the power of that whole of which it is a functional part.

જેમ માનવદેહમાં હૃદય, ફેફસાં, હોજરી વગેરે કોઈપણ પ્રયત્ન વિના સતત કાર્ય કરી રહેલ છે અને તે કાર્ય માટે વિચાર કે ચિન્તાદિ કરવામાં આવે, તો તે કાર્યમાં ઉલ્ટો વ્યાઘાત થાય છે. બેસવા, ઉઠવા કે ચરવા - ફરવામાં સહજ પણ તણાવ કે ખેંચ ન પડે, કિન્તુ સંતુલન - સંવાદિતા રહે તે રીતે આહાર - પાણી - પવન - પ્રકાશાદિ લેવાય અને સ્થાનાસન મુદ્રાદિ સચવાઈ રહે, તો બધી ક્રિયા સ્વાભાવિક બની જાય છે.

<u>નમો અરિહંતાણંમાં</u>

અરિ = શત્રુ = રાગ - દ્વેષ, સંકલ્પ - વિકલ્પને હણનારા, નાશ કરનાર, 'નમો + અરિ + હંતાણં |'

અભિધાન એટલે...

અભિમુખ રહીને અંતરાત્મામાં લીન થઈને રહેવું તે.

o

Adamantic = પોતાની વાત પર મક્કમ રહેનારો.

Romantic = ભાવનાશીલ, કલ્પનામાં વિહરનારો.

Diplomatic = મુત્સદ્દી.

o ૪ ભાવનામાં મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને
ઉપેક્ષા એ ચતુર્થ ભાવનાનું નામ છે.
માધ્યસ્થ્ય એ ચારે ભાવનાથી ઉત્પન્ન થયેલ
એક ઉત્તમ ચિત્તપ્રસાદાત્મક અવસ્થા છે.

<u>નીચેના શ્લોકમાં ૧૪ વિશેષણ તથા ૧૬ બિન્દુ છે:</u>

ब्रह्मानंदं[1] परम सुखदं[2] केवलं ज्ञानमूर्तिं[3],
द्वन्द्वातीतं[4] गगनसदृशं[5] तत्त्वमस्यादि[6] लक्ष्यं ।
एकं[7] नित्यं विमल[9]मचलं[10] सर्वधी[11]साक्षिभूतं,
भावातीतं[12] त्रिगुणरहितं[13] सद्गुरुं[14] तं नमामि ॥ (परिशिष्ट-१४)

<u>ધ્રુવ સ્વભાવ તે ધર્મ.</u>

धम्मो वत्थु सहावो, खमादिभावो य दस विहो धम्मो ।
रयणत्तयं च धम्मो, जीवाणं रक्खणो धम्मो ॥

ધારણા કરે તે ધર્મ, વસ્તુનો ધ્રુવ સ્વભાવ તે ધર્મ.
ક્ષમાદિભાવ પણ ધ્રુવ સ્વભાવના અવલંબને છે.
રત્નત્રય રૂપ ધર્મ પણ
ગુણીના આધારની એકતાના આધારે છે
તથા જીવોનું રક્ષણ પણ ધ્રુવસ્વભાવને ઉદ્દેશીને છે.
ઉત્તમ ધર્મ ધ્રુવ સ્વભાવના અવલંબને ઉત્પન્ન થાય છે.
ધર્મ અને દર્શન ઉભયની આધારશિલા આત્મતત્ત્વ છે.

દર્શનથી લૌકિક સૂખ સંતોષાય છે,
ધર્મથી આધ્યાત્મિક સૂખ સંતોષાય છે.
ધર્મ આચારપરક છે, દર્શન જ્ઞાનપરક છે.
દર્શન Theory - ધર્મ Practice બતાવે છે. One is Theoritical, Other is Practical.
એકમાં આચાર છે, બીજામાં વિચાર છે.
વિચારથી વિકાસ અને વિકાસથી ભાવના ઘડાય છે.
આચારથી ક્રિયા અને ક્રિયાથી ચારિત્ર ઘડાય છે.
વિચાર સત્ય તરફ લઈ જાય છે,
આચાર શિવ - સુંદર તરફ ગતિ કરાવે છે.
ધર્મ આચારમાં તથા આચાર એ વિચારમાં રહેલો છે.
આચાર, વિચાર, ધર્મ - એ ત્રણે શાંતિના પદ્ધતિ છે.
વિચારનું ફળ શાંતિ છે.
શાંતિને સર્વ કોઈ ઝંખે છે, તેથી
ધર્મ, આચાર, વિચાર - ત્રણે શાંતિના અર્થનો ઉદ્દેશ છે.
વિચાર એ philosophy છે, આચાર Religion છે.
એકમાં તર્કની અને બીજામાં શ્રદ્ધાની પ્રધાનતા છે.
પૂર્વમીમાંસામાં કર્મ છે. તે શ્રદ્ધાપ્રધાન છે.
ઉત્તરમીમાંસામાં વિચાર છે. તેમાં તર્કની પ્રધાનતા છે.

યોગ અને સાંખ્ય, પૂર્વમીમાંસા તથા ઉત્તરમીમાંસા,
હીનયાન અને મહાયાન, અહિંસા અને અનેકાંત - એ
સર્વે પરસ્પર મળીને જ શાંતિના પ્રકૃતિ બને છે.
આચારનું મૂળ શ્રદ્ધા છે, વિચારનું મૂળ તર્ક છે.
અહિંસા એ ધર્મ છે, અનેકાંત એ દર્શન છે.
ધર્મ આચારમાં છે, આચાર વિચારમાં છે અને
વિચારનું મૂળ શાંતિ છે,
માટે શાંતિ આચાર અને વિચારમાં છે.

o

<u>What is peace and where is it?</u>

Peace is in practical. Practical is in thinking, Knowing and willing the Truth. Truth is source, substance & cause of all. Peace is in source, cause and external-unchanging substance.

Perfect peace is
in practice and knowledge.
It is in faith & reasoning both.
It's in religion & philosophy both.

True love is
reciprocal and mutual.
Personality is mask,
Individuality is indivisible.
New birth takes place in the
quietness, silence, indivisible
stillness and peace. Grace is gift.
Truth is
relative to our stand points.
The great majority of illness
are caused by distorted thinking
and unbridled emotions.
You & your body are two different
things. You only treat your body.
You be thy doctor for the inner
one will guide thee. Always thank.
You are getting better day by day.
Always be in joy.
- C. L. Shah, Poona

સર્વના હિતની ચિંતા જેનામાં છે, તે જ જૈનશાસન.

જિનપૂજાની સાર્થકતા ચિત્તપ્રસન્નતા છે.

જીવનના સર્વ પ્રકારના વિકાસમાં
પ્રેમ અને પરોપકારની અનિવાર્ય અગત્ય છે.

મંત્રજાપની સાર્થકતા મંત્રચૈતન્ય - સર્વત્ર પ્રકાશ.
સર્વત્ર પ્રકાશ = અંદર, બહાર તથા ચારેબાજુ પ્રકાશ.

જેમ બ્રહ્મસંયમ એક મહાન વિદ્યા છે, તેમ
મનોદ્રવ્યમાંથી પણ આપણે જોઈતું તત્ત્વ આકર્ષી લેવું,
એ પણ એક મહાન વિદ્યા છે.
આ વિદ્યાને આપણે 'સંયમ' શબ્દથી સંબોધી શકીએ.

વિશ્વમાં કશી વધ - ઘટ થતી નથી,
જે વધ - ઘટ કાંઈ થાય છે, તે માત્ર
આપણી સંસ્કાર ગ્રહણની શક્તિ અને ક્ષતિની છે.

સંકલ્પબળ વડે માનસિક શક્તિ પર આધિપત્ય સ્થાપવું,
પ્રકૃતિના અધોઅંશને કાબૂમાં લેવો,
વાસનાના માર્ગ ઉપર જતાં મનને અટકાવી
ઇષ્ટમાં વળગાડી દેવાનું સામર્થ્ય ફોરવવું - સ્ફુરાવવું
અને તે સંયમી મનની સહાય વડે
આત્માના વિકાસનો પરમ ઉદ્દેશ સિદ્ધ કરવો.

## આત્માના વિકાસનો બીજો માર્ગ

બુદ્ધિના વ્યાપારોથી, તર્ક - શોધખોળ ચિંતનવિચાર અને
ક્રિયા જ બાહ્ય માનસ પ્રયત્નોથી
વિશ્વના અનેક મહાપ્રશ્નોને સ્પષ્ટથી ઉકેલવાનો છે.

## આત્માના વિકાસનો ત્રીજો માર્ગ

ઈશ્વર પ્રત્યેના અસાધારણ પ્રેમ અને ભક્તિભાવનો છે,
સર્વ જીવનનું મૂળ ક્રિયા અને પ્રાણીમાત્રનાં
સાતત્ય, પ્રાપ્ય અને કર્તવ્યની પરમ અવધિરૂપ
ઈશ્વરતત્ત્વ સાથે પ્રેમબળથી એકતા સિદ્ધ કરવા તે છે.

## મનુષ્ય પ્રયત્નનો ચરમ ઉદ્દેશ એ છે કે

આત્માનો વિકાસ કરી તેને પરમાત્મામાં લય કરવો,
ઈશ્વર સાથે તેનો અભેદભાવ સિદ્ધ કરવો,
અને આપણા વ્યક્તિભાવને એક પરમ ક્રિયા
સમરસ ચૈતન્યઘનમાં અભેદપણે પરિણમાવવું.

સંસારનું સુખ એ ભૂતના ભડકાં,
રાજના રમકડાં કે નાટકની સુંદરીઓની જેમ માત્ર
નજરને જ મોહ ઉપજાવે છે, વસ્તુતઃ સુખપ્રદ નથી.
આ બધો પ્રપંચ, પ્રચંડ જીવનકલહ, દુઃખદર્દ પ્રયત્ન
અને અવિરત અજ્ઞાન પ્રવૃત્તિનો કાંઈક ઉદ્દેશ છે,
તે સર્વ પ્રવૃત્તિ સાવ નિરર્થક નથી.

સંસારની તે સર્વ પ્રવૃત્તિઓનો ઉદ્દેશ એ છે કે
આત્મા એ બધા દ્વારા પોતાના સ્વરૂપને
જોતાં, અનુભવતાં અને ખીલવતાં શીખે.
સર્વનો અંતિમ હેતુ, આખરનું લક્ષ્ય, છેવટનો ઉદ્દેશ
આત્મસાક્ષાત્કાર એટલે Self-realization છે.
સંસાર એ ઈંટ-માટીના મકાનોનો કે સ્ત્રી-પુત્રાદિ
પરિવારનો જ બનેલો છે, એમ નહિ કિન્તુ
અંતરની વાસના એજ સંસાર છે અથવા
સંસાર એ ઇચ્છા-આસક્તિ-વાસનાનું પરિણામ છે.
જ્ઞાનીજનો અવિરત કર્મનાં પરિણામોમાં જ્યારે
અનિષ્ટતા જોવાની ના પાડે છે, ત્યારે
મૂર્ખ મનુષ્યો સારામાં સારા કર્મોમાં પણ
સંતોષ નહીં માનતાં તેમાં અનિષ્ટતા જ જોયા કરે છે.
આપણું જીવન આપણા એકલા માટે જ નહિ પણ
સર્વ માટે છે. ફળનો દાવો, પરિણામની લાલસા તથા
પદાર્થ ભોગવવાની આસક્તિ એવો ફાંસો છે કે
જે હંમેશા આત્માને બંધનમાં જ રાખે છે.
તત્વજ્ઞાન એટલે 'હું કોણ છું?' અને
'મને સાચું સુખ કેમ મળે?' તેનો વિચાર અને નિર્ણય.

જેને તૃષ્ણા વિશેષ, તે વિશેષ દુઃખી નક્કી.

જેને તૃષ્ણા ઓછી, તે ઓછો દુઃખી.

મનુષ્ય જન્મથી જ એવા સંસ્કાર લઈને આવે છે
કે તેને ઈંદ્રિયના વિષયોને અનુકૂળ સંયોગો હોય તો
સુખ થાય, પ્રતિકૂળ સંયોગો હોય તો દુઃખ થાય, તેથી
તે અનુકૂળ પદાર્થો મેળવવાની વાસનામાં જ રોકાય છે.

ટૂંકમાં તેને વિષય - કષાયની પ્રવૃત્તિ ગમે છે.

સંસાર એટલે રાગ - દ્વેષ - અજ્ઞાનમય ભાવ.

નિરાકુળ - નિર્મળ - સ્વાધીન સુખનો એક સમય પણ
દેવરાજ ઈંદ્રના સમગ્ર આયુષ્યના સર્વ સમય કરતાં ય
અત્યંત મૂલ્યવાન છે - સ્વાધીન સુખ અમૂલ્ય છે.
સંસારની કોઈ એકાદ વિષયજન્ય ઈચ્છાની તૃપ્તિથી
ઉત્પન્ન થતાં સુખ - સુખાભાસ કરતાં અનંત - અતૃપ્ત
ઈચ્છાઓનું ભયંકર દુઃખ જીવ પ્રતિપળે અનુભવે છે.

ખરું જ્ઞાન એ...

બુદ્ધિ અથવા એકત્ર થયેલા સંસ્કારોનો સમૂહ નહિ,
પરંતુ સત્યના સાક્ષાત્કારના ભાનમાં ઉપયોગ સહિતપણે
પ્રવેશવું તે છે અને તેમ થવા માટે
ધ્યાન અને એકાગ્ર ચિંતનની અપેક્ષા છે.

ચિંતનની અપેક્ષા વડે જ સત્યનું ભાન ઉદિત થવા માંડે
છે અને એ ભાન આપણી પ્રકૃતિમાં એકરસ થઈ
આપણા જીવનનો વિભાગ બની જાય છે.
જ્ઞાનતંતુઓ ઉપર અનંત સંસ્કારોનો બોજો ભરનારા
જડ જડ તો 'બુદ્ધિમાનો' ઇત્યાદિ, જ્ઞાનવાન નહિ જ.
સ્વત્વ = identity, અપૂર્વકલ્પક = original.
મનુષ્ય સત્યની વિશુદ્ધ કલ્પના કદી કરી શકતો નથી.
જે કોઈ કલ્પનામાં આવી શકે છે,
તે સત્યના પાયા ઉપર સ્થિર છે.
'હું મરી ગયો' કે 'મારું કોઈપણ રૂપે અસ્તિત્વ નથી'
એવી કલ્પના કદી થઈ શકતી નથી,
તે જ આત્માના અમરત્વની સિદ્ધિ કરે છે.
આત્મા પોતાના અમરત્વની સાબિતી
પોતાના સ્વરૂપની સાક્ષી ભરીને જ વિચારે છે.
તેનો સંપૂર્ણ અનુભવ ઘણા ઉત્કૃષ્ટ તરે થાય છે.
'હું'ના આત્યંતિક વિલયની કલ્પના કરવાનો પ્રયત્ન કરે,
ત્યારે મન તે કલ્પનાનું ચિત્ર રચવાની સ્પષ્ટ ના પાડે છે.
અમરત્વ એ આત્માનો જન્મ હક્ક છે.
અગ્નિની મધ્યમાં, મહાસાગરના તળીયે કે પછી

નિરવધિ આકાશમંડળમાં
નિરંકુશપણે ગમન કરવા છતાં અગ્નિ, જળ કે વાયુની
આત્માને કશી જ અસર થતી નથી, અહો કલ્પો!
વિશ્વનો કોઈપણ પદાર્થ લેશમાત્ર પણ
Imp આત્માની સ્વરૂપહાનિ કરી શકતો નથી.
જન્મનો નાશ કરવા માટે અમરત્વનું ભાન આવશ્યક છે,
ચિંતાનો નાશ કરવા માટે ચિતતત્ત્વનું ભાન અને
શોકનો નાશ કરવા આનંદતત્ત્વનું ભાન આવશ્યક છે.
આવા પ્રકારનો આંતરિક અનુભવ, અભિવ્યક્તિકરણમાં-
unfoldment of consciousnessમાં પ્રબળ
સહાય કરે છે. કરણ, tools or instruments
આ કાળે ઉપાધિરૂપ નહિ પણ સહાયક છે.

3 પ્રકારના મન

(૧) સંસ્કારાત્મક અથવા આંતરમન (વેદનીય)
Subconscious - Instinctive mind.
(૨) બાહ્ય અથવા બુદ્ધ્યાત્મકમન (મોહનીય)
Outer or conscious mind.
(3) દિવ્ય અથવા ઉપરિમન (ક્ષયક્ષયોપશમ)
Spiritual - super conscious mind.

મનના બળ વડે નહીં મન પાસેથી
મન પોતાના સ્વરૂપનું જ્ઞાન મેળવી શકે છે.

(૬) સંસ્કારાત્મકમન કે આંતરમન એ
આપણું શારીરિક જીવન નિભાવવા મદદ કરે છે.
આપણા ભાનની મર્યાદા બહાર શરીરમાં જે કાંઈ
કાર્યો ચાલે છે, તે તેના સંકેતથી જ ચાલે છે, જેમ કે:

(a) શરીરના ભાંગેલા કે વિશીર્ણ ભાગોને સુધારવાનું કાર્ય.
(b) શરીરમાં રોજેરોજ નવા અણુઓ સ્થાપવાનું કાર્ય.
(c) જૂના અને સડી ગયેલા પુટોને દૂર કરવાનું કાર્ય.
(d) પાચનક્રિયાનું કાર્ય જેમાં અન્નના રસોને પરિપાક
પમાડી યોગ્ય સ્થાને પહોંચાડવાનું કાર્ય સંમિલિત છે.
(e) રુધિરાભિસરણ અને મળવિસર્જનનું કાર્ય તે કરે છે.
(f) અનુભવોને - સંસ્કારોને સંગ્રહવાનું કાર્ય કરે છે.

પશુવૃત્તિઓના બધાં ચિહ્નો આ મનના પ્રદેશ ઉપર
રહેવા પામ્યાં છે, જે તે તે ભૂમિકાએ સ્વસંરક્ષણ
અર્થે ઉપયોગી - પોતાના જીવનના સ્થાને હતી, જેમ કે:

કલહવૃત્તિ, દ્વેષ, ઈર્ષ્યા, ક્રોધ, વિકારો વગેરે.

વાસનાઓ, ઇચ્છાઓ, રુચિઓ, આવેગો, લાગણીઓ,
સ્પૃહાઓ, લાલસાઓ વગેરે પશુમાં, જંગલી મનુષ્યમાં
તથા હાલના કેળવાયેલા માનવીમાં સમાનપણે હોય છે.

કેળવાયેલો મનુષ્ય ન્યૂનાધિક અંશે
તેને પોતાના કાબૂમાં રાખી શકે છે,
તેટલા અંશે તે પશુ અને જંગલી કરતાં ચઢિયાતો છે.
પશુ કે જંગલી મનુષ્ય પોતાની વૃત્તિઓ ઉપર
મુદ્દલ કાબૂ રાખી શકતા નથી. ક્ષુધા - તૃષા - લોકૈષણા,
સ્થૂલ રાગ-દ્વેષ - માન તિરસ્કાર - ઈર્ષ્યા - વેર વગેરેનો
સ્થાયી મુકામ મનના આ આંતર પ્રદેશ ઉપર હોય છે.
ઉચ્ચ ઉદ્દેશ વિનાના સ્વાર્થ હેતુઓને લક્ષ્યમાં રાખી
જે સ્થૂલ સામગ્રી એકઠી કરાય છે,
તે વૃત્તિઓ પણ આ વિભાગમાંથી ઉદ્ભવે છે.
લોકૈષણા, ચક્ષુરાગ, ઇંદ્રિયોનો વિલાસ લોભ પણ
આ મન ઉપર જ અવલંબેલા છે.
જેને આપણે 'નરસું' કહીએ છીએ,
તે પોતપોતાના સ્થાને હંમેશા યોગ્ય જ હોય છે.
જે ભૂમિકાએ તે હોવું જોઈએ, તે કરતાં જ્યારે તે
બીજી ભૂમિકાએ હોય છે, ત્યારે તે નરસું ગણાય છે
અને તેમાં પણ જ્યારે તે આપણા ઉપર પોતાનું
આધિપત્ય સ્થાપીને આપણને તેના કાબૂમાં રાખે છે,
ત્યારે જ તે ખરી રીતે નરસું ગણાવા યોગ્ય છે.

## (૨) બુદ્ધિમનના કાર્યો

તર્ક, પૃથક્કરણ, વિચાર, ન્યાય આદિ બુદ્ધિવ્યાપારો
સંકલ્પાત્મક મનની એક આત્માથી પૃથક્ છે.
બુદ્ધિ એ 'હું'નું હથિયાર છે અને
એનું આપણા વાસનાદિક સ્વરૂપથી ભિન્નત્વ છે.

## (૩) દિવ્યમનના કાર્યો

પ્રતિભા, દિવ્ય સ્ફુરણ, સ્વરૂપસત્તા મહદ્ વિચારો,
ભવ્ય ભાવનાઓ, પ્રગતિનો આવેગ, સાચી ધાર્મિકતા,
પ્રેમ, સત્ય, દયા, પરોપકાર, ન્યાયવૃત્તિ, સ્વાર્પણભાવના
આદિ ઉચ્ચવૃત્તિઓનું સ્થાન દિવ્યમનમાં છે.
ઈશ્વર અને પોતાના માનવબંધુઓ પ્રત્યેનો પ્રેમ
જનહૃદયમાં આ જ સ્થાનમાંથી ઉદ્ભવે છે.
મહાન આધ્યાત્મિક સત્યોનું ભાન પણ અહીં જ થાય છે.
'હું'ને તેના સ્થૂલ સૂક્ષ્મ કરણોથી ભિન્ન અનુભવી
આત્માની તે કરણો ઉપર આધિપત્ય સ્થાપવાની
મહત્વાકાંક્ષા પણ અહીંથી જ ઉદ્ભવે છે.
તેનો ચિંતન પણ યંત્ર કરતાં વધારે નથી.
મન ઉપર આપણું સ્વામિત્વ ન હોય તો પ્રગતિમાં
વિઘ્નરૂપ છે અને આપણા કાબૂમાં હોય તો તે પોતાનું
ગુપ્ત રહસ્ય આપણી આગળ પ્રગટ કરી દે છે.

## ઉત્તરોત્તર ચઢીયાતાં મનના પ્રકારો

mineral mind = તે પુર બનાવે છે.
vegetable mind = તે સંવર્ધન કરે છે.
Instinct mind = પશુના મન સમાન છે.
Intellectual mind = માનવના મન જેવું.
Intuitional mind = સત્વોપલબ્ધિ મન.

જેમ એક હીરાની સહાયથી બીજા હીરાને કાપી શકાય છે, તેમ એક પ્રકારની બુદ્ધિ - ક્રિયાનું અવલંબન લઈ અન્ય તેવા જ વ્યાપારને 'હું' અનુભવી શકે છે. મનુષ્ય પોતાથી અલ્પસ્તરની પણ ઉચ્ચતાએ બિરાજતા આત્માની માનસિક સ્થિતિમાં પ્રવેશી શકતો નથી, તો પછી એવા અનંત પ્રગતિનો રસ્તો કાપી પરમાત્મકોટીમાં પ્રવેશેલા આત્માનું સ્વરૂપ સમજવાનો આગ્રહ વ્યર્થ છે. આત્માને જે કાંઈ ઉચ્ચમાં ઉચ્ચ ભાન વર્તમાન છે, તે I am કે 'હું છું' એજ છે. એ વિચારનું બધું ભાન તેના સ્વરૂપ સાથે સંબંધ ધરાવનાર નથી, પરંતુ ક્રમવિકાસને માટે યંત્રની માફક વાપરવા માટે જ છે.
'હું છું' એવા ભાન વખતે અનુભવાતી નિર્ભયતા એ જ વાસ્તવિક 'સચ્ચિદાનંદ'ની પ્રતીતિ છે.

આત્મારથી - મન રથ છે, આત્મા સિંહ - મન લશ્કર છે.

આત્મા સેનાપતિ છે, મન સેના છે.

આત્મા દેવ છે, મન દેવમાયા છે.

આત્મા વાનર છે, મન પિંજર છે.

સ્વરૂપની ભવ્યતા, મહત્તા, સામર્થ્ય અને પ્રભાવનાં પ્રવેશવા માટે ગાઢ તેનો ઊંડો અભ્યાસ કર્તવ્ય છે.

Absolute standpoint ને નિશ્ચય દૃષ્ટિમાં Time, space and causation છે નહિ.

Relative standpointથી

દેશ - કાળ અનેકનું કારણ ભાવનો ભેદ છે.

પક્ષી એ શાખાનું, ભાષા એ ભાવનું અને

શ્રદ્ધા એ મોક્ષ (માર્ગ)નું વાહન છે.

પક્ષી વડે શાખા, ભાષા વડે ભાવ અને

શ્રદ્ધા વડે મોક્ષ પામી શકાય છે.

અર્થયુક્ત શબ્દોમાં અનંત સામર્થ્ય રહેલું છે.

અર્થયુક્ત શબ્દોને 'મંત્ર' નામથી સંબોધાય છે.

અર્થભાવના સાથે મંત્રોને ઉચ્ચારવા જોઈએ અને મનમાં એ અર્થનો અનુરૂપ ચિત્ર પ્રગટેલું હોવું જોઈએ.

રસ = Interest, સંકલ્પ = Will,

શ્રદ્ધા = Faith, ટેવ = Habit.

## વિરતિ એટલે શું ?

આંતર નિર્વિષયી પરમ સુખ પ્રત્યેની રતિથી વિલક્ષણ એવા બાહ્ય વિષયોની રતિથી વિરામ પામવું, તે વિરતિ.

'રતિ' એટલે પ્રીતિથી રહિત બનવું એમ નહિ, કેમકે પ્રેમ લાગણી જેમ આત્માનો સ્વભાવ, સ્વાભાવિક અંશ છે, તેથી આત્મા તેનાથી જુદો પડી શકે નહિ.

'વિરતિ' એટલે રતિનું સ્થાનાંતર કરવું, તેને બાહ્યમાંથી ખસેડી આત્મદ્રવ્યમાં સ્થાપવી કે જે આત્મદ્રવ્યનો ગુણ છે.

વિરતિની ભાવના આત્મતત્ત્વના સ્વીકાર સાથે જોડાયેલી છે.

વિરાગ, તપ, દાનાદિ આત્મસાક્ષાત્કાર માટે પ્રબોધાયેલાં છે.

વિરતિ અને વૈરાગ્ય બાહ્યસ્થિતિનાં બોધક શબ્દો નથી પણ આંતર અવસ્થાના સૂચક છે.

બાહ્ય વિષયોમાં રાગથી વિરોધી અવસ્થા તે 'વિરાગ' છે.

સાચો વૈરાગ્ય મનુષ્યનું જેટલું કલ્યાણ સાધી શકે છે, તેટલું અન્ય કશાથી થતું નથી.

પોતાના સાચા હિતની જેને દરકાર છે,
તે દરેકને વૈરાગ્ય અતિવ કીંમતી છે.

સંસાર એ મનુષ્યને મજબૂત કરનાર અને
વાસ્તવનો પાઠ શીખવનાર એક શાળા છે.

# રાગમાંથી વિતરાગ

દાનવૃત્તિ અથવા અસ્પૃહાવૃત્તિ એ
રાગવૃત્તિ પરના વિજયમાંથી ઉદ્ભવેલું દિવ્ય સ્ફુલિંગ છે.
ત્યાગ, અસ્પૃહા, વિરતિ કે વિરાગ વિના
મનુષ્ય ઉત્તમ ગૃહસ્થ બની શકતો નથી.

બરફ, જળ અને વરાળનો તફાવત
પરસ્પરના આકર્ષણના ભેદ વડે થયેલો છે.
બરફના અણુઓનું અન્યોન્ય પ્રતિનું આકર્ષણ ઘટી જતાં
એમ જળ અને જળનાં અણુઓની વરાળ થાય છે,
તેમ રાગના નિમિત્તોનું ઉત્તરોત્તર ઓછાપણું થતાં
પશુત્વમાંથી મનુષ્યત્વમાં અને
મનુષ્યમાંથી દૈવત્વમાં જવાય છે, કિન્તુ
જળત્વની જેમ તેમાં જીવત્વ સમાન જ રહે છે,
માત્ર તેની ભૂમિકાઓમાં જ ભેદ પડે છે.

વાસનાજન્ય આનંદ કરતાં વિદ્યાજન્ય આનંદ ચઢીયાતો છે.
મનુષ્યના એક પણ સંકલ્પ કે વાસના નિષ્ફળ જતાં નથી.
સંકલ્પ એટલે પ્રબળ ઇચ્છા દૈવ કે ઈશ્વર થવાની હોય,
તો મનુષ્ય તે સ્થિતિ સ્વસંકલ્પબળ વડે મેળવી શકે.
સંકલ્પ કે પ્રબળ ઇચ્છા મનુષ્યની ઉડવાની પાંખો છે.

## પ્રમાદ અને અપ્રમાદનું વિશ્લેષણ

અપ્રમાદ = જ્ઞાન અને સમજણને અમલમાં ઉતારવા.

પ્રમાદ એ જીવને સદ્‌વસ્તુ વિષયક
વર્તમાન પ્રયત્નથી દૂર રાખે છે.

વિશ્વમાં કોઈપણ તત્ત્વ સ્થિર નથી.
અવિરત અને અવિશ્રાંત ગતિથી
વિશ્વનાં બધાં જ તત્ત્વો કોઈ મહાપ્રક્રિયામાં જોડાયાં છે.

પ્રમાદસેવનના અભ્યાસથી પ્રગતિ અટકે છે,
એટલું જ નહિ પણ પ્રગતિ ઉલટાય છે.

પ્રમાદ એ મદિરાનું પાન છે, આસુરી સંપત્તિ વિષય-કષાયનું સેવન છે તથા દૈવીસંપત્તિ એ તેનો વિરોધ છે. પ્રમાદમય અવસ્થા એ એક ચિત્તની શૂન્ય કાર્ય અવસ્થાવિશેષ નથી પણ અધોગામી અવસ્થા વિશેષ છે.

મન કદી સ્થિર રહેતું નથી.

સ્થિરતા એ મનનો સ્વભાવ જ નથી.

મનને એકાગ્રતામાં કે ધ્યાનમાં રોકી શકાય છે, પણ સર્વથા, રોકી શકાતું નથી. શુદ્ધિ કે અશુદ્ધિ બેમાંથી એક તરફ તે ગતિ કર્યા કરે છે. શુભ ન કરવું તે અશુભને કરવા રૂપ નથી પણ અશુભ પ્રતિ ગમન છે. શુભનું રોકાણ થવું એટલે અશુભનું આવાગમન શરૂ થવું.

પ્રમાદને જીતવાનો માર્ગ ઉપયોગ છે.
ઉપયોગ = સાવધતા, સચેતતા, તત્પરતા, જાગૃતપણું.
પ્રમાદ એ મન અને તનના સૂક્ષ્મ અને પેટા કરણો અને સર્વ ઉપકરણો ઉપર ચડેલો કાટનો થર છે.
પોતાના ઓજારો પર જ જેના નિર્વાહનો આધાર છે, એવો કારીગર પોતાના ઓજારો ઉપર કાટ ચઢવા ન દઈને તેને સારી હાલતમાં રાખવા નિરંતર ચીવટ રાખે છે. સમજુ મનુષ્ય પણ તેના માનસિક અને શારીરિક સાધનો ઉપર પ્રમાદનો કાટ ન ચઢે, તે માટે સાવચેત જ રહે છે.

ડુંગળી, લસણાદિ તમોગુણપ્રધાન આહારના પુદ્ગલોની અસર સૂક્ષ્મ કરણો ઉપર એટલી બધી થાય છે કે તે કોઈ પણ ઉચ્ચ કાર્ય માટે યોગ્ય રહેતા નથી.
સ્થૂલ - સૂક્ષ્મ કરણો શુદ્ધ હોવાની ઉપરાંત આત્માનો પ્રગતિમાન થવાનો સંકલ્પ પણ આવશ્યક છે. મનમાં ઉન્નતિ માટેના સંકલ્પબળની ખામી અને તનમાં અયોગ્ય પદાર્થોનો પ્રવેશ - એ બે કારણો વડે પ્રમાદ પોષાય છે.

જેમ આરોગ્યનું ઘટવું એટલે રોગનું વધવું,
તેમ પ્રગતિનું અટકવું તે અધોગતિમાં જવા બરાબર છે.
મદિરા કરતાં પણ પ્રમાદની શત્રુતા સૂક્ષ્મ હોવાથી
આપણે વધુ ચેતવાની જરૂર છે.

જેમ જેમ આત્મા પોતાના બૃહદ્ અહંત્વનો પરમાત્મામાં વિલય કરતો જાય છે, તેમ તેમ કષાયો ઘટતા જાય છે. મધ્યાહ્નકાળે વૃક્ષની છાયા જેમ વૃક્ષમાં સમાઈ જાય છે, તે પ્રમાણે મનુષ્યનું બૃહદ્ અભિમાન પરમાત્મામાં ઓગળી જતાં કષાયો સ્વતઃ જ વિલય પામી જાય છે.

મનુષ્યે મનુષ્યત્વમાંથી ઈશત્વમાં ગતિ કરવાની છે. આ દુર્લભ ભૂમિકાએ પહોંચવા માટે પરમાત્માના પ્રકાશ તરફ પોતાની આંતરચક્ષુઓ ખુલ્લા રાખવા ઘટે છે.

## મનુષ્યત્વનો ઉદ્દેશ

પશુત્વને સાધવાનો નહિ પણ ઈશત્વને સાધવાનો છે.

કામ, ક્રોધ, તૃષ્ણા, આસક્તિ કે
ઈર્ષ્યા, અભિમાન આદિ ઈશત્વના ગુણો નહિ પણ
પ્રેમ, પરોપકાર, દાન, દયા, શીલ, સંતોષ, તપ, જપ
ધ્યાન, ભાવનાદિ ઈશત્વને પ્રાપ્ત કરવાના ઉપાય છે.

સ્વસંરક્ષણ - દેહસંરક્ષણ : ક્રોધ, માન, માયા.

જાતિ સંરક્ષણ: લોભ.

દેહરક્ષણ માટે આહારનો લોભ.

જાન શિકારી પશુથી રક્ષણ માટે ક્રોધ - માન - માયા.

જ્યાં સુધી મનુષ્ય આત્માભિમુખ ન થાય,

ત્યાં સુધી તેની બુદ્ધિ, વિચાર આદિ શક્તિઓ
તેને પશુ બનવામાં ઉલટી સહાય કરે છે, તેથી
જે વૃત્તિઓને પશુઓ અમુક મર્યાદામાં જ ઉપયોગ કરે છે,
તે વૃત્તિઓને મનુષ્ય પોતાની બુદ્ધિની મદદથી
બેકાબ અતિ ભયાનક બનાવી શકે છે.

મનુષ્યને બુદ્ધિશક્તિ આપવામાં આવી છે, તે કષાયોને
ઉત્તેજિત કરવા અને વધારે ઉગ્ર પ્રકારે ભોગવવા માટે
આપી નથી, પરંતુ તે દ્વારા સ્વરૂપ પ્રાપ્તિનો ઉચ્ચતમ
ધ્યેય સિદ્ધ કરવાનો ઈશ્વરી ઉદ્દેશ છે, તે માટે આપી છે.

યોગો ઉપર કાબૂ મૂકી - મેળવી આત્મપ્રાપ્તિના
ઉચ્ચતર ધ્યેય તરફ યોજવા મનુષ્યને સેંકડો જન્મથી
દબાણ કરવાનું કાર્ય કુદરત નિરંતર કર્યે જ જાય છે.
એ માટે ચોતરફથી ઉપદેશકો, ગ્રન્થો અને સંતોની
મારફત એ વાત સતત સાંભળવા મળ્યા જ કરે છે કે:
કષાયને ત્યાગીને આત્મલક્ષ પ્રતિ યોગોનું વહન કરો.

<u>કર્મની ગતિ કે વિધિનું વિધાન જ એવું છે કે
ઉપદેશથી મનુષ્ય કષાયો ઉપર જો કાબુ ન મેળવે, તો
મનુષ્યના શિરે દુઃખના પ્રહારો કરીને
તેના પ્રબળ કષાય ભાવોનો બળાત્કારે ત્યાગ કરાવે છે.</u>

મનુષ્યને ઈશ્વરમાં પરિણમન પમાડવા માટે જ વિધિનું
વિધાન છે. મનુષ્ય જ્યાં સુધી તે દૈવી વિધાનને સમજી
તેને આદરવા જાણતો નથી, ત્યાં સુધી કર્મ અને વિધિ
તેને અનેક દિશાઓમાંથી અનેક સદુપદેશ મોકલ્યા કરે છે.
સદુપદેશો ન માને તો દુઃખનાં નિમિત્તો દ્વારા
તેની આંખો ખોલવા પ્રયત્ન કરે છે.

વિશ્વસર્જનની આ અવસ્થાએ આપણને મન દ્વારા જ
સંસાર ઉપર વિજય મેળવવાનું પ્રાપ્ત થયું છે.
મનની સાથે વાણી અને શરીરના યોગોને પણ
તેટલા જ પવિત્ર અને સ્વચ્છ રાખવાની આવશ્યકતા છે.
કોઈનું અનિષ્ટ અને અમંગલ થાય તેવા હિંસાત્મક
મન તથા વાણીના યોગ સેવવાથી દૂર રહેવું ઘટે છે.
મન, વાણી અને કાયાના યોગ સર્વને
સુખ, આનંદ અને સંતોષ આપનાર હોવા જોઈએ.
જો મન, વાણી, શરીર - આત્માને બંધના કારણ થાય, તો
તેની પ્રાપ્તિ નિરર્થક - અકલ્યાણકર ગણાવા યોગ્ય છે.
નિર્મળ યોગોમાં નિર્મળ આત્મા પ્રકાશે છે.

o

આત્મસંયત વર્ગ = Self governed grade.
સ્વયંચાલિત શક્તિ = automatism.

મનુષ્યમાં જો કોઈ મહત્ત્વની શક્તિ હોય, તો તે
પોતાની જીવનપદ્ધતિને ઇરાદાપૂર્વક બદલવાની શક્તિ છે.

આપણે કાળના પ્રવાહમાં અસહાય બનીને ખેંચાવું નથી.

ઉત્તમ જિજ્ઞાસુને બ્રહ્મનિષ્ઠ (બ્રહ્મમાં નિષ્ઠાવાળા) તથા
મંદ જિજ્ઞાસુને બ્રહ્મનિષ્ઠ - શ્રોત્રિય ઇત્યાદિ છે.

श्रोत्रियो ब्रह्मनिष्ठो यः प्रशान्तः समदर्शनः ।
निर्ममो निरहंकारः निर्द्वंद्वो निष्परिग्रहः ॥१॥
अनपेक्षः शुचिर्दक्षः करुणामृतसागरः ।
एवं लक्षणसंपन्नः स गुरुर्ब्रह्मवित्तमः ॥२॥

શ્રોત્રિય = શ્રુતિના અર્થને જાણનારા.

સર્વારાધક જ્ઞાની - દેશવિરાધક તથા
દેશારાધક ક્રિયાવાન્ - સર્વવિરાધક ઇત્યાદિ છે.

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।

- कठोपनिषद्

'ઊઠો' એટલે બ્રહ્મની સન્મુખ થાવ.
'જાગો' એટલે આવરણભંગ કરો.

અજ્ઞાનરૂપી નિદ્રામાં ઊંઘનારા પામર જંતુઓ તમે ઊઠો.
બ્રહ્મની સન્મુખ થાઓ, જાગો, આવરણભંગ કરો,
શ્રેષ્ઠ સદ્ગુરુઓને શરણે જઈને આત્માને જાણો.

બ્રહ્મની વિશેષ પ્રાપ્તિ માટે શ્રોત્રિય,
બ્રહ્મનિષ્ઠ ગુરુની પાસે જાઓ.

સાંખ્ય = સત્ - અસત્‌નો વિચાર, આત્મવસ્તુનો વિવેક.
તે અને ધ્યાનયોગ દ્વારા આત્માનો અનુભવ શક્ય છે.
સમદર્શન વિના વિવેક - વિવેક વિના સમવર્તન ન હોય.

સમદર્શન = રાગ-દ્વેષરહિત દર્શન.

રાગી દોષ ન જૂએ, દ્વેષી ગુણ ન જૂએ.
ગુણ - દોષનો વિભાગ ન થવાથી સમ્યગ્દર્શન ન બને.
સમ્યગ્દર્શન ન થવાથી સમ્યગ્ વર્તન કેવી રીતે થાય?

સમ્યગ્વર્તન માટે

ગુણ - દોષનો યથાર્થ વિભાગ થવો જોઈએ.
ગુણી પ્રત્યે પ્રમોદ તથા નિર્ગુણી પ્રત્યે
માધ્યસ્થ્યવાળું વર્તન ન થાય તો સમ્યગ્વર્તન ન ગણાય,
તેથી સમ્યગ્વર્તન યથાર્થ વિવેક માંગે છે અને
યથાર્થ વિવેક સમદર્શન માંગે છે.

સમદર્શન, સમ્યગ્દર્શન, સમવર્તન - આ રીતે
એક જ વસ્તુની ઉત્તરોત્તર ચઢતી અવસ્થાઓ છે.

સર્પને સુખ આપવાની ઈચ્છા હોવા છતાં
સર્પને સુખ આપી ન શકાય, પણ

સર્વને સુખ આપવાની ઈચ્છા ન હોય તો કોઈ એકને પણ સાચું સુખ આપી શકાય નહિ, કેમકે સાચું સુખ પ્રગટાવવાનો ઉપાય જ સર્વને સુખ આપવાની ઈચ્છા છે.

સાચું સુખ = પૂર્ણ સુખ, દુઃખ વિનાનું સુખ, શાશ્વત સુખ.

પૂર્ણને સુખ આપવાની ઈચ્છા વિના
પૂર્ણ સુખ કેવી રીતે પ્રગટે ?

સર્વને દુઃખમુક્ત કરવાની ઈચ્છા વિના
દુઃખના લેશ વિનાનું સુખ કેવી રીતે મળે ?

સર્વનું શાશ્વત સુખ ઈચ્છ્યા વિના
પોતાને શાશ્વત સુખ કેવી રીતે પ્રાપ્ત થાય ?

કોઈ એકને પણ સાચું સુખ પમાડવાનો ઉપાય
તેને સર્વના સુખના રસિયા બનાવવો તે છે, તેથી
પોતાના કે બીજા કોઈ એકના પણ સુખની ઈચ્છા
જેને પણ હોય, તેણે સર્વનું સુખ ઈચ્છવું જ જોઈએ.

સર્વનું સુખ ઈચ્છ્યા વિના અથવા
સર્વનું સુખ ઈચ્છવાનું શીખવાડ્યા વિના કોઈ
સુખ પામી શક્યું નથી, પામતું નથી, પામવાનું પણ નથી.

દુઃખ એ કર્મનું ફળ છે, ફળની અંદર બી હોય છે,
તેથી જેને દુઃખ આવે તેણે
દુઃખરૂપી ફળનું બીજ પોતામાં જ શોધવું જોઈએ.

આ વિચારનું નામ ધર્મ - ધ્યાન છે.
'ભૂલ બીજામાં છે' એમ માનવું તે રૌદ્રધ્યાન છે અને
દુઃખરૂપ ભૂલને પોતા કે બીજામાં શોધવાનો
વિચાર જ ન કરવો, તે શોધકરૂપી આર્તધ્યાન છે.

આર્તધ્યાન દૂઝે છે, રૌદ્રધ્યાન રોવડાવે છે.
ધર્મધ્યાન વિચારે છે, શુક્લધ્યાન શોધે છે.

નાનો - મોટો કોણ ?

વધારેમાં વધારે સ્વાર્થ અને ઓછામાં ઓછું પરાર્થ
જીવે તે નાનો અને વધારેમાં વધારે બીજા માટે અને
ઓછામાં ઓછું પોતા માટે જીવે તે મોટો ગણાય છે.

દુષ્કૃત્યનું સ્મરણપૂર્વક અને પશ્ચાત્તાપપૂર્વક
પુનરાવર્તન વર્તન ન કરાય એમ એનું પ્રાયશ્ચિત છે.

મન અને પ્રાણ એટલે શું ?

અંતઃકરણ જ્ઞાનશક્તિ દ્વારા કાર્ય કરે, ત્યારે મન
અને ક્રિયાશક્તિનો આશ્રય કરે, ત્યારે પ્રાણ કહેવાય.

પ્રાણની સ્થિરતા અને પરિણામે ઉત્પન્ન થતી
મનની એકાગ્રતા એ સંકલ્પશક્તિની આધારશિલા છે.

૦ નાટક રસને આશ્રયે છે, નૃત્ય લયને આશ્રયે છે.
દરેક મનુષ્ય સૃષ્ટા છે, સર્જન કરવાની શક્તિ ધરાવે છે.

સર્જનમાં પ્રજ્ઞનું પ્રતિબિંબ પડે, ત્યારે 'કળા' કહેવાય.
કૃતિ જેટલી પ્રજ્ઞાવાન, તેટલી શ્રેષ્ઠ.
કળા એ પ્રજ્ઞાના હૃદયગત ભાવોનું વાહન બને છે.
ભાવો જ્યારે હૃદયમાં સમાઈ શકતા નથી,
ત્યારે કળાને રૂપે બહાર ઉભરાય છે.
એ આનંદનું પરિણામ હોઈ આનંદ ફેલાવે છે.
કળા કાગળ, કેન્વાસ કે પત્થર ઉપર હોઈ શકે.
તે મનુષ્યને પ્રાકૃતતામાંથી ઉગારી સંસ્કૃતતામાં લઈ જાય છે.
0 વાસનાઓનું કારણ અવિદ્યાદિ ક્લેશો છે.
વાસનાઓનું ફળ જન્મ - આયુ - ભોગ છે.
ચિત્ત એ આશ્રય છે તથા વિષયો એ ટેકો છે.
વાસનાઓનો નાશ એટલે
તેમની અંકુર ફૂટવાની શક્તિનો અભાવ.
ગુણો ત્રણ હોવા છતાં પણ
મળીને કાર્ય કરતા હોઈ તેનું કાર્ય એક જ છે.
ચિત્તની વૃત્તિઓ સદા જ્ઞાત છે. ચિત્તનો સ્વામી પુરુષ
અપરિણામી છે. ચિત્ત દૃશ્ય હોવાથી સ્વપ્રકાશ નથી.
ચિત્ત દ્રષ્ટા - દૃશ્ય બંનેના રંગે રંગાયેલું હોવાથી
સર્વરૂપ અર્થાત્ દ્રષ્ટા - દૃશ્ય - દર્શન ત્રણરૂપે વર્તે છે.

ચિત્ત અસંખ્ય વાસનાઓથી રંગાયેલું છે. શરીર, ઇંદ્રિયો વગેરે સાથે મળીને વિષયોના પ્રકાશનરૂપ કાર્ય કરે છે. પુરુષને ભોગ અને મોક્ષ આપવાના પ્રયોજનવાળું છે, તેથી પરાર્થ છે. ચિત્તમાં આત્મભાવનો અભાવ થવો વિવેક છે. ચિત્તમાંથી આત્મભાવનો અભાવ થતાં ચિત્ત કેવળ વિવેક તરફ ઢળેલું અને મોક્ષરૂપ અંતિમ કિનારાવાળું થાય છે. આવા સતત વહેતા વિવેકપ્રવાહમાં પણ ક્વચિત છિદ્ર પડે છે, તે છિદ્ર મોટું ન થાય તે માટે અને તેની નિવૃત્તિ માટે અછિદ્ર વિવેકજ્ઞાનનો અભ્યાસ જારી રાખવો આવશ્યક છે. જેમ ક્ષણોની ધારા હોય છે,

તેમ ગુણોનાં પરિણામની પણ ધારા હોય છે.

એ ધારાવાહિકતાને 'ક્રમ' કહે છે.

પરિણામની સમાપ્તિરૂપી ચિહ્ન દ્વારા જ ક્રમ સમજાય છે.

ગુણોનો પ્રતિપ્રસવ થવો એટલે

વિકૃતિરૂપ તજી પ્રકૃતિરૂપમાં લીન થવું, એ કૈવલ્ય છે અથવા ચિતિશક્તિની સ્વરૂપમાં પ્રતિષ્ઠા, એ મોક્ષ છે. મન જ્યારે રાગ-દ્વેષાદિ ક્લેશો અને ઈર્ષ્યા - અસૂયાદિ ઉપક્લેશોથી પ્રેરાઈ ઇંદ્રિયો અને પ્રાણને વિક્ષેપમાં યોજે,

ત્યારે અશાંતિ પેદા થાય છે.

અશાંતિ એટલે ઘોંઘાટ, તેનો અભાવ તે શાંતિ.

એમ આજુબાજુ, તેમ જીવનમાં અને
તેના મૂળ સમા મનમાં ઘોંઘાટનો અભાવ હોવો ઘટે.
મનના રાગ-દ્વેષોની નિવૃત્તિમાં શાંતિ વસે છે.
રાગ-દ્વેષાદિને ધોવા માટે વૈરાગ્યની - પ્રેમની જરૂર છે,
તેની સાધના સમજપૂર્વક દીર્ઘ અને દૃઢ થાય, ત્યારે
શાંતિ આપમેળે આવે છે.
શાંતિની પ્રતીતિ અદ્વૈતના અનુભવે જ થાય.
'न एकस्माद् भवति ध्वनिः ।'
'સૌમાં સ્વની અનુભૂતિ' તેમાં શાંતિ વસે છે.
સહજ ત્યજવું એ જીવનનો લ્હાવો છે, પ્રભુનો ન્યાય છે.
એ વિશ્વયોજનાને સ્વીકારવાની ભાવનાની છે,
કર્મોને ભોગવી લેવાની અપ્રતિમ બહાદુરી છે.
એ જાતિનું અતૂટ સત્ય કેળવવાથી શાંતિ પ્રગટે છે.
નામનું માહાત્મ્ય આકાશના
ઊંડાણ અને વિસ્તારની માફક અનવગાહ્ય છે.
માનવ મૂળ ક્ષુદ્ર - નાનું જંતુ છે.
એ એના માપે નામનું માહાત્મ્ય જાણે છે.
તે સહેજસાજ જ છે. બાકી નામનું માહાત્મ્ય માનવ
જાણે છે, સમજે છે, તેના કરતાં અનંતગણું છે.

સૌ શાસ્ત્રોના સાર, સૌ વિદ્યાઓનું રહસ્ય,
સમસ્ત સાધનાનો નિષ્કર્ષ,
સમગ્ર ઉપાસનાનું હૃદય - એકમાત્ર નામ છે.
પ્રભુપ્રાપ્તિ માટે એ સરળસાધન તથા પ્રાપ્ય રાજમાર્ગ છે.
જેને નામ ઉપર ભાવ અને શ્રદ્ધા ચોંટ્યા,
તેનો બેડો પાર છે. સૌ સત્યોનું તે એક સત્ય છે.
ભક્તિ એ ભાગાણાની નિર્બળતા કે અતિરેકનું નામ
નહિ પણ વર્તન - વિચારનું સામંજસ્ય કેળવી બાકીની
દુનિયા સાથે અવિરોધ જીવન જીવવાની કળા છે.
નામસ્મરણના પોલાદી પાયા ઉપર તેનાં મંડાણ છે.
પહેલાં બીજું તેમ નામસ્મરણના 3 વિષયો છે:
જગત, જીવ અને જગદીશ.
ચિન્તન વિના ઊંડાણ ન આવે.
પ્રવચનો શ્રોતાઓને વિના આધારે ઊંડાણમાં લઈ જાય છે.
વિશ્વશાંતિના વિચાર વિના
આત્મશાંતિનો અનુભવ શક્ય નહિ.
વિશ્વમાં શાંતિનો વરસાદ વરસાવનારની જય પામો.
વિગતોનું જ્ઞાન એ જ્ઞાન નહિ, information છે.
અનુભવજ્ઞાન એ જ્ઞાન છે, કેમકે તેમાં આત્મા ભળે છે.

'બધા આત્મા પોતાના આત્મા જેવા જ
સુખપ્રેમી અને દુ:ખદ્વેષી છે'
એ અનુભવજ્ઞાન ઔપાધિક ભાવના-શ્રદ્ધા-વીર્ય ઉત્તેજક છે.
માતાનું બાળક વિષયક જ્ઞાન એ અનુભવજ્ઞાન છે,
બાળકને મન તે માત્ર વિગતોનું જ્ઞાન છે.
પ્રથમનું જ્ઞાન બાળકને ઉપકારક છે,
બીજું જ્ઞાન અનુપકારક છે.
બાળકને માટે કરેલી શાંતિની ઇચ્છા પોતાની સાથે
બાળકને પણ શાંતિ અર્પનાર છે.
જે ભાવ તીર્થંકરદેવોને સર્વ જીવવિષયક છે,
તે ભાવ જેનાં હૃદયમાં ઊગતો નથી,
તેને તીર્થંકર દેવો સાથે ભાવસંબંધ થતો નથી.
ભાવથી જ ભાવની પ્રસૂતિ છે.
'તીર્થંકરોના જીવોનો આપણા ઉપરનો ભાવ
સતત કલ્યાણને, મંગળને તથા સુખને વર્ષાવી રહ્યો છે'
એવું જ્ઞાન થતાંની સાથે તીર્થંકરો ઉપર આપણાને
ભક્તિભાવ જાગે છે, એટલું જ નહિ પણ તેમના
નામ, રૂપ, ગુણ અને ચરિત્ર તથા વાણી અને આત્મા
- બધાં જ અતિ પ્રિય તરીકે અનુભવાય છે.

ભક્તને પોતાનું કાર્ય અવશેષ રહેતું નથી.
'ભગવાનનું કાર્ય એ જ પોતાનું કાર્ય' એમ તે માને છે.
તે ભક્તિનાં કે શાસ્ત્રનાં કાર્યો કરે છે,
તે માત્ર પ્રભુની આજ્ઞાની ખાતર.
પોતાને તે કાર્યોની સાથે સંગત કોઈ લેવા - દેવા નથી.
પ્રભુનું કાર્ય કરવું એ જ ભક્તનું કાર્ય છે.
પ્રભુએ સકલ વિશ્વના હિતને માટે
જે કાર્યો અથવા આજ્ઞાઓ ફરમાવેલ છે, તેનું પાલન
એકમાત્ર ભક્તિની ભાવનાથી જ કરવાનું રહે છે.
વિશ્વનું સંચાલન પ્રભુ કરી રહ્યા છે,
તેમાં બાધા કે વિઘ્ન ન પહોંચે અને તે કાર્યમાં
બીજાની વૃદ્ધિ થાય, તે જ એક તેણે જોવાનું રહે છે.
ભક્તને શાસ્ત્ર કે ભક્તિ કે દેશનાં કાર્યો ભક્તિમાં
અંતરાયરૂપ થતાં નથી પણ આજ્ઞાપાલનરૂપ હોવાથી
ભક્તિમાં વધારો કરી આપે છે.
ભક્તનું ધ્યેય માત્ર ભગવાન છે.
એ ધ્યેયની સિદ્ધિ માટે જ તે આજ્ઞા પાળે છે અને
ભક્તિનાં કે દેશનાં ધર્મો બજાવે છે.
ભગવાન ભાવરૂપ હોવાથી ભાવગ્રાહ્ય છે.

ભગવાનના ભક્ત એટલે ભક્ત
ભક્તની વ્યાખ્યા ભક્તિ ચાતુર બને છે.

'ભગવાનને સર્વ કર્મ અને તેના ફળ સોંપી દેવા' એટલે ભગવાનની આજ્ઞાનુસાર જ કર્મ કરવાં અને તેનાં ફળ ભગવાનની આજ્ઞા અનુસાર જ સ્વીકારવાં.

જ્ઞાન = knowledge, માહિતી = information.
અનુભવજ્ઞાન માહિતીથી નહિ પણ ઉપાસનાથી મળે.
માત્ર બુદ્ધિની મદદથી સમજણ મેળવવી તે જ્ઞાન નહિ, ઉપાસનાની મદદથી અનુભવ મેળવવો તે જ્ઞાન છે.
જ્ઞાન જો Theory છે, તો ઉપાસના Practice છે.
તેને '<u>તંત્ર</u>' પણ કહેવાય. તંત્રશાસ્ત્ર = સાધનશાસ્ત્ર.
બિંદુમાંથી સ્પંદ અને તેમાંથી સૃષ્ટિ - એ સવળો ક્રમ છે.
અવળા ક્રમથી વિસર્જન સંકેલાઈને પાછું બિંદુ થાય છે.

'<u>કુંડલિની</u>' એટલે ગૂંચળું વળીને સુતેલા સુષુમ્ણા, તે ચાલે ત્યારે કુંડલિની શક્તિમાં સ્પંદ થાય છે અને જ્ઞાનનો અદ્ભુત ચમત્કાર થાય છે. જો આરોહિ તે ઈડા અને પિંગલા. તેના ઘર્ષણે સુષુમ્ણાની અંદરનો ચેતનાગ્નિ પ્રદીપ્ત થાય. એ પ્રદીપ્ત થયા પછી મનુષ્ય ચેતનાના મહાસાગરમાં તરતો થાય છે.

'જગત મિથ્યા નથી, શક્તિનો આવિર્ભાવ છે.' આ
વિષયમાં અશ્રદ્ધા કે અતિશ્રદ્ધા - બંને પણ બોજરૂપ છે.

જે અનાત્મ છે, તેનો ત્યાગ કરવો તે વૈરાગ્ય.

આત્મામાં સ્થિર થવું તે જ્ઞાન.

એક જ અવસ્થાનાં બે પાસાં છે, સત્ય એક છે.
વૈરાગ્ય એ તેનું નિષેધાત્મકરૂપ છે તથા
આત્મસાક્ષાત્કાર તેનું ભાવાત્મક સ્વરૂપ છે.

મૌન ૪ પ્રકારે: વાણીનું, આંખનું, કાનનું અને મનનું.
મનનું મૌન એ જ ખરું મૌન તથા ખરો ઉપદેશ છે,
એનાથી ચઢિયાતો બીજો કોઈ ઉપદેશ નથી.

સાધનાની ઊંચી કક્ષાએ આરાધ્ય ઇષ્ટદેવ એ જ ગુરુ
બની જાય છે અને તેને આગળનો માર્ગ બતાવે છે.
એ ગુરુ સાધકને બતાવે છે કે
ઈશ્વર તારી અંદર જ છે, અંદર શોધ, એને તું પામશે.
ઈશ્વર, ગુરુ અથવા આત્મા - આ સર્વ એક જ છે.
આત્માર્પણની વાત પોતે પોતાને અર્પણ થવા જેવી છે.
મન, આત્મા, સર્વસ્વ ઈશ્વરને અર્પણ કરીએ છીએ
પણ સમર્પણ કરીએ છીએ, તે બધું શું આપણું છે?
હે ભગવાન! અમને વશ થવાથી બધા ચાલીને તું મારી

માની બેઠો હતો, હવે સમજ ગયો કે સર્વ કાંઈ તમારું છે,
હવે હું એની માલિકીનો દંભ નહિ કરું.
આત્માર્પણ એ વસ્તુતઃ મનોનિગ્રહનું જ બીજું નામ છે.
જ્યારે આપણો અહમ્ જુએ છે કે
ખરો સ્વામી તો આત્મા છે અને તે ભગવાન છે,
ત્યારે તે નમી જાય છે.
એ શરણાગતિ જ આત્માર્પણનો આરંભ છે.
અહમ્‌ની સત્તા જ નહિ, તો પણ અજ્ઞાનને કારણે
તે બળવો કરી બેસે છે અને મનનું માન્યું કરે છે.
સાચી શરણાગતિમાં અહમ્ ઓગળીને
પીગળીને મૂળ સ્ત્રોત એવા આત્મામાં સમાઈ જાય છે.
રેલ્વે મુસાફરીમાં સામાન માથે મૂકવો એ મૂર્ખાઈ છે.
તમે તમારો સામાન માથે રાખો કે બેઠકમાં,
રેલ્વે તમને અને તમારા સામાનને નક્કી કરેલા
સ્થાને પહોંચાડી દેશે જ, સામાન માથે મૂકવાથી કાંઈ
ગાડીને ઓછું જોર પડવાનો નહિ.
એનો ભાર તો સરખો જ રહે છે.
અલબત, તમારી ડોક દુઃખશે ખરી.
તમારું કર્તૃત્વાભિમાન પણ એવું જ છે.

નાનાં બાળક અને જ્ઞાનીમાં એક સમાનતા છે.
કોઈ બનાવ બનતો હોય, ત્યાં સુધી જ બાળકને એમાં
રસ હોય છે, બનાવ પૂરો થતાં એનું મન બીજે વળે છે,
એ બનાવની એના મન ઉપર કશી અસર કે
સંસ્કાર પડતાં નથી, જ્ઞાનીનું પણ આવું જ હોય છે.

V. Imp. ધ્યાન શું છે ? વિચારોનું નિરાકરણ.

આપણાં બધાં દુઃખો વિચારોથી જન્મે છે.
દુઃખ પોતે પણ એક વિચારરૂપ છે.
વિચારોને દૂર કરી એજ સુખ તથા એજ ધ્યાન છે.
વિચાર વિચારક માટે છે, વિચારક છે આત્મા, આત્મ-
પ્રતિષ્ઠ બની રહો, વિચાર આપોઆપ ઝાંખા થઈ જશે.
કાગળનાં પૂતળાને સમુદ્રમાં નાંખીએ તો જરૂર ગળી જશે.
ભલેને એને ગમે તેટલાં કપડાં પહેરાવ્યાં હોય !
આપણું શરીર એ કપડાં જેવું છે.
આત્માને જ્યારે ભૂલી જઈએ છીએ,
ત્યારે જ સંસારનો અનુભવ થાય છે.
આત્મા જો આત્માનું જ ચિંતન કરતો રહે,
તો બાહ્યસંસારનો અનુભવ પણ સમાપ્ત થઈ જશે.
બધું અજ્ઞાન મનમાં છે.

સંસારનાં કર્મોમાં ગૂંથાયેલ રહીને જે શાંત રહી શકે,
એવા વ્યક્તિ માટે બધે એકાંત છે.
ઘોર વનમાં રહીને પણ મનને વશ રાખવું કઠણ થઈ પડે,
એને માટે વનમાં પણ એકાંત ક્યાં છે?
આસક્ત માટે ક્યાંય એકાંત નથી,
અનાસક્ત માટે સર્વત્ર એકાંત છે.
ઉપભોગથી મન તૃપ્ત - વિષયવાસના શાંત થતી હોય,
તો તેમ કરવામાં કશું ખોટું નથી પણ
મુશ્કેલી એ છે કે કામનાઓ કદી શાંત થતી નથી.
ભોગ દ્વારા તેને શાંત કરવાની ઇચ્છા એ
ઘી નાખીને આગ બુઝવવા જેવું છે, પણ
કામનાઓને કચડી નાખવી એ ઠીક નથી.
એનું પરિણામ ઊલટું આવે છે.
કામનાઓને શાંત કરવાનો સાચો ઉપાય એ છે કે
'કામના કોને થાય છે? તે ક્યાં ઉત્પન્ન થાય છે?'
એ પ્રશ્નનો ઉત્તર મળતાં જ કામનાનું મૂળ ઊખડી જાય.
ઇચ્છા એ ક્રોધની માતા છે - અજ્ઞાન એ ક્રોધનો પિતા છે.
અહીં 'અજ્ઞાન' એટલે...
'સર્વ આત્માઓ આત્મતુલ્ય છે' તેવા જ્ઞાનનો અભાવ.

વડગામ, સં. ૨૦૨૬, માગસર વદી ૮, બુધવાર, ૧-૧-૧૯૭૦

## શ્રી નમસ્કાર મહામંત્રનું માહાત્મ્ય

'અરિહંતોની કરુણા, સિદ્ધોનું વાત્સલ્ય,
આચાર્યોના આચારોની પવિત્રતા,
ઉપાધ્યાયોનો સ્વાધ્યાયરસ તથા સાધુઓની સંયમસાધના
અને એ પાંચેનું સતત સ્મરણ કરાવનાર નમસ્કાર મંત્ર
અને તેની ઉપાસના જેને મળી છે, તેને
આ વિશ્વમાં મેળવવા લાયક બધી વસ્તુઓ મળી છે'
એમ વિચારવું એ સમ્યગ્દૃષ્ટિને મન
અતિશય આનંદ અને હર્ષ ઉપજાવનારું છે.
ઉપરના વચનો પ્રભુ સાથે રૂઢતા અને
એકતાનું લક્ષણ બતાવે છે.
સિદ્ધતા એ જીવની પોતાની અવસ્થા છે.
જીવદ્રવ્યનો એવો સ્વભાવ છે કે અનાદિથી
કર્મ આવૃત હોવા છતાં સ્વજાતિનો ત્યાગ કરતો નથી.
'એગો આયા' એ સૂત્ર અહીં પ્રમાણ છે.
જીવના સામાન્ય સ્વભાવો - અસ્તિત્વાદિ ધર્મો સદા
નિરાવરણ હોય છે. વિશેષ સ્વભાવો આવૃત થવા છતાં
સામાન્ય સ્વભાવની સદા નિર્મળતા હોય છે અને
તે કોઈકાળે જીવથી જુદી નથી,

તેથી સામાન્ય સ્વભાવની અપેક્ષાએ જીવ સત્તાથી શુદ્ધ છે.
આ વિચારબુદ્ધિ ધ્યાનમાં નિશ્ચળતા આવે છે અને
અંતર્યામી પ્રભુનું તાત્ત્વિક મિલન થાય છે.

કહ્યું છે કે: સાત રાજ અળગા જઈ બેઠા,
પણ ભક્તે અમ મનમાંહે પેઠા. ...(૨)

'સ્વરૂપ નહીં જે હૈડે આવે તેણ બતાવે ભોળા જ.'

શ્રી આનંદઘનજી મહારાજ પંદરમા ભગવાનના
સ્તવનમાં 'એકતા ભાવન'ને પ્રત્યક્ષ અંજન અને
જિનેશ્વરની જ્યોતિ તરીકે ઓળખાવે છે.

એકત્વભાવનરૂપ અંજનના પ્રભાવે
'પરમનિધાન'રૂપ પરમાત્માના દર્શન થાય છે.

આત્મમંદિરમાં પ્રત્યક્ષ બિરાજમાન છતાં જગદીશને
એકતાજ્યોતિ વિના અંધ પુરુષની જેમ જોઈ શકાતા નથી.

એકતા, તન્મયતા, મગ્નતા, સમાધિ, સમતા, ચારિત્ર,
અનુભવદશા આદિ શબ્દો કથંચિત્ એકાર્થવાચી છે.

ભક્તિની ત્રણ ભૂમિકા

તસ્યૈવાઽહમ્ । તવૈવાઽહમ્ । ત્વમેવાઽહમ્ ।

centri-petal = કેન્દ્રગામી.
centri-fugal = વિકેન્દ્રગામી.

## મહામંત્રનો ભાવાર્થ

નમો અરિહંતાણં એટલે અરિતાને ક્ષમતા વડે હણનારા,
નમો અરહંતાણં એટલે સર્વને ક્ષમતા વડે
શત્રુતાને હણવાનું શીખવાડનારા માટે સર્વ પૂજ્ય,
નમો અરુહંતાણં એટલે ક્ષમતા વડે શત્રુતાનો નાશ કરી
તથા નાશ કરાવી ભવમાં નહિ ઉત્પન્ન થનારાઓને,
જન્મ - જરા - મૃત્યુને જીતી જનારાઓને નમસ્કાર.
કર્મશત્રુને હણનારા, દ્રવ્યકર્મ - જ્ઞાનાવરણીયાદિ અને
ભાવકર્મ - રાગદ્વેષાદિ અશુભભાવ,
માન - મત્સરાદિ, વિષય - કષાયાદિ, તેનો નાશ
મૈત્રી આદિ શુભ ભાવો વડે થાય છે.
'આત્મતુલ્ય' એટલે એકદું લાગે કે:
similar in substance & purpose.

°

Thinking for others nourishes the body, mind and Soul.
Where there is thinking for the welfare of all, the thinker is the best gainer.
God's greatest gift is love.

## ૨૫ વિચારકર્ણિકાઓ

(૧) દુષ્કૃતગર્હા એટલે પાપના ફળરૂપ દુઃખ આવે, ત્યારે તેનો ભાર બીજા ઉપર ન નાંખતાં પોતા ઉપર લેવો.

સુકૃતાનુમોદના એટલે પોતાથી થતાં સુકૃતમાંનું સમર્પણ દેવ-ગુરુ અને માતા-પિતાને અર્પણ કરવું.

શરણાગમન એટલે સર્વને આત્મસમાન લેખવા.

સૌને આત્મા પ્રિય છે, તેથી
પ્રાણીમાત્ર ઉપર વિશુદ્ધ હૃદયથી આત્મભાવ કેળવવો.
તે વડે દુષ્ટમાં દુષ્ટ આત્માને પ્રસન્ન કરી શકાય છે.
આ એક અનુભવસિદ્ધ-અમોઘ-અદ્વિતીય સિદ્ધાંત છે.

સર્વત્ર આત્મદૃષ્ટિ રૂપી બહુમાનથી
સાત્ત્વિક આલંબનનું પણ શુદ્ધિકરણ થાય છે.

(૨) સાનુબંધ કર્મ એટલે બંધશક્તિવાળાં કર્મ. એ કર્મો જ્યારે ઉદયમાં આવે, ત્યારે એનાં કટુફળ તો ભોગવવાં પડે, પરંતુ સાથે એવી દુર્બુદ્ધિ આદિ થાય કે જેથી નવાં પાપોની પરંપરા ચાલે. અશુભ કે શુભભાવોની પરંપરા ચલાવે, એવાં કર્મોને 'સાનુબંધ' કર્મો કહે છે.

દુષ્કૃતગર્હાથી અશુભનો અનુબંધ તૂટે છે,
સુકૃતાનુમોદનાથી શુભનો અનુબંધ પડે છે,
શરણાગમનથી શુદ્ધમાં પરિણમન થાય છે.

કહ્યું છે કે : જેહ અહંકાર - મમકારનું બંધનં,
શુદ્ધ નય તે દહે દહન જિમ ઇંધનં,
શુદ્ધ નય દીપિકા મુક્તિ મારગ લહ્યા,
શુદ્ધ નય આથિ છે સાધુને આપણી. ...(૧)

શુદ્ધ નય કે જેનો વિષય શુદ્ધ આત્મપર્યાય યા
ચૈતન્ય પર સામાન્ય છે, તેનો આશ્રય લેવો,
તે જ વાસ્તવિક અર્થમાં શરણાગમન છે
ભાગત્યાગલક્ષણાથી તે અર્થ પ્રાપ્ત થાય છે.

દા.ત. 'નમો અરિહંતાણં' માં

નમસ્કાર કરનાર અલ્પજ્ઞ અને નમસ્કાર્ય સર્વજ્ઞ છે.
તે બંને ઉપાધિનો ત્યાગ કરતાં જે બાકી રહે છે, તેનો
નમસ્કાર અર્થાત્ તદ્રૂપ પરિણમન તે શરણાગમન છે.

(3) न हन्यते असौ इति 'अहम्' ।
स्वत्वं हिनस्ति इति 'स्वाहा' ।
परं ब्रह्मं सर्वप्रकृष्टात्मस्वरूपं ।
ब्रह्म निर्विकार - चैतन्यमात्रात्मा ।
गुणपर्यायवद् द्रव्यम् । (પરિશિષ્ટ-૧૫)

સહભાવી પર્યાય તે ગુણ અને ક્રમભાવી પર્યાય તે પર્યાય.
ગુણાત્મક વિકૃતિ તે જાતિગત બોધનું કારણ બને છે

અને પર્યાયરૂપ વિશેષ તે વ્યક્તિગત બોધનું કારણ છે.
સ્વરૂપાસ્તિત્વરૂપ સામાન્યનું વિશેષ તે ક્રમભાવી પર્યાય છે
અને સાદૃશ્યાસ્તિત્વરૂપ સામાન્યનું વિશેષ તે સહભાવી
પર્યાય છે. વસ્તુના પર્યાય અર્થાત્ વિશેષધર્મ જો પ્રકટે છે,
તો તેના આધારભૂત સામાન્ય પણ જો પ્રકટે જ માનવા.

ક્રમભાવી પર્યાય એ કાલકૃત છે અને
સહભાવી પર્યાય એ ક્ષેત્રગત છે.

ક્ષેત્રગત પર્યાયનું સામાન્ય સાદૃશ્યાસ્તિત્વરૂપ છે,
કાલકૃત પર્યાયનું સામાન્ય સ્વરૂપાસ્તિત્વરૂપ છે.

(૪) અનાહત દેવ ચરતિ...

રોગ અને શોકને વહન કરનાર દિવ્ય આત્મશક્તિ.
અનાહતના અનેક અર્થોમાં એક અર્થ 'ધ્વનિ' પણ છે.

અનાહત પૂર્ણશબ્દ પણ પૂર્ણ છે, કેમકે
તે આત્માની પશ્યંતી - પરાવાણી છે.

તે બધા પૂર્ણપદોમાં અનુગત છે, પૂર્ણપદોમાં અનુસંધેય
જે આત્મશક્તિ હોય, તે સર્વત્ર અનુગત હોય જ છે.

(૫) જગતનું દુઃખ દયાળુના હૃદયમાં દયા ઉત્પન્ન કરે છે.
દુઃખ વડે દયા અને દયા વડે દુઃખનાશ - એ ક્રમ છે,
તેથી દયાનું એક નામ 'ભવદયા' પણ છે.

દ્રવ્યદયાથી બાહ્યરોગ નાશ પામે છે, જ્યારે દયારૂપી
ભાવદયાથી બાહ્ય - આંતર ઉભય રોગો નાશ પામે છે.
દયા એ હિતકર છે, શ્રેયસ્કર છે, નિઃશ્રેયસ્કર છે,
આનુગામિક છે તથા પારગામિક છે.
તે જન્માંતરમાં સાથે આવીને મોક્ષપર્યન્ત પહોંચાડે છે.
સર્વ સદ્ગુણો દયાભાવ ટકાવવા માટે ઉપયોગી થાય છે,
માટે જ સદ્ગુણ ગણાય છે. ધર્મ અહિંસા લક્ષણ છે.
'સવ્વે જીવા ન હંતવ્વા|' એ તત્ત્વ છે.
બધાં જ ગુણો દયાના ભેદ - પ્રભેદો - દયાસ્વરૂપ છે.
દયા ભાવને ટકાવે - વિકસાવે છે, માટે સદ્ગુણ ગણાય છે.
દુર્ગતિમાં પડતા જીવને બચાવી લેનાર અને સદ્ગતિમાં
સ્થાપન કરનાર કોઈ હોય, તો તે આ દયાધર્મ છે.
दुःखितेषु दयाऽत्यन्तं अद्वेषो गुणवत्सु च ।
औचित्यासेवनं चैव सर्वत्रैवाऽविशेषतः ॥ (પરિશિષ્ટ-૧૬)
ધર્મબીજાધાન બિંદુતુલ્ય છે,
તેને સિન્ધુતુલ્ય બનાવનાર તેમાં રહેલો દયાભાવ છે.
કરવું તે અનુષ્ઠાન છે, કરાવવું તે દયા છે,
અનુમોદવું તે સાક્ષાત્ ફળરૂપ છે.
બિંદુને સિન્ધુ બનાવનાર દયાનું અનુમોદન છે.

(૫) પ્રભુના રૂપનું સાચું દર્શન, પ્રભુનામનું સાચું જ્ઞાન,
જેને જ્ઞાનનું જરા ય અભિમાન નથી,
એવો માનવ જ કરી શકશે.
વરસાદની ઝડી વરસે છે અને ધરતીને તૃપ્ત કરી દે છે,
તેમ સાચા જ્ઞાનની ઝડી વરસતાં તો
માયા, મદ, ક્રોધ, વિષયવાસનાના બધું નષ્ટ થઈ જાય છે
અને માનવીનું અંતર શુદ્ધ બની તૃપ્તિ અનુભવે છે.
આ જ્ઞાન શુષ્ક અથવા પોપટીયું નથી,
વાદવિવાદની ચર્ચા ત્યાં યોજવાની નથી,
ત્યાં તો હૃદય - હૃદયની વાતો થવાની છે અને
તેમાંથી ભક્તિનું મીઠું નવનીત પ્રાપ્ત થવાનું છે.
ઉદારતાથી ક્ષમા આપો અને લઘુતાથી ક્ષમા માંગો.
ભાવને આપો અને જ્ઞાનને માંગો.
ભાવ સૌ કોઈને જોઈએ છે માટે આપો.
જ્ઞાન સર્વને જોઈતું નથી માટે જે ન માંગે, તેને ન આપો.
જ્ઞાન મેળવવા જેવું છે, ભાવ આપવા જેવો છે.
ભાવ આપવા માટે સ્વદોષ કબૂલવા-જાણવા ગુરુ જોવા.
ભાવ એ સ્રષ્ટ છે, ક્રિયા એ બનાવટ છે.
ભાવ એ સિંધુ છે, ક્રિયા એ બિંદુ છે.

'મારું રાજ રહો તથા મને લાભ આપો' એ માંગણવેડા છે.
'મને રાજ આપો તથા મારો લાભ રહો' એ ઔદાર્ય છે.
લાભ આપવાની શક્તિ છતાં ન આપવો તે કાર્પણ્ય છે.
રાજ પોતાનું અયુક્ત છતાં ભાગનું ન લેવું તે દુરાગ્રહ છે.
સાચું રાજ તે છે કે જે લાભને વિશાળે બનાવે.

(૭) યોગક્ષેમકારક શક્તિ આત્માની અંદર જ પ્રકટે છે.
બાહ્ય દેવ-દેવતા તેના અધિષ્ઠાયક તરીકે કાર્ય કરે છે.
કશું જ બાહ્યકર્મ કરતાં ન લાગે તો પણ પવિત્ર
આત્માઓની પવિત્રતા અનંત કર્મોને કરતી જ રહે છે,
તેથી જ પવિત્ર મહાત્માઓને
કર્મસંન્યાસીની સાથે 'કર્મયોગી' પણ કહ્યાં છે.

મિથ્યાત્વ એટલે સંસારના સુખો પ્રત્યે રાગનો રાગ તથા
અજ્ઞાન એટલે સંસારસુખ પ્રત્યેનો રાગ.
સંસારસુખ પ્રત્યે રાગ એ ચારિત્રમોહનો ઉદય અને
એ રાગનો રાગ-પક્ષપાત તે મિથ્યાત્વમોહનો ઉદય.
તે જીવ ગતિ કરે પણ પ્રગતિ નહિ.
ગતિ = circle, પ્રગતિ = spiral.
સાઈકલના પૈડાંને જમીન પર ઘસારો લાગવાથી પ્રગતિ
કરે છે અને હવામાં ફેરવવાથી માત્ર ગતિ કરે છે,
કેમકે ત્યાં ઘસારો નથી.

જેનો આત્મા શુદ્ધ, એનું થોડું પણ દાન કે ધ્યાન
સ્વરૂપ અને પૂર્ણ થવા સર્જાયેલું હોય છે.

સંસારસુખ પ્રત્યેના રાગને ઘસારો લાગે,
તો પ્રગતિ થાય અન્યથા માત્ર ગતિ જ રહે.

સંસારસુખના રાગથી થતો ધર્મ તે ગતિ છે અને એ
રાગને ઘસારો લાગે, ત્યારે તે ધર્મક્રિયાથી પ્રગતિ થાય.

ઉત્સાહ-ધૈર્ય બંને ભેગા થાય, ત્યારે કાર્યસિદ્ધિ થાય.
ધૈર્ય એ ઉતાવળીયાપણાને રોકે છે,
ઉત્સાહ એ આળસને અટકાવે છે.

ઉત્સાહ એ તમોગુણનો - ધૈર્ય એ રજોગુણનો પ્રતિપક્ષ છે.

(૮) ઉત્તમમાં ઉત્તમ સાધક કોઈને કોઈ પ્રેરણાથી થાય છે.
પ્રેરણા ચાર પ્રકારની હોય છે:
ધર્મપ્રેરણા, અર્થપ્રેરણા, કામપ્રેરણા અને મોક્ષપ્રેરણા.

અર્થપ્રેરણા શુભ-અશુભ બન્ને જે રીતે કામ કરે છે.
શુભથી ઉદ્યમ કરે છે, અશુભથી યુદ્ધ-ઝઘડાદિ કરે છે.

જો કામપ્રેરણા શુભ હોય, તો
સંતતિનું ભરણપોષણ - પાલન ઈત્યાદિ કરાવે છે,
જો તે અશુભ હોય, તો અત્યાચાર આદિ કરાવે છે.

વિદ્યા જો વિનયસંપન્ન હોય તો સાચી.

party શબ્દ part ઉપરથી બન્યો છે.

part એટલે ટુકડો,

તે ગમે તેટલો મોટો હોય તો પણ પૂર્ણ બની શકે નહિ.

'શ્રદ્ધા' એટલે આત્મવિશ્વાસ શક્તિ.

0 શ્રાદ્ધ દ્વારા ગયેલાંને મદદ મળે છે,

તર્પણ દ્વારા આપણને મદદ મળે છે.

આપણાં શ્રાદ્ધ - ભક્તિપૂર્વકના સ્મરણ દ્વારા

પિતૃઓને આત્મવિશ્વાસ શક્તિ પ્રાપ્ત થઈ શકે છે.

મૃતાત્માઓના સ્મરણથી આપણને મદદ મળે છે.

શ્રાદ્ધ પૂર્વજોનું અને તર્પણ ઋષિઓનું હોય છે.

- Vinoba Bhave

(૯) V. V. Imp. પારસમણિ રૂપી આત્માથી

વિષયભોગરૂપી ચટણા પીસી રહ્યા છીએ પણ

પરમાત્મશક્તિ રૂપ પારસમણિ

આપણા અંદર અને બહાર એવા આત્મામાં જ છે,

નહિ કે વિશ્વના યોગાનમાં.

જેને કાળનો કાટ ન ચડે,

એવા પરમ શુદ્ધ અને કાંતિમાન

એવા આત્મતત્ત્વમાં સ્થિર થઈએ.

(૯૦) ૐને છાંદોગ્ય ઉપનિષદ્ ઉદ્‌ગીથ અથવા ભૂમા કહે છે.

'यो वै भूमा तत्सुखं, नाऽल्पे सुखमस्ति ।'

અર્થાત્: અલ્પમાં સુખ નથી, સુખ ભૂમામાં છે.

આ ભૂમા સર્વત્ર પૂર્ણ અને સર્વથી પર છે.

જે આ ભૂમાને જાણે છે, તે પોતાના આત્માને જાણે છે.

अन्नं आत्मतः, बलं आत्मतः, विज्ञानं आत्मतः । અર્થાત્
અન્ન, બળ અને જ્ઞાનની પ્રાપ્તિ આત્મામાંથી જ થાય છે.

अन्नमयं हि मनः । મન એ અન્નનું જ રૂપાંતર છે.

'ૐ' રૂપે મનોગ્રાહ્ય ઇંદ્રિયો - મન - પ્રાણને શુદ્ધ કરે છે.

મનુષ્યના મહાપ્રાણ પાસે અસુરોનું કાંઈ ચાલતું નથી.

વસ્તુ પામવાના બે માર્ગ છે: પ્રહાર અને પ્રેમ
અથવા આઘાત અને આત્મસાત્.

પ્રહારનો પ્રત્યાઘાત પ્રહાર છે, પ્રેમનો પ્રત્યાઘાત પ્રેમ છે.

ભૂમા = વિશાળ ચૈતન્ય.

'જે મહત્ ચેતના અનંત બ્રહ્માંડમાં વ્યાપ્ત છે,
એ માનવના અંતરમાં પણ રહેલ છે'

એવો આત્મવિશ્વાસ ઉદ્‌ગીથનું ગાન કરાવે છે.

ઉદ્‌ગીથ દ્વારા અનંતનું મહાગાન સાંભળવાની તથા એની સાથે સુર મિલાવવાની શક્તિ આપણને પરમાત્મા આપે છે.

જે જગતને ભૂલે, તેને જગદીશ્વર મળે.

જે વાસનાનો અંત લાવે, તે સંત છે.

જે મનના ખોરાકને વાગોળે, તે માનવ છે.

જે તનના ખોરાકને વાગોળે, તે પશુ છે.

ભજન એ મનનું ભોજન છે. ભાવના ફરે તો ભવ ફરે.

સારું કાર્ય કરી વિસરી જાઓ.

ભગવાન મૂળથી આર્તબંધુ અને ભક્તવત્સલ છે.

ભગવાનની કૃપા પ્રાપ્ત કરવા માટે ભક્તિ જોઈએ.

ભક્તિથી જીવનો અહંકાર જાય છે. જીવનો અહંકાર ભગવદ્ શક્તિની અને તેના શુભકાર્યની આડે આવે છે.

જ્યાં પૂર્ણ શરણાગતિ, ત્યાં ભગવત્શક્તિનો આવિર્ભાવ.

'અર્જુન' એટલે સરળ સ્વભાવ જીવાત્મા.

'યોગેશ્વર' એટલે વિશ્વવત્સલ ભગવાન.

કાળ પોતાની દાઢમાં જીવને ક્યારે લેશે તે કહી ન શકાય, માટે સત્વરે પ્રભુનું સ્મરણ કરવામાં જ શ્રેય રહેલું છે.

જેમ બને તેમ જીવનમાં સરળતા લાવવી.

સરળતા વિના શુદ્ધિ કે સાત્વિકતા આવતી નથી.

આ દેહ તો ગમે ત્યારે છૂટવાનો જ છે, માટે જ્યાં સુધી શરીર સ્વસ્થ છે, ત્યાં સુધીમાં આત્મકલ્યાણનો પથ

પ્રભાતે ઊઠી શિષ્યે પ્રભુસ્મરણ, સ્વાધ્યાય અને
પ્રભુપ્રાર્થના કરતા રહેવું જોઈએ.

Pray together : Stay together.

અર્થાત્: સાથે પ્રાર્થો, સાથે ટકી રહો.

જેઓ પ્રભુપરાયણ હોય છે,
તેઓ આવતી કાલના નિર્વાહ માટે ચિંતા રાખતા નથી.
તે ચિંતા ન હોવી તે જ પ્રભુપરાયણતાની નિશાની છે.

મંત્રજાપ હૃદયગત થઈ જવો જોઈએ.
પ્રભુના મધુરરટણ કાળે કરીને જીવને ઘણો જ ફાયદો કરે છે.

આત્મચિંતન કરતાં રહેવું અર્થાત્
'હું દેહ નહિ પણ અજર-અમર આત્મા છું'
એમ નિરંતર વિચારતાં રહેવું. પ્રભુસ્મરણનું એ ફળ છે.

(૯૯) મૃત્યુ નવજીવનનું દ્વાર છે, જીવનનો અંત નહિ.
એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં લઈ જનારું સોપાનમાત્ર છે.
આત્મા અજર-અમર છે.

માયાના સંગ વડે તે મનને મનન કરવાની,
ચિત્તને ચિંતન કરવાની, બુદ્ધિને નિર્ણય કરવાની અને
અહંકારને અહંત્વ-મમત્વ પોષવાની ફરજ પાડે છે.
માયાના સંગ વડે જ દેહ દ્વારા સૌ કાર્યો કરાવે છે,
છતાં પોતે અલિપ્તનો અલિપ્ત જ રહે છે.

મૃત્યુ જ ન હોય તો જન્મ પણ અશક્ય છે
અને જો જન્મ અને મૃત્યુ જ ન હોય,
તો આત્માનો વિકાસ પણ અશક્ય છે,
માટે દેહ પરિવર્તન કરવું પ્રાણી માટે જરૂરી છે.

## જન્મ અને મરણ

એ મુક્તિના દ્વાર સુધી પહોંચાડનારાં પગથિયાં છે.
ભક્તનું ચાલવું તે ભગવાનની પરિક્રમારૂપ છે, બોલવું
સ્તુતિરૂપ છે, શયન કરવું સાષ્ટાંગ દંડવત્ પ્રણામરૂપ છે.

प्रभाराशिरिव भास्वान् सर्वविश्वप्रकाशकः ।
सदानन्दसुखपूर्णः, स्वात्मा ध्यातव्य ईदृशः ॥१॥
शुद्धस्फटिकसंकाशः, सर्वसद्गुणभूषितः ।
परमात्मा कलातीतो ध्येयः, स्वात्मा मनीषिभिः ॥२॥

(પરિશિષ્ટ-૧૭)

(૧૨) अकारादि हकारान्तानां, पंचाशतः सिद्धत्वेन
प्रसिद्धानां रूपकं समुदायः स सिद्धचक्रः ।

સિદ્ધચક્ર = સિદ્ધોનો સમુદાય. અકારથી હકાર સુધી ૫૦ વર્ણો - સિદ્ધાક્ષરોનો સમુદાય તે સિદ્ધચક્ર અથવા સિદ્ધ જેમાં મુખ્ય છે, એવા નવપદોનો સમુદાય અથવા અષ્ટકર્મોનો ક્ષય કરનારાઓનો સમુદાય.

લોકપુરુષનું લલાટ તે જ જગત્પૂજ્ય ધામ શ્રી સિદ્ધશિલા,
તેના ઉપર રહેલ શ્રી સિદ્ધોનો સમુદાય, તે જ સિદ્ધચક્ર.
સિદ્ધનું સ્વરૂપ છેલ્લા તાપને પામેલા અને શુદ્ધ થયેલાં
સોનાની માફક વિશુદ્ધિ - કલ્યાણકારક હોય છે.
આત્મા પણ કર્મકલંકને બાળીને જ્યારે વિશુદ્ધ થાય,
ત્યારે સિદ્ધ પરમાત્માની જેમ મહાકલ્યાણકારક બને છે.
કલ્યાણ એટલે શ્રેયસ્ - મહાકલ્યાણ એટલે નિઃશ્રેયસ્.
શુદ્ધાત્માના ધ્યાનથી ધ્યેય એવા પરમાત્મા અને
ધ્યાતા એવા જીવાત્મામાં સાદૃશ્યનું ભાન થાય છે.
ચારિત્રનું ફળ 'કેવલ' જ્ઞાન છે, તેથી
ચારિત્રની પૂર્ણતા એટલે મોક્ષનો સંબંધ, તેમ ઉપરાંત
જ્ઞાનની પૂર્ણતા ના પ્રાપ્તિ થાય છે.
અવલોકન કરવું = સામાન્ય - વિશેષપણે જોવું - જાણવું.
અપૂર્વ આત્મોલ્લાસ = આત્મવીર્યની અપૂર્વ સ્ફુરણા,
અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણની પ્રાપ્તિ.
અપૂર્વકરણથી ગ્રન્થિભેદનો લાભ થાય છે અને
અનિવૃત્તિકરણથી સમ્યક્ત્વનો લાભ થાય છે.
વિવેક = હેયોપાદેય પદાર્થોનું યથાર્થ જ્ઞાન - વિનય,
તત્ત્વભૂતપદાર્થોની યથાસ્થિત પ્રતીતિ અનુસાર આરાધના.

'અસત્ય એ હેય - અકર્તવ્ય અને
સત્ય એ ઉપાદેય - કર્તવ્ય છે' એવી બુદ્ધિ તે વિવેક છે.

શ્રવણ = આગમ ઉપર વિશ્વાસ, શ્રદ્ધા.

વિવેક = જ્ઞાન, બોધ. વિનય = આરાધના, ચારિત્ર.

'रागद्वेषादि - मलकलंक - विकलः ।
निष्कलंको निरंजनः अकलादिरः ।
निर्विकल्पदर्शनोऽद्वन्द्वादेपि ।
निर्मोही निर्भेदो निःस्वः ।
दिव्य शोभिको, मानमर्दी, विरागी, विमदः,
महासत्त्वो महार्जवः ।' (પરિશિષ્ટ-૧૮)

સઘળાં દુઃખોથી છોડાવનાર સમ્યગ્ જ્ઞાનાદિ ગુણમય વિશુદ્ધ આત્મસ્વરૂપનું ભાન થતાં મહાનિધાન મળ્યાંની જેમ અવર્ણનીય આનંદ - ભાવોલ્લાસ થાય છે. તેને સુખ-દુઃખ મનમાં એકસરખા લાગે અર્થાત્ તેને મનમાં ચોટે નહિ, મન ઉપર લે નહિ તથા તેનાથી ભય પામે નહિ.

અન્વય તે દ્રવ્ય તથા અન્વયને આશ્રિત તે ગુણ અને
અન્વયના વ્યતિરેકી - ભેદો તે પર્યાય.

વિજ્ઞાન = અનુમાને કરી પ્રત્યક્ષગમ્ય કરવું.

નિદિધ્યાસન = સાક્ષાત્ અર્થાત્ પ્રત્યક્ષ, સમક્ષ, અધ્યક્ષ.

દ્રવ્યથી સુખાસન તે પદ્માસનાદિ તથા

ભાવથી સુખાસન તે પરની આશારહિત સ્વમાં રમણતા.

તાપ, દ્રવ્યથી ઉષ્ણપ્રદેશ અને

ભાવથી દ્વેષ, મત્સર, ઈર્ષા, અસૂયાદિ.

દ્રવ્યથી એકાંત વિજનપ્રદેશ, ભાવથી તે કષાયરહિત દશા.

દ્રવ્યથી શુચિધામ એ પવિત્ર સ્થાન અને

ભાવથી શુચિધામ અશુભ સંકલ્પરહિત-શુભ સંકલ્પ દશા,

જે વિષયોને ભાવે નહિ કદાપિ વિચારે નહિ.

ઔદાસિન્યપણું = રાગ-દ્વેષરહિતપણું.

વિનય = ભક્તિ, બહુમાન, પ્રેમ.

ઉદાસભાવે = અનાસક્ત ભાવે.

આત્મસાર = ઓંકારરૂપ પંચ પરમેષ્ઠિ.

શાશ્વત = દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ સદા કાળ રહેનારી.

અરૂપ = પર્યાયાર્થિકનયની અપેક્ષાએ પરબ્રહ્મ પરમાત્મજ્યોતિ,

અરૂપી આત્મપ્રકાશ, જ્ઞાનતેજ. સહજાનંદ = અતીન્દ્રિય આનંદ.

ગતદ્વન્દ્વ = સંસાર સંબંધી ક્લેશનો અભાવ.

પુદ્ગલ-પરિણતિ-સંગતિ = ભૌતિક કર્મનો સંબંધ.

ગતમાન = શરમ વિનાનો. હેત ધરીને = હિત ધારણ કરીને.

સ્વભાવ = સમાધિ, વિભાવ = ઉપાધિ, પરદ્રવ્ય સંબંધ.

સંસાર તથા મોક્ષનું મૂળ કારણ ધ્યાન - અધ્યાત્મચિન્તન છે.

આર્તધ્યાન = ઇંદ્રિયોના વિષયોનું ચિન્તન.

રૌદ્રધ્યાન = પરજીવ કાયના વધનું ચિન્તન.

ધર્મધ્યાન = શ્રુતધર્મ અને ચારિત્રધર્મને અનુસરતું ધ્યાન.

નિર્વિકલ્પ ગુણસંપન્ન - વિકલ્પરહિતદશા.

શબ્દ, અર્થ અને જ્ઞાન - અહીં ભિન્ન હોવા છતાં
તેમાં અભેદબુદ્ધિ થવા, તેમાં પરસ્પરનો ભેદ
સ્પષ્ટ રીતે સમજાય તેવું શ્રુતાનુસારી જ્ઞાન.

ધર્મધ્યાન એ શુભ નિર્જરાનું કારણ છે
અને તે સરાગ ચારિત્રીને હોય છે.

શુક્લધ્યાન એ મોક્ષનું સીધું કારણ છે.

અનુભવજ્ઞાન તે આત્મજ્ઞાન અથવા સમ્યગ્દર્શન છે.

જ્ઞાન - દર્શનશૂન્ય તે ધર્મધ્યાન ન હોય.

ધર્મધ્યાન વડે ઇંદ્રિયો ઉપર પ્રભુત્વ
અને મનના પરિણામોનું નિશ્ચલપણું પ્રાપ્ત થાય છે.

ધ્યાન એ જ્ઞાનાદિ ગુણરત્નોની ખાણ છે,
અંધકારહર સૂર્યપ્રકાશ છે, વિષહર ગારૂડ મંત્ર છે.

૦ હંસા ઉડ સરોવર ગયે, કાગ ભયે પરધાન;
ઉડ બાલકો ઘર ચલો, સિંહ કિસકા જજમાન. ...(૬)

## (૨૩) વાયુ સાધનાનાં સ્થાનો

લિંગ, નાભિ, ઉદર, હૃદય, કંઠ, તાળુ, રસના, નાસિકાના વિવરો.

### તેજને રહેવાનાં સ્થાનો

બે નેત્ર, બે ભ્રૂ, ભાલસ્થલ, શિર (બ્રહ્મરંધ્ર).

મંડલ = યંત્ર, આવર્ત = ન્યાસ.

પ્રાણાયામ = શરીર બળવત્તરતાર્થે શ્વાસોચ્છ્વાસનું નિયમન.
પ્રત્યાહાર = ઇંદ્રિયસમૂહને વિષયો-પદાર્થોથી પાછો વાળવો.
સમાધિ = ધારણા અને ધ્યાનનું એકત્વતત્ત્વ અથવા તન્મય ભાવ, જેથી ધ્યેયસ્વરૂપનો જ નિર્ભાસ રહે.

(1) રેચક = નાસા-બ્રહ્મરંધ્ર-મુખ થકી જે વાયુનો બહિર્પ્રચાર.
(2) પૂરક = અપાનદ્વાર પર્યંત અંતરંગ કરે તે.
(3) કુંભક = નાભિકમલને વિષે પવન સ્થિર કરે તે.
(4) પ્રત્યાહાર = એક સ્થાનેથી અન્ય સ્થાને વાયુ લઈ જવો.
(5) શાંત = ધીમેધીમે શ્વાસને મૂકે - ૬ ઉત્તર - અધર ૭.

ઉત્તર તથા નીચેના વાયુનો રોધ રોગાદિનો ઘાત કરે છે, તેથી પ્રાણાયામને નિરોગતાનો હેતુ કહ્યો છે.

(૨૪) બાહ્ય ત્રિદોષ: વાત, પિત્ત, કફ સંબંધી.
અંતરંગ ત્રિદોષ: વિષય - કષાય - આશંસા (મિથ્યાત્વ).

દ્રવ્યપ્રાણાયામમાં પવનનો નિરોધ અને ભાવપ્રાણાયામમાં અશુભ વિકલ્પોનો નિરોધ હોય છે.

ભાવપ્રાણાયામ વડે મિથ્યાત્વ શમનાદિ
વિષય - કષાય તથા આશંસાદોષ નાશ છે.

હૃદયકમળ = હૃદયભૂમિ, અંતરાત્મ સ્થળ = વિકલ્પોનો ત્યાગ,
વિમળ સ્થળ = પ્રમાદત્યાગ, માધ્યસ્થ્ય = ચંદ્રોદયનું ઔષધ,
બાહ્યમળ = રોગાદિ, આંતરમળ = અશુભ ધ્યાનાદિ.

ક્રિયાના ભેદ = સ્થાન, વર્ણ, અર્થ, આલંબન, અનાલંબન.

અનાલંબનયોગમાં ષટ્ચક્રાદિને છોડીને
માત્ર રૂપરહિત આત્માનું જ ધ્યાન હોય છે.

અર્હંતસેવનાથી ધર્મરુચિ વધે છે.

પથ્ય = ધર્મામૃતનું સેવન, ગમ = રેચક, આગમ = પૂરક,
દ્રવ્ય પ્રાણાયામના ગુણ = આહાર - નિદ્રાદિનો વિજય
તથા આસનદૃઢતાદિ વડે નિરોગિતા.

અધ્યાત્મ = પરમાત્મસ્વરૂપનું ચિંતવન

તત્ત્વ = મંદમંદ વાયુપ્રચાર.
આકાશતત્ત્વ = ઊર્ધ્વપ્રચાર.
વાયુતત્ત્વ = તિર્યક્પ્રચાર.
અપ્તત્ત્વ = અધોપ્રચાર.
પૃથ્વીતત્ત્વ = સમપ્રચાર.
અગ્નિતત્ત્વ = સમોર્ધ્વગામીપ્રચાર.

રોગનાલિકા = સુખસ્પૃહા, ઉદાસીનતા.

જલવાલ = શ્વાસોચ્છ્વાસ, નાડીપ્રચાર.

ધર્મવાસના = ધર્મભાવના. પલિમંથ = પરિશ્રમ, અંતરાય.

સંચાર = ઇંદ્રિયોનો પ્રશસ્ત વ્યાપાર.

વિકલ્પ = ઇંદ્રિયોનો અપ્રશસ્ત વ્યાપાર.

આલવાલ = નીક, જંબાલ = કાદવ.

આનંદ = નિર્હેતુક ચિત્તપ્રસન્નતા.

પુલક = રોમરોમાંચ કંચુક, ઉદાસીનતા = તૃપ્તિજન્ય શમસુખ અથવા તૃષ્ણાના ઉચ્છેદથી જન્ય શાંતતા.

ગીતાર્થ = જેના શ્રદ્ધા, જ્ઞાન, કથન અને કરણી શુદ્ધ હોય તે.

નાભિસ્થાને ચતુર્દલ કમલ = અનંતાનુબંધી ચોકડી.

હૃદય મધ્યે ચતુર્દલકમલ = અ સિ આ ઉ સા. હૃદયસ્થાને અષ્ટદલકમલ = પ્રત્યાખ્યાન - અપ્રત્યાખ્યાન ભાવચોકડીનો અભાવ થવાથી વિરતિરૂપી પવન તે અધ્યાત્મ પવન છે.

નાભિસ્થાને બ્રહ્મગ્રન્થિનો ભેદ અને હૃદયસ્થાને સર્વવિરતિનો લાભ ચક્રવર્તી અને ઇંદ્રના સુખ કરતાં બહુ શમ - સંતોષમાં અધિક સુખ અનુભવે.

અઢાર દોષ = દાનાંતરાયાદિ.

અઢાર પાપસ્થાનક = પ્રસિદ્ધ છે.

ચઉબીજ = દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપ.

વર્ણવિભાગ = હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, સૂક્ષ્મ, અતિસૂક્ષ્મ.

હ્રસ્વ માત્રાથી વચનસિદ્ધિ, દીર્ઘ માત્રાથી કાર્યસિદ્ધિ મળે છે
તથા પ્લુત માત્રાથી દારિદ્ર્યનો નાશ થાય છે.

ધ્યાનધારા = ક્ષપકશ્રેણી ઉપર ઉપશમધારા.

સંભેદ પ્રણિધાનથી ઉપશમશ્રેણી અને
અભેદ ધ્યાનથી ક્ષપકશ્રેણી પામે.

જ્ઞાનની તીવ્રતાથી ઉપશમશ્રેણીએ આગળ વધાય.
ધ્યાનની તીવ્રતાથી ક્ષપકશ્રેણીએ ચડે.

હ્રસ્વાદિ સ્વર યોજના = સમુચ્ચારની પ્રક્રિયા.

સમુચ્ચારાદિ ક્રિયા અને રેચકાદિ કર્મથી યુક્ત ન હોય,
તેમાં મંત્રોચ્ચારનું કોઈ મહત્ત્વ નથી.

કર્મવિભાગ = બંધ, ઉદય, સત્તા.

સર્વજ્ઞ = સુજ્ઞ, પંડિત, બુદ્ધિમાન. વિશ્લેષણ = વિભાગ.

હ્રીં = માયાબીજ, વશ્યબીજ. શ્રીં = લક્ષ્મીબીજ.

ન્રૂઁ = વહ્નિબીજ. ક્લીં = કામબીજ, પ્રતાપબીજ.

અર્હં = અક્ષર - શાશ્વત આત્મસ્વરૂપની અનુભૂતિનું બીજ.

મંત્રરાજ = અર્હં. રાજહંસસ્વરૂપં = શુદ્ધાત્મસ્વરૂપં.

પરભાગ = પરતત્ત્વ, ગુણીનો પરમ લાભ, પરમ રજ.

ધીર = સ્વસ્થ (રાગ-દ્વેષની મંદતા તે ધૈર્ય).

ત્રાટકના ૩ પ્રકાર: કુંભકત્રાટક, દિવ્યત્રાટક, ઊર્ધ્વરેચકત્રાટક.

ધ્યાનાદિ - પવનાભ્યાસી સાધકને સમાપત્તિ અવશ્ય થાય છે.

સમાપત્તિ = વિશિષ્ટ પ્રકારનું ધ્યાન કે ધ્યાનનું ફળ.

સમાધિ-ઉન્મની-અમનસ્કતા-સહજ-તુર્યાદિ સમાનાર્થી છે.

૦ સુમેરુ દર્શન = ક્ષાયિક સમ્યક્ત્વ.

તે વડે મિથ્યાત્વભ્રાન્તિરૂપ વિપર્યાસ તથા કુતર્કાદિ નાશ પામે.

સ્વસ્થ મન = સમબુદ્ધિ.

દુઃખમાં દીનતા કે સુખમાં લીનતાનો અભાવ.

ધ્યાનના ચાર પ્રકાર

પિંડસ્થ - છદ્મસ્થાવસ્થા, પદસ્થ - પ્રભુ પ્રતિમા,

રૂપસ્થ - કેવલિ અવસ્થા, રૂપાતીત - સિદ્ધાવસ્થા.

નામધ્યેય તે છદ્મસ્થાવસ્થા. સ્થાપનાધ્યેય તે પ્રતિમા.

દ્રવ્યધ્યેય તે કેવલી અવસ્થા. ભાવધ્યેય તે સિદ્ધાવસ્થા.

નમો અરિહંતાણં | એ પરમ મંત્ર છે.

આ મહામંત્રના જાપ માટે ૬૪ પ્રકારના વિધાન છે.

દ્રવ્યવિધાન તે ભિન્નભિન્ન કાર્યો માટે અને

ભાવવિધાન તે ૬૪ પ્રકારના કષાયોના વિજય માટે.

તેના જાપથી ૨૪ મહાવિદ્યાઓ સિદ્ધ થાય છે.

## ૨૪ વિદ્યાનાં નામ

(૧) નભો ગામિની (૨) પરશરીર પ્રવેશિની
(૩) રૂપ પરાવર્તિની (૪) સ્થંભિની
(૫) મોહિની (૬) સુવર્ણસિદ્ધિ
(૭) રજતસિદ્ધિ (૮) રસસિદ્ધિ
(૯) બંધ મોક્ષિની (૧૦) શત્રુ પરાજયા
(૧૧) વશીકરણ (૧૨) ભૂતાદિદમની
(૧૩) સર્વ સંપત્કરી (૧૪) શિવપદસાધની

૨૪ મહાવિદ્યાઓની સિદ્ધિ માટે ૬૪ પ્રકારનાં વિધાન છે.

(૨૫) ચાર મંડલ - ચક્ર

જ્ઞાનના - મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ.
શરણના - અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ.
મંગળના - અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ.

દ્રવ્યથી ચાર કમળ - નાભિ, હૃદય, કંઠ, તાળુ. ચાર કમળમાં ચાર જ્ઞાન, ચાર શરણ અને ચાર મંગળનું ધ્યાન કરવું, તેથી ૨૮ લબ્ધિઓની પ્રાપ્તિ થાય છે.

અનાહત વડે આત્માની પૂર્ણ પ્રાપ્તિ થાય છે.

સગુણ = જ્ઞાનાદિ ગુણોએ સહિત.
નિર્ગુણ = સત્ત્વાદિ ગુણોએ રહિત.
પંચપીઠ = પંચાચાર પાલન.

સાધુ કષાયનિરોધની અપેક્ષાએ વીતરાગ છે.
'નિરોધ' એટલે કષાયને ઉદયમાં ન આવવા દેવા અથવા
કષાયો જો ઉદયમાં આવે તો ફળ બેસવા ન દેવું, તે
કષાયરહિત અવસ્થા ગણાય છે.

કષાયનો મૂળથી ઉચ્છેદ અથવા ઉદયનિરોધ -
બંનેને વીતરાગ અવસ્થા કહેવાય છે.

ગાઢ અનુરાગ વડે તે તે ગુણીના ધારક આત્મા જે ચક્ષુ વડે
પરમાત્માની સામે દેખાતા હોય, હૃદયમાં પ્રવેશ કરતા હોય,
મધુરાલાપ કરતા હોય, સર્વ અંગોમાં અનુભવાતા હોય અને
પરમાત્મામાં તન્મયતા પામતાં હોય, તેમ અનુભવાય છે.
આવી સ્ફુરણા જે અનુભવથી સર્વ ક્રિયાઓ સફળ થાય છે.

સાધ્ય, સાધન અને સાધક એ ત્રણે એક
સાધકમાં અંતર્ભૂત થતાં અનુભવાય છે.

o

Humility, love and sympathy
for all alike.
Highest virtue is humility which
denies evil, affirms good and is
always resigned to the
Will of the Highest.

દિ. ૨૩/૧/૭૦

'પરમેષ્ઠિમંત્રરાજ ધ્યાનમાળા'માં

(૧) અરિહંત = અભયનું અધિષ્ઠાન, અભયના ધામ.

(૨) સિદ્ધ = અનંતસુખના ધામ.

(૩) આચાર્ય = અતીન્દ્રિયત્વ ગુણના ધામ.

(૪) ઉપાધ્યાય = સાધનત્વ ગુણના ધામ.

(૫) સાધુ = આચારકર્મમાં સાવધાની માટેના ગુણના ધામ.

એ રીતે અભય, અનંતસુખ, અતીન્દ્રિયત્વ
અને કર્મઅવસ્થા કહેલ છે.
તેમાં ધર્મ-ધ્યાનની વિશિષ્ટ પ્રક્રિયા સમાયેલી છે.
અરિહંતનું આલંબન લઈ અભય થવું.
સિદ્ધનું આલંબન લઈ નિષ્ક્રિય - સ્થિર થવું.
આચાર્યના આલંબને પોતે સર્વોપરિ, સર્વતંત્ર સ્વતંત્ર થવું.
ઉપાધ્યાયનું આલંબન લઈ પોતાને
પરમાત્મત્વ ભાવન કરવું. સાધુઓનું આલંબન લઈ
પરમાત્મકર્મનું, અભેદનું ભાવન કરવું.
પછી જ જે ઇષ્ટ હોય તે ધ્યાન ધરવું
અભય - અનંતસુખ - અતીન્દ્રિય - સાધનમાં તન્મયતા.
સાધક - સાધ્ય - સાધન - સાધકની અભેદાનુભૂતિ.

ભાવનાના બળે ભૂત વગેરે કાળમાં થતાં જ્ઞાનની જેમ
જે અવિસંવાદીપણે નિર્વિકલ્પ પ્રત્યક્ષ થાય છે.
ગાઢ અનુરાગ વડે અભયાદિ ગુણોના ધારક
અરિહંતાદિ પાંચ - સાધકને પ્રત્યક્ષ દેખે, તેમ ભાસે છે.
ધ્યેયસ્વરૂપ વિશ્વરૂપપણે અનુભવાય, અભેદાનુભૂતિ થાય.

શબ્દોની સમજૂતિ

અભય = અભયના દાન, અભયાવસ્થા.
અકષાય = કષાયનો અભાવ.
અહમિન્દ્ર = સ્વતંત્ર - સ્વતંત્ર.
રૂદ્ર = મોક્ષના ઉપાયના અધ્યયન - અધ્યાપનથી સાધનાયુક્ત.
કલ્પ = આચારકલ્પના અનુપાલનમાં સાવધાન.
અભિગ્રહ = અધિષ્ઠાન. મંડાણ = પાયારૂપી પ્રક્રિયા.

: શાસ્ત્રમાં કહ્યું છે કે:

પંચ પરમેષ્ઠિમાં અરિહંત પોતે પાંચ પદમય છે.
'એટલો જે પરમાતમા તેહી જ છે અરિહંત,
દ્રવ્ય થકી નિર્મળ છે, ભાવે ધૃતિગુપ્તિકંત. ...(૫)
સિદ્ધ સરૂપી એહ થઈ, આચારી પણ એહ;
વાચક મય ઉપનય ભણી, સાધુ સકલ ગુણગેહ'. ...(૬)
- નેમિદાસ કૃત અધ્યાત્મસાર માળા

| પરમેષ્ઠિ | અધિષ્ઠાન | અવસ્થા | ફળ |
|---|---|---|---|
| અરિહંત | આનંદ | ચિન્મય | શ્રેયરત્ન |
| સિદ્ધ | અધ્યક્ષ | આનંદમય | પરાધ્યક્ષ |
| આચાર્ય | અહમિન્દ્ર | ઇચ્છા | સ્તંભન (જલાદિ) |
| ઉપાધ્યાય | ઉત્કૃષ્ટ(શ્રેષ્ઠ) | જ્ઞાન | મોહિકરણ |
| સાધુ | સાવધાન | ક્રિયા | પાપોચ્ચાટનાદિ |

'આનંદ - અધ્યક્ષ - અહમિન્દ્ર પ્રધાન,
ઉત્કૃષ્ટ - શ્રેષ્ઠ - સાધન - સાવધાન.
એ પાંચેના છે અધિષ્ઠાન,
ધર્મધ્યાનનું એ મંડાણ'. ...(૧)

ઇચ્છાયોગ - જ્ઞાનયોગ - ક્રિયાયોગ

ઇચ્છાયોગ = જ્ઞાનક્રિયાનું અર્થાત્ જ્ઞાનાચાર અને ચારિત્રાચાર ઉભયનું સમાનપણે હોવું.

જ્ઞાનયોગ = જ્ઞાનાચારનું પ્રાધાન્યપણું.

ક્રિયાયોગ = ચારિત્રાચારનું પ્રાધાન્યપણું.

ચિન્મય = ચિન્તન.

વિશુદ્ધ લેશ્યા = વિશુદ્ધ પરિણામ, તેજ, પદ્મ, શુક્લ.

વિશુદ્ધ ભાવ = પરિણામની નિર્મળતા, જ્ઞાન-દર્શનની વિશુદ્ધિ.

વિશુદ્ધ વૈરાગ્ય = નિરાશંસ પરિણામ.

## વિશુદ્ધ ધર્મધ્યાન માટે

અપાય વિચય = 'રાગદ્વેષ અપાય-વિઘ્નરૂપ છે' એવું ચિંતન.

વિપાક વિચય = કર્મના શુભાશુભ ફળનું ચિંતન.

સંસ્થાન વિચય = લોકનું પુરુષાકૃતિરૂપે ચિન્તન.

સામાન્ય - વિશેષ ઉપયોગયુક્ત બની, વિશુદ્ધ પરિણામ
-અધ્યવસાયવાળા થઈ, અર્થમાં નિશ્ચલ ઉપયોગ રાખી,
વિશુદ્ધ વર્ણ વડે અત્યંત તર્પિત અને
આશંસા - અપેક્ષારહિત થઈ આત્માદિનું ચિન્તન કરતાં
વિશુદ્ધ ધર્મધ્યાન ઉપજે છે.

ધર્મધ્યાનના ૧૬ ભેદ: મૈત્ર્યાદિ ચાર, ક્ષાન્ત્યાદિ ચાર,
પિંડસ્થાદિ ચાર, આજ્ઞાવિચયાદિ ચાર.

સૂક્ષ્મક્રિયા = શ્વાસોચ્છ્વાસાદિ શારીરિક હલચાલ.

ચિદાનંદ પરમાતમ અમૂર્ત નિરંજન સવિ દોષ વિમુક્ત,
સિદ્ધ ધ્યાન તે રૂપાતીત ધ્યાતા તન્મયતાની રીત. ...(૧)

ચિદાનંદ = જ્ઞાનતત્ત્વ અને આનંદતત્ત્વનો સમવાય.

શુક્લધ્યાનનો જ્ઞાનાનુભવ આજે થાય છે પણ ક્રિયાનુભવ
ઉત્તમ સંઘયણવાળા પૂર્વધરોને જ શક્ય છે.

સ્યાદ્વાદ સિદ્ધાંતમાં રમણ કરનારો અર્થાત્
હંસ પેઠે શાસ્ત્રરસ ગ્રહણ કરનારો.

## કેટલુંયે કેવડું આકાશ ઉઘડે...

જે 'હું'માં - તે સહુમાં, સહુનું 'હું' વિષે,
પ્રતિ આત્માનો સ્પર્શ દિવ્ય અભેદ જો;
એ અનુભવમાં ઊંડું રહસ્ય સમાયું છે,
સહજ થતો અંતરગ્રંથિનો ભેદ જો.
કેટલુંયે કેવડું આકાશ ઉઘડે,
આ ઉર ઉઘડતો રસ ક્યાં રેડું લઈ ?
વિશ્વ પાત્ર નાનકડું ત્યાં ન સમાય જો;
વિશ્વ થકી પણ સ્વરૂપ એનાં ઉદાર છે.
હું વિણ અવર ન સ્થળમાં રહે સ્થિર થાય જો,
કેટલુંયે કેવડું આકાશ ઉઘડે,
અથવા પૂર્ણ સાથે જેના હૃદયો મળે;
ત્યાં લઈ ઢોળું આ સાગરની ધાર જો,
ગ્રાહક હો તો રહે આકાશમાં ઝીલજો...
રહે ભાવે નિરખે આત્માય સહજભાવ જો.
કેટલુંયે કેવડું આકાશ ઉઘડે.

o

*Sow an act, reap a habit.*
*Sow a habit, reap a character.*
*Sow a character, reap a destiny.*

## આત્મવિચારનું પદ

કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ...(૧)
દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, વંદન હો અગણિત. ...(૨)
જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ. ...(3)
અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હું ય;
એવો લક્ષ થયા વિના, સાધન કરશે શું ય ?...(૪)
પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર. ...(૫)

## અરિહંત - પરમનિધાન

જેહ ધ્યાન અરિહંત કો, સોહિ જ આતમધ્યાન,
ફેર કછું ઇણ મેં નહીં, સોહિ જ પરમનિધાન. ...(૧)
અરિહંત અરિહંત સૌ કહે, દિલ સેં કહે ન કોઈ,
એકવાર દિલ સેં કહે, આવાગમન ન હોઈ. ...(૨)
પરમ પંચ પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન,
ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો જિનભાણ. ...(3)

ह्रीं ॐ नँ अर्हं नँ नँ अर्हं नँ ॐ ह्रीं

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૧૭)**

રાગી, દુષ્ટ, મૂઢ તથા પૂર્વવ્યુદ્ગ્રાહિત - આ ચાર વ્યક્તિઓ ધર્મ પામવા માટે અયોગ્ય છે. મધ્યસ્થ હોય, તે ધર્મ માટે યોગ્ય છે.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૨૭)**

અંગુઠા અને આંગળીથી માળાના મણકા હલાવતાં ક્રમશઃ જાપનો લાભ આ પ્રમાણે થાય છે : અંગુઠાથી જાપ કરે તો મોક્ષપ્રાપ્તિ, પહેલી આંગળી કે તર્જનીથી જાપ કરે તો સર્વજનપ્રિયત્વની પ્રાપ્તિ, બીજી આંગળી કે મધ્યમાથી જાપ કરે તો શાંતિની પ્રાપ્તિ, ત્રીજી આંગળી કે અનામિકાથી જાપ કરે તો વશીકરણ થાય, ચોથી આંગળી કે કનિષ્ઠાથી જાપ કરે તો આકર્ષણ થાય. - ભૈરવ પદ્માવતી કલ્પ

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૪૦)**

'પદાર્થ અનિત્ય છે' એવી માન્યતાવાળી વ્યક્તિ માળા કરમાયે પણ શોક ન કરે, 'પદાર્થ નિત્ય છે' એવી માન્યતાવાળી વ્યક્તિ ઘડો ફૂટે તો પણ શોક કરે છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૬૭)**

ચિંતાને ચિતા સમાન કહી છે. બંને શબ્દમાં માત્ર બિંદુ કે અનુસ્વાર જ વધારે છે પણ ચિંતા સજીવ કે જીવતાને બાળે છે, જ્યારે ચિતા નિર્જીવ કે મરેલાને બાળે છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૬૯)**

શાશ્વત, નિરંજન, સર્વ ઈચ્છિતને આપનાર, શૂન્યસ્વરૂપ દેવને હું નમસ્કાર કરૂં છું.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૭૭)**

પરમમંત્રના ફળની પ્રાપ્તિ થયા પછી પણ આ જ મંત્ર સેવવો જોઈએ. આ લોક અને પરલોકમાં ઈચ્છિત ફલની સિદ્ધિ માટે પંચ પરમેષ્ઠિ મંત્રથી શ્રેષ્ઠ મંત્ર કોઈ હતો નહીં, છે નહીં અને થશે નહીં. ઈચ્છિત આપનાર કામધેનુ અને પાપરૂપી વૃક્ષને બાળવામાં અગ્નિ સમાન આ મંત્ર હોતે છતે દ્રષ્ટ અને અદ્રષ્ટ ફલ માટે પરમમંત્ર સિવાય બીજી શું જરૂર પડે?

### પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૧૧૨)

'હું દેહ છું' એવી બુદ્ધિથી થતું પાપ કરોડો ગાયના વધ સમાન છે.
'હું આત્મા છું' એવી બુદ્ધિથી થતું પુણ્ય થયું નથી તથા થશે નહીં.

### પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૧૩)

જેણે ઈન્દ્રિયનિગ્રહ કર્યો નથી, એવા જીવને જ્ઞાન નથી અને ભાવના પણ નથી અને ભાવના વિનાના જીવને શાંતિ નથી. અશાન્તને સુખ કયાંથી હોય?

### પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૧૫)

સંયત આત્મા સર્વ સંકલ્પોનો ત્યાગ કરીને, નિર્વિકલ્પ સમાધિ પામીને તાત્ત્વિક આનંદ મેળવે છે.(૧) ચંચલ મનધારી આમ-તેમ ભમતો રહે છે, માટે આત્માના ધ્યાન સિવાય તે સ્થિરતા પામતો નથી.(૨) ચિત્ત વશ કરે છતે સર્વ વશ થયેલું જાણ. ચિત્તને વશ કરવા માટે સર્વ ઉપાયો કહેલા છે.(૩) જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય અને આનંદના ઘર સમાન સર્વશક્તિમય આત્મારામ સદા ધ્યાન કરવા યોગ્ય છે.(૪)

- રત્નચતુષ્ટય

### પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૨૦)

પોતાના અર્થ પૂરતાં જ સત્ય પરંતુ પરીક્ષા કરતાં નિષ્ફળ થનારા નયોમાં જેનું મન સમાન રહે છે, તે મધ્યસ્થ આત્મા મહામુનિ છે.

### પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૨૩)

મનને જીતનાર જગતને જીતે છે. જમીન ઉપર જોઈને પગ મૂકવો, પાણી ગાળીને પીવું, વાણી સત્ય બોલવી અને પવિત્ર મનથી જીવવું.

### પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૨૪)

કારણ વિના જ ક્રિયા કરાય તે દર્પિકા કહેવાય, કારણે કરાય તે કલ્પિકા કહેવાય.

- વ્ય.ભા.ઉ.૧, ગા.૩૮ ટીકા

### પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૨૫)

અધ્યાત્મ અને ભાવનાથી મુક્તિ થાય છે, ફક્ત તપ કે અજ્ઞાનના નાશથી મુક્તિ થતી નથી તથા ઈચ્છા અટકી જવાથી પણ મુક્તિ થતી નથી. તેથી જીવે આધ્યાત્મિક બનવું જોઈએ. ઈચ્છારૂપી મેલરહિત આત્મજ્યોતિ શાશ્વત છે.

## પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૪૬)

બ્રહ્માનંદસ્વરૂપ, પરમસુખને આપનાર, માત્ર જ્ઞાનસ્વરૂપ, દ્વંદ્વાતીત, આકાશ સમાન, 'તત્ત્વમસિ' આદિથી ઓળખાતા, એક, નિત્ય, વિમલ, અચલ, સર્વ બુદ્ધિને સાક્ષીભૂત, ભાવાતીત, ત્રિગુણરહિત - એવા તે સદ્‌ગુરૂને હું નમસ્કાર કરૂં છું.

## પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૮૭)

હણાય નહીં તે અહમ્, 'સ્વ' ને હણે તે સ્વાહા. પરબ્રહ્મ તે પ્રકૃષ્ટ આત્મસ્વરૂપ છે. નિર્વિકાર ચૈતન્ય તે જ બ્રહ્મ છે. ગુણ અને પર્યાયવાળું હોય તે 'દ્રવ્ય' કહેવાય.

## પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૮૯)

દુઃખી પ્રત્યે અત્યંત દયા, ગુણવાન પ્રત્યે અદ્વેષ અને સૌ પ્રત્યે ઔચિત્યનું આસેવન - તે ધર્મનાં લક્ષણો છે.

## પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૯૭)

પ્રકાશના પૂંજ જેવો, આખા વિશ્વ ઉપર ઉપકાર કરનાર, સદા આનંદ અને સુખથી પૂર્ણ એવો શ્રીમાન્ પોતાનો આત્મા હંમેશા ધ્યાન કરવા યોગ્ય છે. શુદ્ધ સ્ફટિક સમ, 'સર્વજ્ઞ' ગુણથી ભૂષિત, પરમાત્માની કલાથી યુકત એવો પોતાનો આત્મા મનીષિઓએ ધ્યાન કરવા યોગ્ય છે.


## પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૯૯)

રાગ-દ્વેષાદિ મલરૂપી કલંકથી રહિત, નિષ્કલંક, નિરંજન, કોઈપણ કલાને ધારણ નહીં કરનારો, નિર્વિકલ્પ, 'હું અને પરમાત્મા - બંને એક છીએ, જુદાં નથી' આવું માનતો, નિર્મોહી, નિર્મદ, નિઃસ્વ, દિવ્ય, શોકરહિત, માનને મર્દન કરનાર, વિરાગી, મદરહિત, મહાસત્ય, અત્યંત સરળ (એવો આત્મા છે).




ઉપર દશવિલ ૪ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૬૯ -૧૯૭૦ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

અહીં સરળ ઈશ્વરનો સાક્ષાત્કાર.




'યોગ' શબ્દનો એક અર્થ
તાદાત્મ્ય સ્થાપિત કરવું તે છે.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in